Peer Reviewed Journal **Journal of Social Science** ISSN 2319-3522

# સમાજકારણ

**સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે**
**વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક**

**વર્ષ : 16** **જાન્યુઆરી 2022** **અંક : 1**

**અનુક્રમ**


| | | | |
|---|---|---|---|
| 1. | દેશના યુવાનોની દશા અને દિશા કઈ તરફ ? | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 2. | એક સમાજશાસ્ત્રીનું ઘડતર : ડૉ. વિમળભાઈ પી. શાહ (V. P. Shah)ની સાથે એક મુલાકાત | ડૉ. વિદ્યુતભાઈ જોષી<br>ડૉ. ધીરુભાઈ દેસાઈ | 05 |
| 3. | ગુજરાતના સમાજશાસ્ત્રમાં યાત્રા : એક સમાજશાસ્ત્રીની શૈક્ષણિક તથા વ્યાવસાયિક કથા | ડૉ. જયપ્રકાશ ત્રિવેદી | 14 |
| 4. | સમાજશાસ્ત્રી પ્રો. કે. એમ. કાપડિયાનું સમાજશાસ્ત્રમાં પ્રદાન (૧૯૦૮-૧૯૬૭) | પ્રો. મનુભાઈ એચ. મકવાણા | 39 |
| 5. | બિનસાંપ્રદાયિકતા અને મહાત્મા ગાંધીની સર્વધર્મ-સમભાવની વિભાવના | ડૉ. હરિભાઈ એમ. પટેલ | 41 |
| 6. | 'પ્રાથમિક શિક્ષણના વિકાસમાં - સર્વ શિક્ષા અભિયાન મિશનનું યોગદાન - એક અભ્યાસ' | ડૉ. બાદર કુરેશી | 47 |
| 7. | 'નિવૃત્તિ શુભેચ્છા સમારોહ' ૩૭ વર્ષની સુદીર્ઘ યશસ્વી શૈક્ષણિક સફર કરી, વયમર્યાદાથી નિવૃત્ત થતાં સમાજશાસ્ત્રનાં પ્રોફેસર ડૉ. ચંદ્રિકા રાવલ | ડૉ. શૈલજા ધ્રુવ | 58 |


**ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર**

# સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, આશ્રમરોડ, અમદાવાદ - 380009

**સંપાદક : ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**



**: સંપાદકીય સમિતિ :**

**વિદ્યુત જોષી** (પરામર્શક, સમાજશાસ્ત્ર) **હેમંત શાહ** (પરામર્શક, અર્થશાસ્ત્ર)
**થોમસ પરમાર** (પરામર્શક, ઇતિહાસ) **પ્રશાંત દવે** (પરામર્શક, તત્ત્વજ્ઞાન-મનોવિજ્ઞાન)
**ધર્મેશ ઝાલા** (પરામર્શક, રાજ્યશાસ્ત્ર)



**લેખ મોકલવા માટેનું સરનામું :** ૩, શ્રીરામ બંગલો, મણિનગર પોલીસ સ્ટેશન સામે, જલ સરોવર ફ્લૅટની બાજુમાં, રામબાગ, મણિનગર, અમદાવાદ-380008. ફોન : 9879278128 email : bjbrahmbhatt1@yahoo.co.in



**ગુજરાત સામાજિક સેવામંડળ કારોબારી સમિતિ**

| | | |
|---|---|---|
| 1. | પ્રોફે. ધીરુભાઈ દેસાઈ | પ્રમુખ |
| 2. | ડૉ. હેમંતકુમાર શાહ | મંત્રી |
| 3. | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| 4. | પ્રોફે. વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| 5. | પ્રોફે. થોમસભાઈ પરમાર | સભ્ય |
| 6. | પ્રોફે. ચંદ્રિકાબહેન રાવલ | સભ્ય |
| 7. | પ્રોફે. મહેશભાઈ ગામીત | સભ્ય |
| 8. | પ્રોફે. રમેશભાઈ મકવાણા | સભ્ય |
| 9. | ડૉ. આનંદભાઈ આચાર્ય | સભ્ય |


**ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ**

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ : આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.**

**મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1000/-**

## 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. એપ્રૂવલ પણ મેળવનાર છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

જે મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ છે અને સમય પૂરો થઈ ગયો છે તેઓને નવું લવાજમ ભરી દેવા (રિન્યુ કરાવવા) નમ્ર અપીલ છે.

**વાર્ષિક લવાજમ રૂ. 100/-**

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ • A/c No. : 200210100002590

• બૅંકનું નામ : Bank Of India • શાખા : Ashram Road Branch, Ahmedabad

• IFC Code BKID0002000 • બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

**સંપાદકીય** — ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

## 'દેશના યુવાનોની દશા અને દિશા કઈ તરફ ?'

૧૨ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતીએ યુવાદિવસ ઊજવાય છે - એ સંદર્ભમાં આજે આપણે ભારતના અને ગુજરાતના યુવાનોની દશા અને દિશા કઈ તરફ છે, તેની સમીક્ષા કરવાની સ્વાભાવિક ઇચ્છા થાય. કારણ કે યુવાનો સમાજનું અગત્યનું અંગ છે, એ અંગ કેટલું તંદુરસ્ત અને કાર્યશીલ છે, તેના દ્વારા સમાજની કાર્યશીલતા અને પ્રગતિનો ખ્યાલ આવે છે. આપણે યુવાનોની દશા અને દિશા જોઈએ તે પહેલાં યુવાઓની ખાસિયતો જોઈએ તો જણાય છે કે યુવા એટલે શારીરિક અને માનસિક રીતે પરિપક્વતા સાથે સાહસ અને નવું કરવાની અદમ્ય ઇચ્છા ધરાવે છે. શરીરની સાથે આદર્શો પણ યુવાન હોય છે. આદર્શ માટે કંઈ પણ કરવાની તૈયારી, યુવાન એટલે ચહકતાં થીરકતાં ધમધમતાં યુવક-યુવતી. યુવાનોનું એક મહત્ત્વનું લક્ષણ છે કે તેઓ ખૂબ ઉષ્માભર્યા સંબંધો બાંધે છે. જેટલી ઝડપે સંબંધ બાંધે છે તેટલી જ ઝડપે સંબંધ તોડી નાખે છે એટલે કે hook-up – break-up વધુ જોવા મળે છે, યુવાન તૂટી જાય પણ ઝૂકી ન જાય. પડકાર ઝીલવો, પડકાર શોધવો એ તેની લાક્ષણિકતા છે. યુવા દિવસે અને ખુલ્લી આંખે સપનાં જુએ છે. કેટલાક પ્રસંગોએ તેઓ ઉત્સાહપૂર્વક શ્રમપ્રધાન કાર્ય કરે છે તો ક્યારેક આળસ અને નિષ્ક્રિયતા પણ દર્શાવે છે. આમ યુવાનો અત્યંત આશાવાદથી નિરાશાવાદ સુધીનું દૃષ્ટિબિંદુ ધરાવતા જોવા મળે છે.

youth of today, Nation of fomrrow આ ઉક્તિ સાચી એટલા માટે છે કે રાષ્ટ્ર કે રાજ્યની કરોડરજ્જુ યુવાનો છે અને રાષ્ટ્રની કાર્યક્ષમતા યુવકોને આધારે નક્કી થાય છે. કોઈ પણ સમાજનું ભાવિ જોવું હોય તો જે તે સમાજમાં યુવાનોની સ્થિતિ કેવી છે તે જોઈ લેવી સમાજના ભાવિનો અંદાજ આવી જશે. ભારત યુવાનોનો દેશ છે તે હકીકત છે, પરંતુ ભારતના યુવાનોની દશા અને દિશા શું છે; તે જોતાં આઘાતજનક ચિત્ર જોવા મળે છે. કારણ કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતના યુવાનોના માનસિક સ્વાસ્થ્ય અંગે ત્રીજી વાર ચેતવણી ઉચ્ચારી છે કે ભારતીય યુવાનોની માનસિક સ્વાસ્થ્ય - જાળવણી માટેના વિશેષ ઉપાયો પ્રયોજવામાં નહીં આવે તો દેશનું સમગ્ર યુવાધન અધિક તનાવગ્રસ્ત થઈ જશે. એમાંય કોરોનાકાળમાં યુવાનોમાં તણાવ અને હતાશા અને બીજી ભયંકર માનસિક બીમારીઓ વધી છે; એટલું જ નહીં, યુવાનોમાં આત્મહત્યાનું પ્રમાણ પણ વધ્યું છે. કુલ આત્મહત્યાદરમાં ૪૦% લોકો ૨૫થી નીચેની વય ધરાવનાર યુવાનોએ આત્મહત્યા કરી છે જે ચિંતાજનક કહેવાય. યુવાનોનું માત્ર માનસિક સ્વાસ્થ્ય જ નહીં, શારીરિક સ્વાસ્થ્ય પણ બગડવા લાગ્યું છે. દેશના યુવક-યુવતીઓને ફાસ્ટફૂડનું એટલું બધું આકર્ષણ છે કે તેઓ ભૂલી જ ગયા છે કે આ રસ્તો આરોગ્ય માટે કેટલો ખતરનાક છે. જંકફૂડ આરોગવાથી યુવાનોનાં શરીર કથળી રહ્યાં છે અને લોહીનાં ઊંચા દબાણ - બ્લડપ્રેશરના ભોગ બની રહ્યા છે. શ્રમવિહીન બેઠાડું જીવનશૈલી એ યુવાનોમાં મધુપ્રમેહ(ડાયાબિટીશ)નો રોગ પણ ઘર કરવા માંડ્યો છે. આ ઉપરાંત યુવાનોમાં નશાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. વિવિધ નશીલા પદાર્થના સેવનની ટેવને લીધે શરીર અને કારકિર્દી - બંનેને ખતમ કરે છે, ઉપરાંત યુવાનોમાં વ્યસનોનું પ્રમાણ વધ્યું છે. ટૂંકમાં ભારતીય યુવાનોના આહાર-વિહાર અને જીવનશૈલી જ એવી છે કે તેઓ યૌવનનો ઢાળ ઊતરે તે પહેલાં વિવિધ રોગોને આમંત્રણ આપી દે છે. સ્વાસ્થ્યની બાબતમાં ભારતીય યુવાનોની જિંદગી ઠેબે ચડેલી દેખાય છે. આ પરિસ્થિતિમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ ઉચ્ચારેલી ચેતવણી તરફ નિયમ પ્રમાણે જ કેન્દ્ર કે રાજ્ય સરકાર કોઈ વિશેષ યુવા આરોગ્ય યોજના દ્વારા ધ્યાન આપે એવી કોઈ શક્યતા નથી. માટે જગતને જગાડવા નીકળેલા યૌવનના થનગનાટે અત્યારે તો પ્રથમ સ્વયં જાગવાની કટોકટ જરૂરત ઊભી થઈ છે.

બીજી સમસ્યા ભણેલા અભણોની સમસ્યા છે, એટલે કે ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરેલ કરોડો યુવક-યુવતીઓને

જૉબ ન મળતી હોવાની બૂમાબૂમ છે. દેશમાં ઊંચી બેરોજગારી છે તે વાત તદ્દન સાચી, પરંતુ જૉબ ન મળવા પાછળ શૈક્ષણિક યોગ્યતા અને કુશળતાના અભાવનું મૂલ્યાંકન કરવાનો ઉપક્રમ કોઈ હાથ નથી ધરતું. યુવાનોમાં આળસ અને પ્રમાદ હાવી થઈ ગયા છે. દેશમાં યુવાવર્ગમાં વિદ્યાવૃત્તિ ધરાવતો વર્ગ બહુ નાનો છે. મોટા ભાગના ભણેલા અભણની વ્યાખ્યામાં આવે છે. તેમની આંખમાં મનોરંજનના રંગો અંજાયેલા છે, એટલે તેમની દૃષ્ટિ પોતાના વર્તમાન કે ભવિષ્ય જોઈ શકતી નથી. લૉકડાઉન વખતે હાથમાં પુસ્તક લઈને બેઠેલો યુવાન કોઈએ આડોશ-પડોશમાં જોયો હોય તો ધનભાગ્ય. મોબાઈલ ફોન નામક એક યંત્ર દેશના કરોડો યુવાનોને રમાડે છે અને તેમના હાથમાંથી જિંદગીના ઘડતરના મહામૂલાં વરસો પડાવી લે છે. જ્યારે ભાન થાય છે ત્યારે એક યુગ વીતી ગયો હોય છે. દેશની લગભગ તમામ વિદ્યાશાખાઓમાં આ પરિસ્થિતિ છે કે વિદ્યાર્થીને ભણવાની ચાનક ચડતી જ નથી. સહુ ભણવા ખાતર ભણે છે, પરીક્ષા આપવા ખાતર આપે છે અને નોકરી શોધવા ખાતર શોધે છે, એટલે છેવટે આ ત્રણેયના ખાતરથી કોઈ પણ ફસલ તૈયાર થતી નથી અને જિંદગીનાં ખેતરો ખુલ્લાં વેરાન રહી જાય છે.

યુવકો ગજબની નિર્ણયશક્તિ ધરાવે છે. જેઓ ભારતના ભવિષ્યને કંડારવાની ગજબનાક ક્ષમતા ધરાવે છે, પરંતુ તેઓ રાહ ભટકી ગયા છે. જે સમયે કસરત કરીને શરીર બનાવવાનું હોય કે વિદ્યામાં નિપુણતા મેળવવાની હોય કે કૌશલ્યો પ્રાપ્ત કરવાનાં હોય ત્યારે તેનાથી વિપરીત આળસુ જીવનશૈલી અપનાવી મોબાઈલ પાછળ સમય વેડફે છે, જે ખૂબ જ ચિંતાજનક અને આઘાતજનક પણ છે. પરંતુ આ માટે આપણે માત્ર ચિંતા કરીને કે ચર્ચા કરીને બેસી રહેવું જોઈએ નહિ. આ પરિસ્થિત બદલાવ લાવવા બધાએ જાગવું પડશે; એટલું જ નહી, તે માટે સૌએ સક્રિય પણ થવું પડશે. યુવાનોને સાચા રસ્તે વાળવા વાલી, શિક્ષક અને સમાજના હિતેચ્છુઓ યોજના બનાવી અસરકારક કાર્યક્રમો દ્વારા યુવાનોને પ્રોત્સાહન આપવું પડશે. યુવાનોને સમજાવવું પડશે કે સમયની કિંમત સમજી, આળસ ખંખેરી બીજાના પગલે ચાલવાના બદલે હંમેશાં પોતાની કેડી કંડારવી જોઈએ. સાથે જ બદલાતી દુનિયાના બદલાતા યુવાનોની સમસ્યાઓને માતા-પિતા, શિક્ષકો અને સમાજ કાર્યકરોએ નવી દૃષ્ટિએ જોવાનો સમય આવી ગયો છે. એ રીતે આપણે તેઓની દશા અને દિશામાં બદલાવ લાવી શકીશું.

સૌને નવા વર્ષની મંગલ શુભ કામના...

ડૉ. વિદ્યુતભાઈ જોષીએ બધા લેખોનું પરામર્શન કરી તેમજ પ્રો. જયપ્રકાશભાઈનાં લેખનું સંપાદન કરી આપ્યું તેથી મને કાર્યભારમાં ઘણી રાહત મળી છે. હું તેમનો આભાર છું.

જગતને જેણે હલાવી નાખ્યું એવી બે વ્યક્તિની વાત કરીએ. એક છે ભગવાન બુદ્ધ, જે યુવાન વયે બધું છોડીને, રાજ છોડીને, સંસાર છોડીને ચાલી નીકળ્યા અને જગતને એક નવો રાહ દેખાડ્યો. બીજા સ્વામી વિવેકાનંદ, જેમણે બળવાન બનો, સાહસવીર બનો એમ કહ્યું. એમણે તો એમ પણ કહ્યું કે મંદિરમાં જવાની જરૂર નથી, ફૂટબૉલના મેદાન પર જાઓ. શરીરને દઢ કરો. ધર્મની વ્યાખ્યા એમણે બદલી. સર્વધર્મ-સમન્વયની એમણે વાત કરી. એમણે યુવાનોને એમ પણ કહ્યું કે તમે મંદિર જવાને બદલે વિધવાના આંસુઓ લૂછો. દરિદ્રનારાયણ શબ્દ છે, જે ગાંધીજીએ વધારે પ્રચલિત કર્યો. સૌથી પહેલા આ દરિદ્રનારાયણ શબ્દ જો કોઈએ આપ્યો હોય તો એ વિવેકાનંદ છે કે ગાંધીજી છે ? આ દરિદ્રનારાયણની સેવા કરો, દરિદ્રનારાયણમાં દેવ જુઓ, ઈશ્વર જુઓ, એમ કહેનાર સ્વામી વિવેકાનંદ હતા. યુવાનોએ આ વાત યાદ રાખવી જોઈએ.

## એક સમાજશાસ્ત્રીનું ઘડતર :
## ડો. વિમળભાઈ પી. શાહ (V. P. Shah)ની સાથે એક મુલાકાત

– ડૉ. વિદ્યુતભાઈ જોષી
– ડૉ. ધીરુભાઈ દેસાઈ

(ડૉ. વિમળભાઈ પી. શાહ એ ભારતના અને ગુજરાતના જાણીતા સમાશાસ્ત્રી છે, તેઓનું રિસર્ચમેથડમાં આંકડાશાસ્ત્રીય ઍપ્લિકેશન અને કમ્પ્યૂટરાઇઝેશન ખૂબ મોટું પ્રદાન છે અને ગુજરાત યુનિ.માં સમાજશાસ્ત્રવિભાગને શ્રેષ્ઠતાના શિખરે લઈ જવામાં અને ગુજરાતમાં સમાજશાસ્ત્રને મહત્ત્વ અપાવવામાં જેઓનું શ્રેષ્ઠ યોગદાન રહ્યું છે એવા શ્રી વિમળભાઈ શાહની, શ્રી વિદ્યુતભાઈ જોશી (પૂર્વકુલપતિ ભાવનગર યુનિ.) અને શ્રી ધીરુભાઈ દેસાઈ (નિવૃત્ત પ્રોફેસર, અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજ. યુનિ.) એ રૂબરૂ મુલાકાત લઈને તેમની શૈક્ષણિક કારકિર્દી અને વ્યાવસાયિક કાર્ય - અનુભવોની જાણકારી અંગે પ્રશ્નો કરતાં શ્રી વિમળભાઈએ પોતાના જ શબ્દોમાં જે માહિતી પૂરી પાડી તેનો પહેલો ભાગ આપણે અગાઉના અંકમાં જોઈ લીધો અને હવે તેમના જીવનના વધુ અનુભવો વિશે આગળ જોઈએ. - **ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**)

### મુલાકાત ભાગ-૨

**વિદ્યુતભાઈ :** વિમળભાઈ તમારા આવ્યા પછી ગુજરાતના સમાજશાસ્ત્રમાં એક પરિવર્તન આવ્યું. દા. ત. પહેલા અનુભવવાદમાં સંખ્યાત્મક પ્રયુક્તિઓનું આટલું બધું મહત્ત્વ ન હતું. તમે આવ્યા અને જે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો રિસર્ચ અભ્યાસ કર્યો અને આખી દિશા બદલાઈ ગઈ, તે અંગે અમને જાણકારી આપશો ?

**વિમળભાઈ :** પ્રો. સુવેલે મને વિસ્કોન્સિન પ્રોજેક્ટના ડેટાનો ઉપયોગ કરીને પીએચ.ડી. થીસિસ કરવા માટે કહ્યું તે વખતે મને અમદાવાદના વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યાવસાયિક આકાંક્ષાના અભ્યાસ માટે ભારત મોકલશે તેવું કહ્યું હતું તે પ્રમાણે તેમણે મને ગ્રાન્ટ આપી. હું છ મહિના માટે અમદાવાદ આવ્યો અને મેં અમદાવાદમાં 11મા ધોરણ(એસ.એસ.સી.)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ કર્યો. આ માટે અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં આવેલી માત્ર વિદ્યાર્થીઓ, માત્ર વિદ્યાર્થિનીઓ અને સહશિક્ષણ આપતી નિશાળોમાંથી રેન્ડમ સેમ્પલની પદ્ધતિ પ્રમાણે કુલ 54 નિશાળો પસંદ કરી હતી. તેમાંથી 52 નિશાળોએ સહકાર આપ્યો હતો. પસંદ થયેલી નિશાળના આચાર્યની સાથે અગાઉથી નક્કી કરેલા દિવસે અને સમયે વર્ગમાં હાજર રહેલા બધા વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નાવલિ દ્વારા સમૂહમાં માહિતી એકઠી કરવામાં આવી હતી. કુલ 5201 ઉત્તરદાતા હતા. ઉપરાંત નિશાળના રેકૉર્ડમાંથી બધા ઉત્તરદાતાના 10મા ધોરણની વાર્ષિક પરીક્ષાના માર્ક્સ મેળવવામાં આવ્યા હતા. માહિતીનું કોડિંગ કર્યા પછી ગુજરાત યુનિવર્સિટી કમ્પ્યૂટર સેન્ટરમાં કી-પંચિંગ કરાવ્યું અને કેલિકો મિલના કમ્પ્યૂટરની મદદથી મૅગ્નેટિક ટેપ પર ડેટા ટ્રાન્સફર કર્યા હતા. માહિતીનું વિગતવાર પૃથક્કરણ મેં વિસ્કોન્સિન પાછા ફર્યા પછી કર્યું હતું. આ અભ્યાસ અંગે એક સંશોધન પેપર 1971માં પ્રસિદ્ધ થયું હતું. મને વિસ્કોન્સિન યુનિવર્સિટીમાં મારા આભ્યાસ અને સંશોધન કાર્ય ઉપરાંત સમાજશાસ્ત્ર વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અને પ્રો. સુવેલ સાથે નિકટમાં વિવિધ કામ કરવાની તક મળી, મારું ઘડતર થયું તેનો યશ ભારત પાછા ફર્યા પછી મેં કરેલા શૈક્ષણિક અને સંશોધન કાર્યને મળ્યો છે.

**વિદ્યુતભાઈ** : તમે ભારતમાં પાછા આવી કારકિર્દી - ક્ષેત્રે કેવી રીતે ગોઠવાયા ?

***વિમળભાઈ :** હું ભારત પાછા આવવા માટે ઈચ્છતો હતો; તે માટે અરજી કરતો હતો. દિલ્હીમાં શ્રીરામ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચમાં ઈન્ટરવ્યૂ આપ્યો. મને કોઈ ઑફર ન મળી. તે વખતે પ્રો. નારાયણ શેઠને પહેલી વાર મળ્યો હતો. ત્યારબાદ, કોલકાતા IIMમાં ઈન્ટરવ્યૂ આપ્યો. તેના ડાયરેક્ટર પ્રો. કૃષ્ણમોહને મને અધ્યાપક તરીકે ઑફર આપવાની તૈયારી

બતાવી, પરંતુ હું પહેલી વાર કોલકાતા ગયો હતો એટલે કે ગમે તેમ મને કોલકતામાં રહેવા માટે મન ન થયું અને મેં ના પાડી. હું ત્યાં પ્રો. અલઘને પહેલી વાર મળ્યો; તેમણે મને અમદાવાદમાં સ્થપાયેલી સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકૉનૉમિક ઍન્ડ સોશિયલ રિસર્ચની વાત કરી હતી, જેની મને જાણ ન હતી. હાર્વર્ડ યુનિવર્સિટીમાં અમદાવાદની IIMમાં અધ્યાપકની જગ્યા માટે બોસ્ટનમાં ઇન્ટરવ્યૂ આપ્યો. હું ત્રણ મહિનામાં મારું વિન્સકોન્સિનમાં ચાલુ કામ પૂરું કરીને હાજર થઈ શકું તેમ ન હતો એટલે મને ઑફર ન મળી. ભારતમાં નોકરી મેળવવા માટે મારા પ્રયત્નો ચાલુ હતા. તેવામાં પ્રો. સુવેલ જાપાન જતાં રસ્તામાં નવી દિલ્હી રોકાયા હતા. તેમને ફોર્ડ ફાઉન્ડેશનના ભારત સરકાર સાથે કુટુંબનિયોજનના પ્રોજેક્ટ માટે અમેરિકામાં અભ્યાસ કરીને પાછા આવવા ઇચ્છતા હોય તેવા ભારતીય વિદ્યાર્થીઓ માટેના એક પ્રોગ્રામની તેમને જાણ થઈ; તેમણે મને ફૉર્મ મોકલી આપ્યું. મને રસ પડ્યો, મેં ફૉર્મ ભરીને મોકલી આપ્યું. પ્રો. સુવેલ અમેરિકા પાછા આવ્યા ત્યારે તેમણે મને કહ્યું કે ફોર્ડ ફાઉન્ડેશનના ભારતના પ્રતિનિધિ ડૉ. દગલાસ એન્સમિન્ગર શિકાગો આવશે ત્યારે મને ઇન્ટરવ્યૂ માટે બોલાવશે. હું ઇન્ટરવ્યૂ કૉલની રાહ જોતો હતો તેવામાં એક દિવસ મારા ઉપર ડૉ. એન્સમિન્ગરનો ફોન આવ્યો કે ‘વિમલ, તું ક્યારે જોડાય છે?’ મને નવાઈ લાગી; મેં કહ્યું ‘હું ઇન્ટરવ્યૂ માટેના કૉલની રાહ જોઉં છું.’ તેમણે કહ્યું, ‘પ્રો. સુવેલની ભલામણ છે; કોઈ ઇન્ટરવ્યૂની જરૂર નથી. તું આવવા તૈયાર છે?’ મેં હા પાડી અને તેમણે મને ઍપોઈન્ટમેન્ટ લેટર મોકલી આપ્યો. હું 1969ના ડિસેમ્બર માસમાં ફોર્ડ ફાઉન્ડેશન, નવી દિલ્હીમાં પ્રોગ્રામ ઍસોશિયેટ તરીકે જોડાયો.

મારે દિલ્હીમાં ભાડાનું ઘર શોધવાનું હતું. મને સાઉથ એક્સ્ટેન્શન ભાગ-2માં એક બે બેડ રૂમ (બાથરૂમ સાથે), ડ્રૉઇંગ-ડાઇનિંગ, રસોડું, ગૅરેજ, 24 કલાક ઠંડા-ગરમ પાણીની સગવડવાળું ઍપાર્ટમેન્ટ ભાડે મળ્યું અને મેં મારી જરૂરિયાત પ્રમાણે ફર્નિચર, વાસણ વગેરેની ખરીદી કરી રહેવાનું શરૂ કર્યું, ત્યાં સુધી હું ગુજરાત ભવનમાં રહ્યો. વળી, મને હું મારી સાથે ફૉરેન એક્સ્ચેન્જમાં મૂડી લાવ્યો હોવાથી મને ફિયાટ કાર ત્રણ અઠવાડિયામાં મળી અને મારું દિલ્હીમાં જરૂરી સગવડ સાથે રહેવાનું શરૂ થયું.

ફોર્ડ ફાઉન્ડેશને મને ભારત સરકારના National Family Planning Instituteમાં કામ માટે મૂક્યો. ત્યાં મારું કામ મુખ્યત્વે કરીને કુટુંબ નિયોજનના ક્ષેત્રમાં સામાજિક સંશોધન કરવા રિસર્ચ ગ્રાન્ટ માટે જે અરજીઓ આવે તે તપાસી સમિતિ સમક્ષ મારો વિગતવાર અભિપ્રાય આપવાનું હતું. આ કાર્યક્રમ નવો હતો. આવેલી અરજીઓમાં સંશોધન પદ્ધતિની દૃષ્ટિએ ઊણપો જોવા મળે, તેને કારણે અરજી નામંજૂર કરવાનું મને ઠીક ન લાગતું. એટલે હું પ્રત્યેક અરજીની ઊણપો દર્શાવ્યા પછી તે બધી કઈ રીતે દૂર કરી શકાય અને ફરીથી પ્રસ્તાવ કરવા માટેના માર્ગદર્શન સાથે નોંધ કરતો હતો. મારા આ અભિગમની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા માટેની સમિતિએ પ્રસંસા કરી. વળી, દક્ષિણ ભારતમાં મદુરાઈ ડિસ્ટ્રિક્ટના ગાંધીગ્રામ ખાતે ફોર્ડ ફાઉન્ડેશનની સહાયથી રૂરલ હાયર ઇન્સ્ટિટ્યૂટના અધ્યાપકો માટે ચાર અઠવાડિયાનો Research Methods and Statistical Analysis in Social Sciences પર એક વર્કશૉપ ચલાવવાની જવાબદારી ફોર્ડ ફાઉન્ડેશને મને સોંપી, જે મેં એક અમેરિકન પ્રોફેસરે સાથે મળીને પૂરી કરી. ટૂંકમાં, હું મારા કામમાં ગોઠવાયો હતો.

થોડા મહિના બાદ તારાબહેન દિલ્હી આવેલાં મને ત્યાં સારી રીતે રહેતો જોઈ આનંદ પામ્યાં, પરંતુ ફોર્ડ ફાઉન્ડેશનની સગવડ જોઈને મને કહે કે ‘અહીં અને અમેરિકાની સગવડમાં કોઈ ખાસ તફાવત નથી; જો મોડાવહેલા પણ ભારતમાં કોઈ યુનિવર્સિટીમાં કામ કરવું હશે તો તમને ફાવશે નહિ, માટે મારે બીજી કોઈ નોકરી વહેલી તકે શોધવી જોઈએ.’ વધુમાં તેમણે ઉમેર્યું કે ગુજરાત યુનિવર્સિટીમાં રીડરની જગા ખાલી છે, અરજી

કરવાની છેલ્લી તારીખ વીતી ગઈ છે, પરંતુ જો યુનિવર્સિટી મને ઇન્ટરવ્યૂ માટે બોલાવે ત્યારે હું અમદાવાદ ઇન્ટરવ્યૂ આપવા તૈયાર હોઉં તો મને ખાસ કેસ તરીકે ઇન્ટરવ્યૂ માટે બોલાવવા, યુનિવર્સિટીને લખવા તેઓ તૈયાર છે. ફોર્ડ ફાઉન્ડેશન સાથે મારો પાંચ વર્ષ માટેનો કૉન્ટ્રેક્ટ અને પગાર વગેરેનો તફાવત જોતાં હું આ નોકરી છોડવા ઉત્સાહિત ન હતો, પરંતુ અમદાવાદમાં કામ કરવાની આવી તક જલદી મળે નહિ તેવી ગણતરીએ મેં હા પાડી. તારાબહેને યુનિવર્સિટીને લખ્યું, મેં ઇન્ટરવ્યૂ આપ્યો અને મારી પસંદગી થઈ. મેં રાજીનામું મૂક્યું તે મારા સહકાર્યકરો તથા ઉપરીઓને યોગ્ય ન લાગ્યું પરંતુ મારી માબાપ સાથે રહેવાની અને ગુજરાત યુનિવર્સિટીમાં તારાબહેન જેવા પ્રોફેસરના હાથ નીચે કામ કરવાની મારી ઇચ્છાની ગણતરીએ પગારનો તફાવત મારે માટે અગત્યનો નથી તેમ કહી રાજીનામું પાસ કરવા માટે આગ્રહ કર્યો. મારું રાજીનામું મંજૂર થયું. મને નાણાકીય રીતે મદદરૂપ થવાના હેતુથી અમારા વિભાગના ઉપરી ડૉ. જિમ ગોડાર્ડે મને વૅકેશન દરમિયાન ફોર્ડ ફાઉન્ડેશનમાં ત્રણ મહિના consultant તરીકે કામ કરવા માટે નિમણૂક આપી. હું ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના રીડર તરીકે જોડાયો. ત્યારબાદ મેં યુનિવર્સિટીની પરવાનગી માગી, પરંતુ યુનિવર્સિટીએ મને માત્ર પાંચ દિવસ માટે રજા આપી. આવા ટૂંકા સમયમાં કોઈ એક કામ થઈ શકે નહિ એટલે હું consultant તરીકે કામ કરી શક્યો નહિ.

**ભૂપેન્દ્રભાઈ :** સર,તમો અમેરિકાની સારી આવક અને સુવિધાયુક્ત જિંદગી છોડી ભારત પાછા કેમ આવ્યા ?

**વિમળભાઈ :** મારા પીએચ.ડી.ના અભ્યાસકાર્ય માટે ૬ મહિના ભારત આવ્યો ત્યારે મને અહીં જે કામ કરવામાં મદદ મળી હતી તે અને આવા કાર્યની મને અહીં વધુ જરૂર હોવાનું જણાયું. બીજું કે હું કુટુંબમાં સૌથી મોટો હોવાથી મારે કૌટુંબિક જવાબદારી નિભાવવી જરૂરી હતી. હા, હું ત્યાં રહ્યો હોત તો આર્થિક રીતે વધુ નાણાં મોકલી શક્યો હોત, પરંતુ માતા-પિતા સાથે રહેવાની અદમ્ય ઇચ્છા મને ખેંચી લાવી. બીજી એક વાત કે ત્યાં રહ્યો હોત તો ત્યાંના કલ્ચરમાં ઊછરેલી યુવતી સાથે લગ્ન કરવા પડત અને એ બાબત લગ્નજીવનમાં વિસંવાદનું કારણ વહેલામોડા બને તે હું જાણતો હતો એટલે મને ત્યાં રસ ઓછો પડ્યો.

હા, હું ભારત પાછો આવ્યો તે પછી પણ મારે વિવિધ કારણોસર અમેરિકા જવાનું થતું જ રહેતું હતું પણ મેં જોયું કે અહીંયાં બધા મને ખૂબ મદદરૂપ બનતા એટલું જ નહીં મારામાં વિશ્વાસ મૂકી કેટલાંક અગત્યનાં કાર્યોની જવાબદારી મને સોંપાઈ તે મને કરવાં જરૂરી પણ લાગ્યાં. આમ કુટુંબીજનો પ્રત્યેનો પ્રેમ સહકર્મચારીઓનો આત્મીયભાવ અને કરવાનાં કાર્યોની અગત્યતા અને સંસ્થાઓના સહકારને કારણે મેં મારું ગ્રીનકાર્ડ ૬ વર્ષ પછી પાછું આપી દીધું અને અહીં સ્થાયી થઈ ગયો.

**ધીરુભાઈ :** તમે ગુજરાત યુનિવર્સિટીમાં કરેલી કામગીરી અને અનુભવ અંગે જણાવશો ?

**વિમળભાઈ :** હું ગુજરાત યુનિવર્સિટીમાં ઑક્ટોબર, 1970માં જોડાયો, ત્યાર પછી તરત જ મને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવાની તક મળી અને મને અહીં ગોઠવાઈ જવાની એક સ્વાભાવિક પ્રક્રિયા જ બની ગઈ. મારા યુનિવર્સિટીમાં જોડાયા પછી ત્રણ જ મહિનામાં કાઉન્સિલ ફોર સોશિયલ રિસર્ચના પ્રમુખ ડૉ. દુર્ગાબાઈ દેશમુખે અમદાવાદમાં Population Policy and Programmes અંગે Western Regional Conference બોલાવવા માટે નાણાકીય સહાય આપી. મેં ફોર્ડ ફાઉન્ડેશનની મદદથી પ્રોગ્રામને લગતા વિવિધ ચાર્ટ બનાવરાવી એક માહિતી - સભર પ્રદર્શન પણ ગોઠવ્યું હતું. મારા કામથી ડૉ. દુર્ગાબાઈ દેશમુખ, આમંત્રિત વિદ્વાનો, તારાબહેન તથા યુનિવર્સિટી - બધાને સંતોષ થયો. સમાજવિદ્યા ભવન તથા યુનિવર્સિટીના એડમિનિસ્ટ્રેશનનો પણ ઘણો સહકાર મળ્યો. આવી કૉન્ફરન્સ અંગેનું કામ કરવાનો મારો આ પ્રથમ અનુભવ

હતો. મારા આ અનુભવના આધારે તારાબહેને બીજા જ વર્ષે All India Sociology Conference નું આયોજન કર્યું અને ડિપાર્ટમેન્ટે તે કામ પણ સફળતાપૂર્વક પાર પાડ્યું. ગુજરાત સરકારની નાણાકીય સહાયથી મેં Untouchability In Gujarat પર એક સેમિનાર યોજ્યો. તેમાં આમંત્રિત વિદ્વાનોના લેખો અગાઉથી મેળવી, એડિટ કરી, છપાવી બધાને વહેંચવામાં આવ્યા. સેમિનાર ખૂબ સફળ થયો. આવી કૉન્ફરન્સમાં ભારતભરના ઘણા સામાજશાસ્ત્રીઓએ ભાગ લીધો હતો. તેમાંના ઘણા સાથે પરિચયમાં આવવાની મને તક મળી. હું વિસ્કોન્સિનની માફક મોડા કે રજાના દિવસે પણ કામ કરી શકું એવી સવગડ પણ મને મળી; મને મારા કામથી સંતોષ થયો.

મને એમ.એ. ભાગ 1ના વિદ્યાર્થીઓને સંશોધન પદ્ધતિઓ શીખવવાનું સોંપવામાં આવ્યું. મને તેના અભ્યાસક્રમમાં સુધારાવધારા કરવાની જરૂર જણાઈ. મારો ગાંધીગ્રામમાં એક વર્કશૉપ કરવાનો અનુભવ હતો. હું આઈ.સી.એસ.આર.ની કમિટી ઑન ટ્રેનિંગનો સભ્ય હતો, તેના મૉડલ અભ્યાસક્રમને અનુલક્ષીને મેં SYBA, MA I, તથા MA IIના સામાજિક સંશોધનપદ્ધતિઓના અભ્યાસક્રમમાં સુધારાવધારા સૂચવ્યા, જે તારાબહેનના પ્રયત્નોથી યુનિવર્સિટીએ સ્વીકાર્યા અને 1971ના શૈક્ષણિક વર્ષથી મેં નવો અભ્યાસક્રમ શીખવવાની શરૂઆત કરી. હું સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ ઉપરાંત ગ્રામીણ સમાજશાસ્ત્ર, શિક્ષણનું સમાજશાસ્ત્ર અને સામાજિક સ્તરરચનાના અભ્યાસક્રમો શીખવતો હતો. મારી કારકિર્દી દરમિયાન અધ્યાપન અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન ઉપરાંત મારી શૈક્ષણિક કામગીરીના મુખ્યત્વે ત્રણ પ્રવાહો હતા : (1) સ્થાનિક સંશોધનસંસ્થાઓનાં સંશોધનકાર્યમાં સહકાર (2) સામાજિક સંશોધનપદ્ધતિઓના તાલીમ કાર્યક્રમોમાં ભાગ અને (3) મારું સંશોધનકાર્ય. આ ત્રણે પ્રકારનું કામ સાથોસાથ ચાલતું હતું.

**વિદ્યુતભાઈ** : તમે અન્ય સંશોધનસંસ્થાઓમાં કરેલી કામગીરી અને સંશોધનકાર્યમાં ભજવેલી ભૂમિકા અંગે જણાવશો ?

**વિમળભાઈ :** મારી સમગ્ર કારકિર્દી દરમિયાન અને સ્થાનિક સંશોધન સંસ્થાઓ સાથે કામ કરવાની ઘણી તક મળી. 1973માં પ્રો. યશપાલે મને બોલાવ્યો. તે વખતે ઇસરોને નાસા તરફથી એક વર્ષ માટે ATSF સેટેલાઇટ વાપરવા મળવાનો હતો તેના અનુસંધાનમાં જે SITE પ્રોગ્રામ શરૂ કરવાનો હતો તેના સામાજિક મૂલ્યાંકન માટેનો સંશોધન પ્લાન તૈયાર કરવા મને વાત કરી. મેં સહર્ષ આ કામ કન્સલ્ટન્ટ તરીકે કરવા સંમતિ આપી; મેં એક વર્ષનો સામાજિક સંશોધન પ્લાન તૈયાર કર્યો, નાસાની ટીમ સમક્ષ રજૂ કર્યો અને તે મંજૂર થયો. આ પ્રોજેક્ટ પછી પણ ઇસરોના સામાજિક સંશોધન અંગેના કામ સાથે હું વિવિધ રીતે સંકળાયેલો રહ્યો અને નિવૃત્ત થયા પછી મેં તેના DECU વિભાગ સાથે રહીને ઝાબુહા જિલ્લામાં પ્રસારિત કરવામાં આવતા ટી.વી. કાર્યક્રમને પરિણામે આવેલા સામાજિક-આર્થિક-શૈક્ષણિક પરિવર્તન અંગેના પ્રોજેક્ટ પર કામ કર્યું. સ્કૂલ ઑફ પ્લાનિંગની શરૂઆત થઈ ત્યારે પ્રો. ક્રિસ બેનિનજર સાથે મળીને વિદ્યાર્થીઓ માટેના સમાજશાસ્ત્રના અભ્યાસક્રમની રૂપરેખા તૈયાર કરી. મેં તથા વિભાગના અન્ય અધ્યાપકોએ સ્કૂલ ઑફ પ્લાનિંગમાં સમાજશાસ્ત્રનું એક પેપર લગભગ બે વર્ષ સુધી ત્યાં સમાજશાસ્ત્રના લેક્ચરરની નિમણૂક થઈ ત્યાં સુધી શીખવ્યું હતું. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકૉનૉમિક એન્ડ સોશિયલ રિસર્ચમાં પ્રો. લાકડાવાલાસાહેબના કહેવાથી થોડા સમય સુધી કામ કર્યું તે દરમિયાન પ્રો. અતુલ શર્મા અને ભાનુબહેન પરીખ સાથે ગુજરાત રાજ્યમાં શરૂ કરેલા Adult Education Programme અંગે અભ્યાસ કર્યો હતો. ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ એરિયા પ્લાનિંગ (અને હવે ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ રિસર્ચ) સાથે શરૂઆતથી સંકળાયેલો હતો અને તેના વિવિધ સંશોધનકાર્યક્રમોમાં જોડાયો હતો. નિવૃત્ત થયા પછી પ્રો.

પ્રવીણ વિસારિયા અને પ્રો. નારાયણ શેઠ સાથે મળીને શ્રી પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય કાર્યક્રમનો અભ્યાસ કર્યો હતો. તાલીમ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર પ્રો. બિનોદ અગ્રવાલ સાથે મતદારોનાં વલણો અંગેના ઘણા અભ્યાસોમાં સાથ આપ્યો હતો. જ્યોતિસંઘ તથા સેવાનાં સંશોધનકાર્યમાં કાર્યકરોની તાલીમ તથા ડેટાના કૉમ્પ્યુટરાઇઝેશન અને પૃથક્કરણમાં અવારનવાર મદદ કરવાની તક મળી હતી.

**ધીરુભાઈ : તમે સંશોધન પદ્ધતિશાસ્ત્રને પ્રોત્સાહન આપવાં જે ઘણાં કાર્ય કર્યાં તે અંગે થોડી જાણકારી આપશો ?**

**વિમળભાઈ :** આઈ.સી.એસ.આર.ની નાણાકીય સહાયથી મેં એક આઠ અઠવાડિયાંની Research Methods and Statistical Analysis in Social Sciences ઉપર એક વર્કશૉપ કરી. તેમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ, સંશોધકો તથા અધ્યાપકોએ ભાગ લીધો. સમાજશાસ્ત્ર વિભાગના બધા અધ્યાપકોએ તેમાં અધ્યાપન કાર્ય વગેરે પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. વર્કશૉપમાં ભાગ લેનારા સૌને Research Methodsનાં કેટલાંક પાઠ્યપુસ્તકો આપવામાં આવ્યાં હતાં; ઉપરાંત બધાં વ્યાખ્યાનો અને ચર્ચાની વિગતવાર નોંધ પણ વહેંચવામાં આવી હતી. આ વર્કશૉપ બધાંને શૈક્ષણિક દૃષ્ટિએ ઘણી ફળદાયક લાગી. એટલે, બીજે વર્ષે યુ.જી.સી.ની નાણાકીય સહાયથી આવી એક વર્કશૉપ વિભાગના સર્વ સભ્યોના સહકારથી કરવામાં આવી હતી. વધુમાં, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝ, મુંબઈ, સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત વગેરે સંસ્થાઓએ યોજેલી આવી વર્કશૉપમાં મેં રિસોર્સ પર્સન તરીકે પણ ભાગ લીધો હતો.

સામાજિક શાસ્ત્રોમાં સંશોધનપદ્ધતિઓ અંગેનાં મારા અધ્યાપનકાર્ય દરમિયાન મારા ધ્યાનમાં એક બાબત આવી કે આ વિષય પરનાં પુસ્તકોમાં મુખ્યત્વે પશ્ચિમના વિકસિત દેશોનાં ઉદાહરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો વિકસતા તથા અલ્પવિકસિત દેશોનાં ઉદાહરણોનો પાઠ્યપુસ્તકોમાં ઉપયોગ કરવામાં આવે તો સંશોધન પદ્ધતિની આંટીઘૂંટીની વિદ્યાર્થીઓને યથાર્થ સમજ પડવામાં સહાય મળે. આ અરસામાં, નસીબજોગે મારે Agricultural Council of New Yorkના South-east Asiaના પ્રતિનિધિ ડૉ. બ્રાયન્ટ કર્લ (જેઓને હું મારા અભ્યાસ દરમિયાન વિસ્કોન્સિન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે ઓળખતો હતો)ને મળવાનું થયું. મેં તેમને મારા આ વિચાર અંગે વાત કરી, તેમને મારું સૂચન પસંદ પડ્યું; તેમણે South-east Asia ના જુદા જુદા દેશોના સામાજિક શાસ્ત્રોના અધ્યાપકો/વિદ્વાનોને નિમંત્રીને એક સેમિનારનું આયોજન કર્યું. તેમાં આ સૂચન અંગે વિગતવાર ચર્ચાવિચારણા થઈ. પરિણામે, સામાજિક શાસ્ત્રોની સંશોધનપદ્ધતિઓના શિક્ષણમાં South-east Asiaના દેશોના અનુભવોને અનુલક્ષીને યોગ્ય ઉદાહરણો સામેલ કરવામાં આવે તેવું સાહિત્ય તૈયાર કરવા માટેની યોજના તૈયાર થઈ. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, ફિલિપાઇન્સ, ઇન્ડોનેશિયા, થાઇલૅન્ડ વગેરે દેશોના અધ્યાપકોના એક ગ્રૂપની રચના કરવામાં આવી અને તૈયાર કરેલા અભ્યાસક્રમના જુદા જુદા ભાગો ઉપર બધાએ લખેલી નાની નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી. મેં Research Design અને Reporting Research પુસ્તિકાઓ લખી હતી. આ પુસ્તિકાઓ ભારતમાં ચાલતા વિવિધ તાલીમ - કાર્યક્રમોમાં વહેંચવામાં આવી હતી.

યુનેસ્કોના South-East Asiaના પ્રતિનિધિ ડૉ. યોગેશ અટલ પણ South-east Asiaના દેશોમાં સામાજિક સંશોધનને વધારે સંગીન બનાવવાના એક ઉપાય તરીકે સામાજિક સંશોધનપદ્ધતિઓ ઉપર બે-ત્રણ અઠવાડિયાંના તાલીમ વર્કશૉપ યોજતા હતા. તેઓને મારા આ અંગેના અનુભવની જાણ થઈ; તેમણે મને તેમના કાર્યક્રમમાં સહ-અધ્યાપક તરીકે જોડાવા આમંત્રણ આપ્યું. અમે બંનેએ સાથે મળીને બૅંગકોક, મનિલા, સોલ, હેનોઈ, કોલંબો, દિલ્હીમાં Social Science Research Methods, Computerization of data and

Statistical analysis ને આવરી લેતા વર્કશૉપ કરી. છેલ્લે, Use of computer in India Universities ના કૅનેડાની રજાઈના યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીના એક સંયુક્ત પ્રોજેક્ટના આશ્રયે મેં Computerization of data and use of SPSS programme package for multivariate statistical analysis ઉપર અમદાવાદમાં એક પાંચ દિવસના વર્કશૉપમાં અધ્યાપનકાર્ય કર્યું.

**વિદ્યુતભાઈ :** તમે પોતે ઘણાં મહત્ત્વનાં સંશોધનો કર્યાં છે તો તેની થોડીક વિગત જણાવશો ?

**વિમળભાઈ :** મારા પોતાના સંશોધનકાર્યની વાત કરતાં પહેલાં ગુજરાત તથા અખિલ ભારતીય કક્ષાએ સંશોધન કાર્યક્રમોમાં ભાગ લેવાની મને જે તક મળી તેની ટૂંકમાં વાત કરીશ. ગુજરાતમાં નર્મદા નદી ઉપર સરદાર સરોવર બંધના પ્રોજેક્ટની શરૂઆત થવાની સાથે તેને પરિણામે અસરકર્તા લોકોના સામાજિક-આર્થિક અભ્યાસ કરવાની આવશ્યકતા ઊભી થઈ. આ અંગે બ્યૂરો ઑફ સ્ટેટિસ્ટિક્સના વડા શ્રી પી.બી.બૂચ સાથે યોજનાનો ડ્રાફ્ટ તૈયાર કર્યો. સામાજિક સંશોધન અંગેના નર્મદા પ્લાનિંગ ગ્રૂપના સભ્ય તરીકે કામ કર્યું અને કાળક્રમે, નર્મદા કંટ્રોલ ઑથૉરિટીના રિસર્ચ ઍન્ડ રિહેબિલિટેશન સમિતિના સભ્ય તરીકે શરૂઆતથી કામ કર્યું. ગુજરાત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ/કોમ નક્કી કરવા માટે નીમેલા બક્ષી પંચના આશ્રયે ગુજરાતમાં કરવામાં આવેલા સામાજિક સર્વેક્ષણના આયોજન, સંશોધન મદદનીશોની તાલીમ તથા ડેટાના કમ્પ્યૂટર ઍનાલિસિસમાં મદદ કરી. આઈ.સી.એસ.આર. તરફથી સમગ્ર ભારતમાં હાઈસ્કૂલ તથા કૉલેજમાં અભ્યાસ કરતા શિડ્યુલ કાસ્ટ તથા શિડ્યુલ ટ્રાઈબના વિદ્યાર્થીઓનો એક અભ્યાસ પ્રો. આઈ. પી. દેસાઈની રાહબરી નીચે સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ સેન્ટરના ઉપક્રમે કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ માટે સમગ્ર ભારતમાં જુદાં જુદાં રાજ્યોમાં થઈને 14 અનુસૂચિત જાતિના અને 14 અનુસૂચિત જનજાતિના અભ્યાસ માટે કુલ 28 પ્રોજેક્ટ ડાયરેક્ટર હતા. તેમની મારફતે તેમના વિસ્તારમાંથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકઠી કરવામાં આવતી. તેનું કોડિંગ સુરતમાં થતું અને કમ્પ્યૂટરાઇઝેશન અમદાવાદમાં કરવામાં આવતું. હું કમ્પ્યૂટર આઉટ-પુટની એક નકલ પ્રો. દેસાઈસાહેબને અને એક નકલ જે તે પ્રોજેક્ટ ડાયરેક્ટરને મોકલતો હતો. જુદાં જુદાં રાજ્યોની પેટા જાતિ અને જનજાતિનાં નામો ઉમેરીને આઉટ-પુટનો ઉપયોગ કરી ટેબલ તૈયાર કરવા તથા આંકડાશાસ્ત્રીય ટેસ્ટ માટે કયા માપદંડની પસંદગી કરવી તે અંગેની માર્ગદર્શિકા સાથે મોકલતો હતો. આ અભ્યાસના ડેટાનું કમ્પ્યૂટરાઇઝેશન અને પૃથક્કરણનું કામ મેં ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યૂટર સેન્ટર અને પી.આર.એલ.ના કમ્પ્યૂટર સેન્ટરની મદદથી કર્યું હતું. જ્યારે જુદા જુદા પ્રોજેક્ટ ડાઈરેક્ટરના રિપોર્ટ આવ્યા ત્યારે જોવા મળ્યું કે કેટલાકને સ્ટેટીસ્ટિકલ પૃથક્કરણ કરવાનું ફાવ્યું ન હતું અને માત્ર મેં મોકલેલા આઉટ-પુટ સીધેસીધા રિપોર્ટમાં મૂકી દીધા છે. આથી તેમના રિપોર્ટમાં સુધારા-વધારા કરવાના આશયથી ટાટા ઇન્સ્ટિટ્યૂટમાં એક ત્રણ અઠવાડિયાનો વર્કશૉપ ચલાવ્યો. પરંતુ તે અમારી ઇચ્છા પ્રમાણે ફળીભૂત ન થયો. આ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની મને ઘણી તક મળી, અનુભવ મળ્યો અને ઘણા વિદ્વાનોના પરિચયમાં આવવાનું બન્યું. છેવટે મેં બધા પ્રોજેક્ટની માહિતીને સમગ્ર ભારતના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના હાઈસ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રશ્નોનો વિગતવાર ખ્યાલ આવે એવા કોઠાના આધારે એક રિપોર્ટ તૈયાર કર્યો, જે એલાઇડ પબ્લિશર્સે પ્રસિદ્ધ કર્યો છે.

મારાં બધાં સંશોધનોના રિપોર્ટ છપાયેલા છે, એટલે તે બધાંની વાત કરવાની જરૂર નથી; માત્ર કેટલાક અભ્યાસો અંગે ટૂંકમાં વર્ણન કરીશ. (મારાં પ્રકાશનોની યાદી છેલ્લે આપી છે.) મારો મુખ્ય રસ સામાજિક સ્તર - રચના અને તેમાં ખાસ કરીને શૈક્ષણિક

અને વ્યાવસાયિક આકાંક્ષા અને પ્રાપ્તિ સાથે સંકળાયેલાં પરિબળોનો અભ્યાસ કરવામાં આવેલ છે. યુનિવર્સિટીમાં જોડાયા પછી તરત જ અનુસૂચિત જાતિ અને જનજાતિમાં શિક્ષણના પ્રમાણ અંગે ઉપલબ્ધ માહિતીનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓમાંથી કોણે પોસ્ટ-મૅટ્રિક સ્કૉલરશિપનો લાભ લીધો છે તે જાણવામાં હતો. આ માટે નવેસરથી સર્વેક્ષણ કરવાને બદલે મેં અને તારાબહેને સમાજકલ્યાણ વિભાગનો સંપર્ક કરી આ પ્રકારના અભ્યાસ માટે તેઓ અમને વિદ્યાર્થીઓએ ભરેલાં મૂળ ફૉર્મ્સ આપશે એવી બાંહેધરી મેળવી અને ત્યારબાદ આઈ.સી.એસ.આર.ને સંશોધન ગ્રાન્ટ માટે અરજી કરી. આ પ્રકારની અમારી તૈયારીને પરિણામે અમારી અરજી જલદીથી મંજૂર થઈ. અમે ઉપલબ્ધ માહિતીના આધારે 1967-68થી 1971-72ના પાંચ વર્ષના ગાળા દરમિયાન શું પરિવર્તન આવ્યું છે તે જાણવા માટે બધાં ફૉર્મ્સ મેળવવાનો પ્રયત્ન કર્યો. સરકારી તંત્રમાં કોઈ રેકૉર્ડ ફેંકી દેવામાં આવતો નથી તેમ તેની ભાગ્યે જ ક્રમાનુસાર સાચવણી કરવામાં આવે છે તેનો અમને અનુભવ થયો. આ વર્ષો દરમિયાન સમાજકલ્યાણ વિભાગની ઑફિસ જુદી જુદી જગાએ લઈ જવામાં આવી હતી તેમ તેનો જૂનો રેકૉર્ડ પણ ક્યાં છે તેની માહિતી મેળવવાનું મુશ્કેલ હતું. પરંતુ તારાબહેનના સતત પ્રયત્નોને પરિણામે અમે 82.51% અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનાં અને 92.30% અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનાં ફૉર્મ્સ મેળવી શક્યા હતા. આ અભ્યાસનું મુખ્ય તારણ એ હતું કે આ યોજનાનો લાભ અમુક જ જાતિ (વણકર, ગરોડા, માહ્યાવંશી અને રોહિત/સામગર/નાલિયા) અને જનજાતિ(ધોડિયા, ચોધરી, ભીલ, ધોગરી ગરાસિયા અને ગામિત)ના વિદ્યાર્થીઓએ મોટે ભાગે લીધો છે, જ્યારે 28 જાતિ અને 23 જનજાતિમાંથી એક પણ વિદ્યાર્થીએ તેનો લાભ લીધો ન હતો. આ પાછળનાં કારણો અંગે અત્રે ચર્ચા કરતો નથી; મારો મુખ્ય હેતુ ઉપલબ્ધ માહિતીના ઉપયોગ અંગેનું એક ઉદાહરણ આપવાનો જ છે.

હવે, એક સર્વેક્ષણ અંગે વાત કરીશ. 1961થી 1971ના વસ્તીગણતરીના અહેવાલોના અભ્યાસ પરથી અમને જાણવા મળ્યું કે અખિલ ભારત તથા ગુજરાતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય વર્ગોના લોકોમાં સાક્ષરતા, નિશાળમાં દાખલ થવાના અને શિક્ષણપ્રાપ્તિ અંગેના આંકડામાં ઘણો તફાવત છે અને આ તફાવત પુરુષ-સ્ત્રી વચ્ચે તેમજ ગામડાં-શહેરો વચ્ચે મોટા પ્રમાણમાં છે અને જેમ જેમ શિક્ષણના ઉચ્ચસ્તર તરફ જઈએ તેમ તેમ આ તફાવત વધતો જાય છે. અમે ઉપલબ્ધ માહિતીના આધારે જે ચિત્ર ઊપસ્યું તેના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતના આદિવાસીઓનો અભ્યાસ કરવા માટે ગુજરાત સરકાર પાસે ગ્રાન્ટની અરજી કરી અને તે મંજૂર થઈ. ગુજરાતના 72% આદિવાસીઓ ટ્રાયબલ સબ-પ્લાન વિસ્તારમાં રહેતા હતા, એટલે અમે આ વિસ્તારના જે 32 તાલુકામાં આદિવાસી વસ્તી 50% ટકા કરતાં વધુ હતી તેનો અભ્યાસમાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો. અમારી એક ઉપકલ્પના એ હતી કે જે ગામમાં બિનઆદિવાસીઓની વસ્તી વધારે હોય અને સગવડ વધારે હોય તેવા ગામના આદિવાસી વિદ્યાર્થીઓ પણ બિનઆદિવાસીઓનું અનુકરણ કરીને વધારે શિક્ષણ મેળવવા પ્રેરાય. અમારો હેતુ આ તાલુકાનાં ગામડાંનું રેન્ડમ અને રિપ્રેઝન્ટેટિવ સૅમ્પલ મેળવવાનો હતો. અમે બધાં ગામડાંમાં ઉપલબ્ધ સગવડના અંક નક્કી કર્યા અને પ્રત્યેક તાલુકામાંથી એક ગામ જે જેનો વિકાસ - અંક ઊંચો હોય, પરંતુ આદિવાસી વસ્તી ઓછી હોય અને બીજું ગામ કે જેનો વિકાસદર નીચો પણ આદિવાસી વસ્તી વધારે હોય તે રીતે રૅન્ડમ સૅમ્પલની પસંદગી કરી. અમે કુલ 64 ગામોનાં 15861 ઘરોની માહિતી મેળવી. તેના આધારે સ્તરિત સૅમ્પલ પદ્ધતિનો ઉપયોગ કરીને પ્રત્યેક ગામમાંથી ઓછામાં ઓછાં 10 ઘરની પસંદગી એવી રીતે કરી કે જેથી સેમ્પલમાં બધી મોટી આદિવાસી જાતિનો સમાવેશ થાય. અમે કુલ 864 ઘરની પસંદગી કરી. અમે સંશોધન મદદનીશોને તાલીમ આપી.

મુલાકાત અનુસૂચિનું 19 તાલુકાનાં 22 ગામોના જુદા જુદા 19 આદિવાસી જાતિના ઉત્તરદાતાઓની મુલાકાત દ્વારા પૂર્વ-પરીક્ષણ કર્યું. આ અભ્યાસમાં શ્રી ધીરુભાઈ દેસાઈએ શરૂઆતથી મદદ કરી. આદિવાસી વિસ્તારમાં માહિતી એકત્રીકરણ અને દેખરેખ રાખવાનું કામ કેટલું મુશ્કેલ છે તેનો મને જાત અનુભવ થયો.

**ધીરુભાઈ :** તમારી સમાજશાસ્ત્રની અભ્યાસયાત્રા અંગેનો અનુભવ અને અન્ય વિગતો સાથેના અનુભવ વિશે જણાવશો ?

**વિમળભાઈ :** મારી સમાજશાસ્ત્રની અભ્યાસયાત્રા પ્રો. તારાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થઈ. તેઓ મારાં મેન્ટર હતાં. તેમણે મને અમેરિકા અભ્યાસ કરવા માટે પ્રેરણા આપી. વિસ્કોન્સિન યુનિવર્સિટીના મુક્ત વાતાવરણ અને પ્રો. સુવેલની પ્રેરણા, માર્ગદર્શન અને મદદને પરિણામે મારા અભ્યાસનું વિસ્તરણ થયું. તારાબહેનની સમયસરની ટકોરને લીધે ફોર્ડ ફાઉન્ડેશનની નોકરી છોડીને ગુજરાત યુનિવર્સિટીમાં જોડાવાનું અને કામ કરવાનું સદ્ભાગ્ય મળ્યું.

અમદાવાદમાં શરૂઆતથી જ વિવિધ સંશોધન સંસ્થાઓ સાથે સંકળાવાની અને કામ કરવાની તક મળી. મોટે ભાગે તારાબહેનના ત્યાં રહેતો હોવાથી તેમને ત્યાં જે સમાજશાસ્ત્રીઓ આવતા તે બધા સાથે પરિચયમાં આવવાનો અને વિચારવિનિમય કરવાનો લાભ મળતો. ડૉ. કાપડિયાને તો હું વિદ્યાર્થી હતો ત્યારે પહેલી વાર મળેલો અને તે પછી અમેરિકા જતાં અને ત્યાંથી પાછા વળતાં પણ તેમની સાથે મારા અનુભવોની વાત કરવાનું બન્યું હતું. પ્રો. આઈ.પી.દેસાઈ તારાબહેનને ત્યાં ઘણી વાર રહેવા આવતા અને તેમની સાથેની વાતચીતમાં સમાજશાસ્ત્રીય ઉપરાંત એક પ્રકારની કોઠાસૂઝથી સામાજિક પ્રશ્નોને જોવાની તેમની આગવી રીત પ્રેરણાદાયી હતી. હું સ્ટેટિસ્ટિકલ રીતે ડેટાનું અર્થકરણ કરું ત્યારે તે તેને વાસ્તવમાં જોવાનો પ્રયત્ન કરતા. પ્રો. ગોરે પણ અમદાવાદમાં આવતા ત્યારે શક્ય હોય ત્યારે તારાબહેનને ત્યાં રોકાતા. મારે ટાટા ઇન્સ્ટિટ્યૂટમાં તેમના કારણે જ અવારનવાર જવાનું બનતું અને તેમના ઠીક ઠીક નિકટના પરિચયમાં આવવાનું બન્યું હતું. આઈ.સી.એસ.આર.ના પ્રોજેક્ટમાં સાથે કામ કરવાથી ડૉ. સુમા ચિટનિસનો પણ પરિચય થયો. અમદાવાદમાં, ઇસરો પ્રો. યશપાલ, પ્રો. ચિટનિસ, ડૉ. સુભાષ જોષી, ડૉ. બિનોદ અગ્રવાલ, બી.એસ.ભાટિયા, સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટના પ્રો. લાકડાવાલા, પ્રો. અલઘ, આઈ.આઈ.એમ.ના પ્રો. નારાયણ શેઠ, પ્રો. ગાયકવાડ, પ્રો. રવિ ધોળકિયા અને જી.આઈ.ડી.આર.ના પ્રો. પ્રવીણ વિસારિયા, ડૉ. લીલાબહેન વિસારિયા અને પોપ્યુલેશન કાઉન્સિલના અનિરુદ્ધ જૈન વગેરે સાથે કામ કરવાની જે કાંઈ થોડી ઘણી તક મળી તેનાથી મારી કારકિર્દીનું ઘડતર થયું. પ્રો. અક્ષુભાઈ દેસાઈ અને ડૉ. નીરાબહેન દેસાઈને તો મુંબઈ અવારનવાર મળતો. આ બધા મહાનુભાવોનો ઉલ્લેખ કરવાનો મુખ્ય હેતુ એક જ કે તેમના પરિચયને કારણે મારી વિચારવાની અને કામ કરવાની પદ્ધતિનું ક્ષેત્ર વિસ્તર્યું હતું. સમાજવિદ્યા ભવનની ટી ક્લબ, સમાજશાસ્ત્રના અધ્યાપકોની માસિક મિટિંગ વગેરેને કારણે સ્થાનિક કક્ષાએ સામાજિક શાસ્ત્રોના અધ્યાપકો સાથે આંતરક્રિયાઓ અને આંતર-સંબંધોની અમૂલ્ય તક મળતી હતી. સમાજવિદ્યા ભવન અને યુનિવર્સિટીના સહકારથી વિવિધ સામાજિક સંશોધનસંસ્થાઓમાં કામ કરવાની તક અને સગવડ મળ્યાં. કોઈ કડવો અનુભવ ન થયો. કામ કરવાનો આનંદ મળ્યો. અમેરિકાથી પાછા આવ્યાનો કે ફોર્ડ ફાઉન્ડેશનની નોકરી છોડ્યાનો કદી અફસોસ ન થયો.

અમેરિકાથી પાછા આવ્યા પછી મહદઅંશે તારાબહેનને ત્યાં નિવાસ કર્યો. તેમના નિધન પછી તેમની ઇચ્છા અનુસાર તેમના ચૅરિટેબલ ટ્રસ્ટની યોજનાને કાર્યાન્વિત કરી તેના સેક્રેટરી તરીકે કામ કરું છું. તારાબહેનના ભત્રીજા ડૉ. અમિત પટેલ તેના પ્રમુખ છે; મારો ભાઈ નલિન સહમંત્રી તરીકે મદદ કરે છે.

**PUBLICATIONS :**

1. "Attitudinal Change and Traditionalism in the Hindu Family," *Sociology Bulletin*, March 1965:77-89
2. "Socioeconomic Status, Intelligence, And the Attainment of Higher Education, "*Sociology of Education*, Winter 1967:1-23 (Jointly with Wm. H. Sewell)
3. "Some Further Comments on Neighbourhood Context and College Plans: A Response to the Turner, Michael and Boyle Critiques," *American Sociological Review*, vol. 31, October 1966: 707-712 (Jointly with Wm. H. Sewell and J. Michael Armer)
4. "Social Class, Parental Encouragement, and Educational Aspirations, "*The American journal of Sociology*, Vol. 73, March 1968:559-572 (Jointly with Wm. H. Sewell)
5. "Parents' Education and Children's Educational Aspirations and Achievements, American Sociological Review, vol.33, April 1968: 191-209 (Jointly with Wm. H. Sewell)
6. "Family in India" in jeffrey K. Hadden and Marie L. Borgatta (eds.) *Marriage and the Family : A Comprehensive Reader*, Itasca, ill.: F.E. Peacock, Publishers Inc., 1969 : 81-92 (Jointly with Tara Patel)
7. "Social Class and Educational Aspirations in an Indian Metropolis," *Sociological Bulletin*, September 1972 : 113-133 (Jointly with Tara Patel and Wm. H. Sewell)
8. *Research Design*, Singapore : The Agricultural Development Council, New York, 1972 (Revised edition : Rachana Prakashan, Ahmedabad, 1977)
9. *Reporting Research*, Singapore : The Agricultural Development Council, New York, 1972 (Revised edition : Rachana Prakashan, Ahmedabad, 1977) : also translated in Bhasha

મારાં બહાદુર બાળકો ! મહાન કાર્ય કરવાને તમે સર્જાયા છો, એવી શ્રદ્ધા રાખો.

●

બળ એ જીવન છે, નિર્બળતા મૃત્યુ છે; બળ એ પરમ આનંદ છે, શાશ્વત અને અનંત છે.
નિર્બળતા એ કાયમી બોજો અને સંતોષ છે.

●

બાળપણથી જ બળવાન અને ઉપયોગી વિચારો તમારા મગજમાં ધારણ કરો.

●

**પ્રો. રમેશભાઈ મકવાણાને અભિનંદન**

ઑલ ઈન્ડિયા સોશ્યોલોજીકલ સોસાયટીની ડિસે-૨૧ના ઈલેકશનમાં ૬૧૪ મત મેળવી મેનેજિંગ કમિટીના સભ્ય તરીકે વિજેતા થયેલ ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી અને સરદાર પટેલ યુનિ.ના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર રમેશભાઈ મકવાણાને સમાજકારણ હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ગુજરાતના સમાજશાસ્ત્રમાં યાત્રા : એક સમાજશાસ્ત્રીની શૈક્ષણિક તથા વ્યાવસાયિક કથા

– ડૉ. જયપ્રકાશ ત્રિવેદી*

**પ્રસ્તાવના :**

સમાજશાસ્ત્રના એક વિદ્યાર્થી તરીકે ૧૯૭૩થી તથા સંશોધક અને અધ્યાપક તરીકે હું ૧૯૭૮થી ૨૦૧૭ના અંત સુધી આ વિષયને શ્વાસેશ્વાસે જીવનમાં ઉતારીને જીવ્યો છું. આ સંદર્ભમાં મારી આ સમગ્ર શૈક્ષણિક તથા વ્યાવસાયિક યાત્રાના વિવિધ પડાવો ઉપર સમાજશાસ્ત્ર કેવું લાગ્યું ? તેની સાથે જોડાયેલ ગુરુજનો, સમવયસ્ક અધ્યાપકો અને વિદ્યાર્થીઓના મને કેવા અનુભવો થયા ? મેં કેવા પરિસ્થિતિજન્ય તથા પરિવર્તનીય પ્રવાહો જોયા ? સમાજશાસ્ત્રીય સંશોધન અને શૈક્ષણિક કાર્યના પરિપ્રેક્ષ્ય અને પદ્ધતિશાસ્ત્રમાં કેવો બદલાવ આવ્યો ? તેને સમાજશાસ્ત્રના સ્થાન અને દરજ્જાના સંદર્ભમાં કેવા પ્રશ્નો અને પડકારો ઊભા કર્યા ? આથી આગળ વધીને સમાજશાસ્ત્ર વિષયનો મારા જીવન ઉપર શું પ્રભાવ પડ્યો ? હું શું હતો અને શું બન્યો અને નિવૃત્તિના સમયે કેવો રહી ગયો ? મેં શું પ્રાપ્ત કર્યું અને શું ચૂકી ગયો ? વગેરે અંગે મનોમન વિચારો આવ્યા. તેની અભિવ્યક્તિ આ લેખમાં કરું છું. આશા રાખું કે આપ સૌ વાચકો તેને મર્યાદાઓ સાથે સ્વીકારશો અને માનશો.

મારો જન્મ વડોદરા જિલ્લાના સાવલી ગામે મધ્યમ વર્ગીય ખડાયતા બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. મારું શાળાકીય શિક્ષણ સાવલીમાં જ થયું હતું.

**ઉચ્ચશિક્ષણમાં પ્રવેશ અને સમાજશાસ્ત્ર વિષયની પસંદગી અને અભ્યાસ :**

૧૯૭૨માં ઑલ્ડ એસ. એસ. સી.ની પરીક્ષામાં સેકન્ડ ક્લાસ સાથે પાસ થયો. તે સમયે સાવલીમાં કૉલેજ ન હતી. નજીકમાં આવેલ વડોદરા શહેરની મ. સ. યુનિવર્સિટીમાં બી.કૉમ અને બી.એ.માં પ્રવેશપત્ર ભર્યું હતું. યુનિવર્સિટીની નીતિ પ્રમાણે શહેર બહારનો વિદ્યાર્થી હોવાથી ટકા ઓછા પડતાં બી.કૉમ.માં પ્રવેશ ન મળતાં બી.એ.માં પ્રવેશ લેવો પડ્યો હતો. તે સમયે બી. કૉમ.માં પ્રવેશ લઈ બૅન્કમાં નોકરી મેળવવાની મારી ઇચ્છા હતી. પરંતુ મારા મોટા ભાઈની સાચી સલાહથી (આર્ટ્સના વિષયમાં માર્ક્સ સારા હોવાથી અને વડોદરાની યુનિવર્સિટીમાં ભણવું એક લહાવો છે.) મેં આર્ટ્સમાં ભણવા માટે મન મનાવી લીધું. ઇકૉનૉમિક્સ સાથે બી.એ. કરવાનું શરૂઆતમાં નક્કી કર્યું હતું અને સમાજશાસ્ત્ર વિષય તેની સાથેના ઝૂમખામાં આવેલો વિષય હતો. પરંતુ અહીં પણ ઇકૉનૉમિક્સમાં સ્ટેટિસ્ટિક્સના સ્વરૂપે ગણિત આવતું હોવાથી અને તેની બીકને કારણે બીજા વર્ષે તેને છોડી દીધું. રાજનીતિશાસ્ત્રમાં ઊંચામાં ઊંચા ગુણાંક હોવા છતાં સમાજશાસ્ત્રની મુખ્ય વિષય તરીકે પસંદગી કરી હતી. બી.એ.માં મીચેલ ડંકન, જ્હૉનસન, જ્હૉડા, ડેવીસ, ગુડ એન્ડ હેટ, દુબે, શ્રીનિવાસના પુસ્તકોનું અભ્યાસક્રમના ભાગરૂપે અધ્યયન કર્યું હતું, જેણે મારામાં સમાજશાસ્ત્ર વિષયનો પાયો નાખ્યો હતો. તૃતીય વર્ષ બી.એ.માં અભ્યાસક્રમની અંદર ધર્મ, રાજનીતિ, અર્થવ્યવસ્થા, મનોવિજ્ઞાન, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત અને સમાજવ્યવસ્થા જેવા વૈવિધ્યપૂર્ણ વિષયોનો સર્વગ્રાહી ખ્યાલ મેળવ્યો હતો. આ બધામાંથી સમાજશાસ્ત્રીય ખ્યાલો, સિદ્ધાંતો, સંશોધન તથા વિવિધ સામાજિક વિજ્ઞાનોનો પરિપ્રેક્ષ્યો અંગે વિસ્તૃત સમજ પ્રાપ્ત થઈ હતી.

એમ.એ.માં ઉપરોક્ત બાબતોનો વિસ્તારથી અભ્યાસ કર્યો. તે સમયે અભ્યાસ કાર્યમાં વર્ગશિક્ષણના ભાગ રૂપે જ પાઠ્યપુસ્તકો અને સંદર્ભગ્રંથોનો ગ્રંથાલયમાં જઈ અધ્યયન કરી તેમાંથી સંબંધિત જરૂરી વિગતો મેળવી તેને અધ્યાપકના વ્યાખ્યાનમાંથી પ્રાપ્ત મુદ્દાઓ સાથે જોડીને એક નોંધ તૈયાર કરવાની સાહજિક પદ્ધતિ મારામાં વિકસિત થઈ હતી. ક્યારેક ક્યારેક અધ્યાપકો દ્વારા સમકાલીન વિષય પર નિબંધ લખવાનું અસાઈન્મેન્ટ તથા દર મહિને

* નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સ. પ. યુનિવર્સિટી, વિદ્યાનગર, આણંદ.

પૂર્વ-ઘોષિત વિષય પર ટ્યૂટોરિયલ આપવાની પદ્ધતિએ મારો અને બીજા વિદ્યાર્થીઓનો ખૂબ જ વિકાસ કર્યો હતો. તેવી જ રીતે દર વર્ષે ઓછામાં ઓછી બે ફિલ્ડ વિઝિટમાં અધ્યાપકની સાથે જવાનું; સંસ્થા, ગામ કે કારખાનાની મુલાકાત લઈ લોકો, કાર્યકરો, ઉદ્યોગકારો, કામદારોની રૂબરૂ મુલાકાત લેવાની, અવલોકન કરવાનું અને વિઝિટનો અહેવાલ લખવાના કાર્યક્રમમાં મને ક્ષેત્રકાર્ય કરવાની, સંશોધનપદ્ધતિનો ઉપયોગ કરવાની, માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવાની અને તેને આધારે અહેવાલ લખવાની વ્યવહારુ તાલીમ મળી. આ બધી બાબતો પાછળથી મારા પોતાના એમ.ફિલ. અને પીએચ.ડી.ના શોધકાર્યને સફળતાપૂર્વક સંપાદિત કરી પૂર્ણ કરવામાં મને ખૂબ જ મદદરૂપ સાબિત થઈ હતી. આમ, સમગ્ર રીતે મ. સ. યુનિવર્સિટી અને ખાસ કરીને સમાજશાસ્ત્ર વિભાગમાંના મારા અભ્યાસ અને મારી કારકિર્દીને ઘડવામાં પાયાની ભૂમિકા ભજવી હતી. આની સાથે જ યુનિવર્સિટી જે વડોદરા શહેરમાં આવી હતી તેના શહેરી વાતાવરણે અને પંચરંગી વાતાવરણે મારું ગામડિયાપણું ઓછું કરી અને ઉદાર, મુક્ત, શોખીન અને સ્માર્ટ બનાવ્યો હતો. ખાસ કરીને રેસ્ટોરન્ટ્સ અને લારીગલ્લા ઉપર ચા-નાસ્તો કરવાનો અને વારંવાર ચલચિત્રો જોવાનો શોખ મારામાં વિકસાવી, તેની આદત પાડી હતી જે આજે ઘડપણની અવસ્થામાં પણ ચાલુ રહી છે.

તેવી જ રીતે સમાજશાસ્ત્ર વિભાગમાં તે સમયના સહપાઠીઓ અને અધ્યાપકોના બનેલા એક મીલીયુ-એક ચોક્કસ વાતાવરણ પૂરું પાડી મારા ઉપર વિશિષ્ટ પ્રભાવ પાડ્યો હતો. અન્ય દેશો તથા રાજ્યોમાંથી તથા ઉચ્ચ વર્ગના કુટુંબમાંથી આવતા વિદ્યાર્થીમિત્રો સાથેની મારી સામાજિક આંતરક્રિયા સંબંધોએ મને શહેરી રીતે રીત-ભાતો, અંગ્રેજીમાં બોલવાની તક તથા સામાજિક વ્યવહારોમાં ખુલ્લાપણું અને ઉદારતા શીખવી હતી. બીજી બાજુ વિભાગના અધ્યાપકોએ મને વિષયનું જ્ઞાન અને તે માટેની શોધ-વૃત્તિ, રસ અને પદ્ધતિઓનું જ્ઞાન આપી શીખવા-શીખવવાની રીતો અને આદર્શ વિદ્યાર્થી તેમજ શિક્ષકના ગુણો મારામાં કેળવ્યા હતા. શ્રીમાન અને શ્રીમતી પંચનદીકરસાહેબે શુદ્ધ સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય અને વિશ્લેષણ શીખવવાની સાથે સાથે આધુનિક શહેરી રીત-ભાતો તથા વ્યાવસાયિક ક્ષેત્રમાં પોતાની જાતને વધુ સારી રીતે કેવી રીતે રજૂ કરવી તેના પાઠ ભણાવ્યા હતા. પી. જે. પટેલસાહેબ પાસેથી વર્ગખંડમાં કેવી રીતે વિષય સમજવા સાથે અસરકારક શિક્ષણકાર્ય કરવું તે શિખવાડ્યું હતું. ભારતીબહેન દેસાઈએ બ્લેકબોર્ડ પર ટૉપિકની શ્રેષ્ઠ રજૂઆત કરવાનું શીખવ્યું હતું. ઓગસ્તાબહેને મારા પર સૌથી વધુ પ્રભાવ પાડ્યો હતો. જેમણે મને વિષયના જ્ઞાનની સાથે સાથે માનવીય વ્યવહાર, સામાજિક સંવેદના, સમાજના ઉપેક્ષિત વર્ગ જેવા કે દલિતો, ગરીબો, વિધવા અને પીડિતા સ્ત્રીઓ પ્રત્યે દયાભાવ રાખી મદદ કરવાનું શીખવ્યું હતું. તેમના પ્રભાવ હેઠળ જ હું ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષાયો હતો અને ખ્રિસ્તી પણ બની જવાનો હતો પરંતુ મારા મૂળ બ્રાહ્મણ કુટુંબના સંસ્કારોએ મને તેમ કરતાં અટકાવ્યો હતો.

મ. સ. યુનિવર્સિટીના મારા સમાજશાસ્ત્ર વિભાગનો ભવ્ય ગૌરવશાળી ઇતિહાસ હતો. જેને હજુ આજે પણ હું સન્માનપૂર્વક યાદ કરી રાજી થાઉં છું. એમ. એન. શ્રીનિવાસ જેવા પ્રસિદ્ધ સમાજશાસ્ત્રીએ વિભાગની શરૂઆત કરી. તેનો પ્રારંભિક વિકાસ કર્યો. ત્યારબાદ બીજા પ્રસિદ્ધ સમાજશાસ્ત્રીઓ જેવા કે આઈ. પી. દેસાઈએ તેના વિકાસને આગળ વધાર્યો હતો. બંનેના નેતૃત્વ અને કાર્યકાળ દરમિયાન સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર સહવિષય સ્વરૂપે ભણાવાતા હતા. તેમજ માનવશાસ્ત્રના પદ્ધતિશાસ્ત્રને વધુ મહત્ત્વ અપાયું હતું. આ સમયગાળા દરમિયાન ડૉ. એ. એમ. શાહ, ડૉ. નારાયણ શેઠ, ડૉ. ડી. એલ. શેઠ, ડૉ. બી. વી. શાહ, શ્રી ધીરુભાઈ દેસાઈ અને શ્રી અરવિંદભાઈ શાહ જેવા ધુરંધરોએ વિભાગમાં અભ્યાસ કર્યો હતો અને પાછળથી ગુજરાત અને ગુજરાત બહારની ઉચ્ચશિક્ષણ સંસ્થામાં ઊંચા સ્થાને ગોઠવાઈ સમાજશાસ્ત્ર વિષયનું સંવર્ધન કર્યું હતું. હું જ્યારે વિભાગમાં અભ્યાસ અર્થે

જોડાયો ત્યારે પંચનદીકર દંપતીનો પ્રભાવી કાર્યકાળ હતો. જેમાં તેમણે અગાઉના માનવશાસ્ત્ર સંમિશ્રિત સમાજશાસ્ત્રને બદતી માત્ર સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય પદ્ધતિશાસ્ત્ર અને વિશ્લેષણ સાથેનું શુદ્ધ સમાજશાસ્ત્ર વિકસાવ્યું હતું. તેમના અલાયદા અભિગમ અને કાર્યપદ્ધતિને કારણે વિભાગમાં સંશોધન અને અધ્યયન કાર્ય કરનાર ઉપરોક્ત વિદ્વાનો વિભાગને છોડી અન્ય સંશોધન અને શિક્ષણસંસ્થામાં જોડાઈ ગયા. ખુદ આઈ. પી. દેસાઈસાહેબે વહેલા નિવૃત્તિ લઈ વિભાગ છોડીને સુરતમાં 'સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ' સંસ્થાની શરૂઆત કરી હતી. ભણવા ઉપરાંત મેં પંચનદીકરસાહેબના હાથ નીચે ચાર માસ રિસર્ચ પ્રોજેક્ટમાં સંશોધક સહાયક તરીકે નોકરી કરી હતી; પરંતુ એ બંનેના અતિશય ઔપચારિક, અવૈયક્તિક અને અમુક અંશે અમાનવીય વ્યવહારથી પીડિત થઈ રાજીનામું આપ્યું હતું. આમ છતાં એક ગામડિયામાંથી શહેરી શિક્ષિત વ્યાવસાયિક વ્યક્તિમાં મારું રૂપાંતર કરવામાં, શુદ્ધ સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય, વિશ્લેષણ અને પદ્ધતિશાસ્ત્રમાં મને માહેર કરવામાં તેમની ભૂમિકાને આજે પણ ભૂલી શકાતી નથી.

વિભાગમાંથી છેલ્લે બહાર પડનારાઓમાં હું અને મનુભાઈ મકવાણા હતા. અમે અનુક્રમે સરદાર પટેલ યુનિવર્સિટીમાં અને ગુજરાત યુનિવર્સિટીમાં અનુક્રમે શોધ અને શિક્ષણ કાર્ય કરી, નેતૃત્વ પૂરું પાડી વિષયોમાં થોડું ઘણું પ્રદાન કર્યું હતું.

મારી શૈક્ષણિક યાત્રાના આગળના પડાવમાં ૧૯૭૯માં અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગની પ્રથમ બેચમાં કરેલું એમ.ફિલ.નું અભ્યાસકાર્ય આવે છે. આ સમયગાળામાં મારી અધ્યાપક તરીકેની કારકિર્દીનો પાયો નખાયો હતો. આ અભ્યાસ દરમિયાન બી. ડી. આર્ટ્સ કૉલેજના નરેન્દ્ર શુક્લસાહેબ, એચ. કે. આર્ટ્સ કૉલેજનાં નલિનીબહેન, કે. ઝેડ. પટેલ તથા મિસિસ ખરે મારાં સહાધ્યાયી હતાં. મારા અધ્યાપક ગુરુઓમાં વિમલભાઈ શાહસાહેબ, અરવિંદભાઈ શાહસાહેબ, મસીહીસાહેબ, ઉષાબહેન તથા ધીરુભાઈ દેસાઈસાહેબ હતા. આ બધા ગુરુજનો પાસેથી સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, સંશોધન પદ્ધતિઓ અને મોનોગ્રાફ સ્ટડીઝનું ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થયું હતું. વિમલભાઈનો ઔપચારિક પરંતુ સહૃદયી વ્યવહાર, મસીહીસાહેબનો વિષયની દરેક બાબતોનો સમીક્ષાત્મક તથા વ્યંગાત્મક અભિગમ જ્યારે ધીરુભાઈસાહેબનો રમૂજ સાથે શીખવવાના સ્વભાવે મારા ઉપર નોંધપાત્ર અસર કરેલી. સૌથી વધુ પ્રભાવ અરવિંદભાઈ શાહસાહેબનો મારા ઉપર પડેલો. ખાસ કરીને વિદ્યાર્થી તરફ કાયમ હકારાત્મક રહીને તત્કાલીન તેમને મદદ કરવાનું વલણ સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે અને પાછળથી અધ્યાપક તરીકેના બધા જ જરૂરી ગુણોનું સિંચન કરી વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ વિભાગે જે મને નાના પાયા ઉપર શોધકાર્ય કરી શોધનિબંધ લખવાનો વ્યવહારુ ખ્યાલ અને અનુભવ આપ્યો હતો. વિભાગમાં દર ગુરુવારે ચોક્કસ વિષય ઉપર આયોજિત પરિસંવાદ દ્વારા કોઈ એક વિષય પર તૈયારી કરી રજૂઆત કરવાનો અને પ્રશ્નોના જવાબ આપવાનો અનુભવ અને તાલીમ આપી હતી. આવા જ એક પરિસંવાદમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય ઉપર તૈયારી કરી મેં રજૂઆત કરી હતી. જેના અંગે તાજેતરમાં પણ ઘણી જગ્યાએ વ્યાખ્યાનો આપ્યાં હતાં અને આજના સમયે પણ એ વિષય પર એક કલાકનું પ્રવચન આપી શકું છું. મારી આવી સજ્જતાનું શ્રેય વિભાગને જાય છે. આ પરિસંવાદમાં જ સ્વર્ગીય ડૉ. તારાબહેન પટેલનાં સૌપ્રથમ વાર દર્શન કર્યાં હતાં અને રજૂઆત દરમિયાન તેમની ચશ્માંમાંથી તીક્ષ્ણ, સંશયાત્મક પરંતુ પ્રેમાળ નજરનો સામનો કર્યો હતો. જે આજે પણ યાદ આવે છે. આ સમયગાળા દરમિયાન જ અમદાવાદની સી. ટી. આર્ટસ અને સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજમાં અનુક્રમે પાર્ટ અને ફુલટાઈમ વ્યાખ્યાતા તરીકે નોકરી કરી. અધ્યાપનકાર્યનો પ્રારંભિક અનુભવ મેળવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીમાં કરેલ એમ. ફિલ.ની પદવીને આધારે જ પાછળથી વિદ્યાનગર ખાતેની સરદાર પટેલ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર

વિભાગમાં અધ્યાપક તરીકે કાયમી નોકરી મળી હતી. જેનો ઋણસ્વીકાર કરું છું.

**અધ્યાપનકાર્યમાં પ્રવેશ, પ્રગતિ અને નિવૃત્તિ :**

ઉચ્ચશિક્ષણના અનુસ્નાતક સ્તરે અધ્યાપન કાર્યમાં સ્થિર અને લાંબા સમય માટે પ્રવેશી અને કાર્યરત બને તે પહેલા મેં મ. સ. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં રિસર્ચ પ્રોજેક્ટમાં સંશોધન સહાયક તથા નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ નામના સ્વૈચ્છિક સંગઠનમાં ફિલ્ડ સુપરવાઈઝર તરીકે એક વર્ષ માટે નોકરી કરી હતી. આ બંને નોકરીઓમાં મને ટૂંકા સમયનો પરંતુ પ્રાથમિક અને વાસ્તવિક અનુભવ સામાજિક સંશોધન અને વિકાસ કાર્યનો મળ્યો હતો. સંશોધક સહાયકની નોકરીમાં શ્રી અને શ્રીમતી પંચનદીકરના માર્ગદર્શન હેઠળ અમદાવાદની સરકારી કચેરીમાંથી સમાજસુરક્ષાને લગતી ગૌણ માહિતી મેળવવાનો અનુભવ મેળવ્યો હતો. સાથે સાથે આ બંને મહાનુભાવોના હાથ નીચે કામ કરતાં કર્મચારીઓ સાથે તેઓ કેવું રૂક્ષ અને અમાનવીય વર્તન કરે છે તેનો અનુભવ કર્યો. બીજી નોકરીમાં ગ્રામીણ વિસ્તારમાં વિકાસની જરૂરિયાતો અને સાચી સમસ્યાઓ કેવી છે ? આદિવાસીઓ અને દલિતોમાં તેમનાં પોતાનાં ઉત્થાનકાર્યોમાં તેમનો સહયોગ મેળવવો કેટલો મુશ્કેલ છે તેમજ ગામડાંઓનું પરંપરાગત સામાજિક માળખું સંસ્કૃતિ કેવા અવરોધો સર્જે છે ? દેખાવા માટેના મેન્યુપ્યુલેટેડ સમાજકાર્ય ને સાચા કાર્ય વચ્ચે કેવો તફાવત છે ? સાથે સામાજિક કાર્ય કરતા કાર્યકર્તા કેટલો હેરાન થાય છે, ઉપેક્ષિત બને છે ! વગેરેનો અનુભવાત્મક ખ્યાલ આવ્યો હતો. એસ. સી. દુબેના 'ઇન્ડિયન વિલેજ' અને 'ચેન્જિંગ વિલેજ' નામનાં અભ્યાસ - પુસ્તકોમાંથી અગાઉ પ્રાપ્ત કરેલ જ્ઞાનને વ્યવહારમાં ઉપયોગ કરી બતાવવો કેટલી અઘરી બાબત છે તેનો પણ પ્રથમ દર્શીય પરિચય મળ્યો.

અધ્યાપક તરીકેની મારી કારકિર્દીની શરૂઆત અમદાવાદની સી. ટી. આર્ટ્સ કૉલેજમાં અંશકાલીન વ્યાખ્યાતા તરીકેની નોકરીથી થઈ હતી. ત્રણ મહિના બાદ સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજમાં પૂર્ણ વ્યાખ્યાતા તરીકે ચાર માસ નોકરી કરી. ત્યાંથી છૂટા થયા બાદ બે મહિના પ્રાંતિજ કૉલેજમાં પાર્ટ ટાઇમ જૉબ કરી અને તે જ વર્ષે સંતરામપુર ખાતે નવી શરૂ થયેલ આદિવાસી આર્ટ્સ કૉલેજમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે નોકરી કરી. આમ બે વર્ષના ગાળામાં અધ્યાપક તરીકેની નોકરીમાં ચાર વખત ફેરફાર થયા. પરિણામે એ સમયે મેં ખૂબ જ વ્યાવસાયિક અસલામતી અને અનિશ્ચિતતા અનુભવી હતી. પરંતુ મારા પોતાના સહનશીલ સ્વભાવને કારણે મને ઉપરા-ઉપરી નોકરીઓ અને તે પણ અગાઉ કરતાં ઉપલા સ્તરની મળતી રહી. આ બધાના અંતે ૨૭ જુલાઈ, ૧૯૮૧માં વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં અનુસ્નાતક સમાજશાસ્ત્રીય વિભાગમાં પૂર્ણ સમયના કાયમી વ્યાખ્યાતા તરીકે નોકરી મળી ગઈ. જેણે મારી ઉત્તરોત્તર પ્રગતિ કરાવી ટોચ સુધી પહોંચાડી નિવૃત્ત સમય સુધી ચાલુ રાખી હતી. અધ્યાપક તરીકેની આ બધી જ નોકરીઓ મેળવવામાં અને પ્રગતિ કરવામાં ડૉ. અંબુભાઈ પટેલસાહેબ, અરવિંદભાઈ શાહસાહેબ, વિમલભાઈ શાહસાહેબ તેમજ ધીરુભાઈ દેસાઈસાહેબનો ખૂબ મોટો ફાળો હતો. આ બધા ગુરુજનોએ મને વિપત્તિમાં સંભાળી મદદરૂપ બની, પ્રોત્સાહિત કરી ખૂબ જ સહાય કરી હતી જેનું સ્મરણ કરી તેમને હું વંદન કરું છું.

સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં વ્યાખ્યાતા તરીકે મારી નિમણૂકના સમયે ડૉ. બી. વી. શાહસાહેબ અધ્યક્ષ હતા. તેઓએ નોકરીના પ્રથમ દિવસે જ મારો જૉઇનિંગ રિપોર્ટ લખાવાની સાથે સાથે વર્ગશિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને થોડુંક લખાવજો (નોટ આપશો) તેવી સૂચના આપી હતી. મારા માટે એ આશ્ચર્યકારક હતી. અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓને નોટ લખાવવાની વાત એ સમયની વાસ્તવિકતા હતી. આ પ્રથા કેટલી જૂની અને વ્યાપક હશે તેનો ખ્યાલ મને એ સમયે આપવામાં આવેલી સૂચનાથી આવે છે. શરૂઆતનાં બે વર્ષો દરમિયાન વર્ગખંડમાં વિદ્યાર્થીઓને

ગુજરાતીમાં સમાજશાસ્ત્ર શીખવવાનું મારા માટે ખૂબ જ પડકારજનક તથા મુશ્કેલ હતું, કારણ કે મારી ફ્રેમ ઑફ માઈન્ડ અંગ્રેજીમાં શીખવેલ સંકલ્પનાઓ(Concepts)થી ઘડાયેલી હતી. એમાં મારી પાસે સમાજશાસ્ત્રની પ્રત્યેક પરિભાષાના ગુજરાતીમાં સુયોગ્ય પર્યાય શબ્દો ન હતા. વળી, હું મારી વડોદરા યુનિવર્સિટીમાં મળેલી તાલીમ પ્રમાણે ત્રણ ચાર મૂળ અંગ્રેજી સંદર્ભગ્રંથોમાંથી તૈયારી કરી મુદ્દાઓને વિસ્તારથી ભણાવતો. પરંતુ વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી નોંધ જ જોઈતી હતી. આવા મુશ્કેલ તથા મૂંઝવણભરેલા સમયમાં મું. ઝવેરીસાહેબ તથા અંબુભાઈસાહેબે મને માર્ગદર્શન તેમજ હૂંફ આપી સંભાળ્યો હતો. બે વર્ષના અનુભવ બાદ મેં પણ વિદ્યાર્થીઓની અપેક્ષા મુજબનું પરીક્ષાલક્ષી ભણાવવાનું સ્વીકારી લઈ શરૂ કરી દીધું હતું.

શરૂઆતના ગાળામાં મારા અનુસ્નાતક વિભાગમાં અધ્યયન અને સંશોધનનું અનુકૂળ એવું વાતાવરણ હતું. બી.વી. શાહસાહેબનું શિક્ષણના સમાજશાસ્ત્રનું અધ્યયન ખૂબ જ વિદ્વત્તાભર્યું હતું. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર સહિતના અધિકારીઓ સાથેનો તેમનો વ્યવહાર ઉપરી તરીકેનો અને ઔપચારિક રહેતો હતો. હાલના વિભાગીય વડાઓના (આધીન) વ્યવહાર કરતાં એ તદ્દન જુદો જ લાગે. અધ્યાપકો સાથેનો તેમનો વ્યવહાર પણ કામ પૂરતો રહેતો. તેઓ તેમના વતન વડોદરાથી રોજ આવ-જાવ કરતા હતા. એટલે એમની સાથે મારી ખૂબ જ ઓછી આંતરક્રિયા થતી હતી. આમ છતાં તેમની સાથેની થોડીક વાતચીતમાં પણ મને સમાજશાસ્ત્રના તેમના વિશાળ જ્ઞાનની ઝલક મળી હતી. વિભાગમાં મારા જોડાયાના આઠ મહિના બાદ તેઓ નિવૃત્ત થઈ જતાં તેમનો મને ખૂબ જ ઓછો લાભ મળ્યો. વિભાગના તે સમયે બીજા વરિષ્ઠ અધ્યાપક મુ. ઝવેરીસાહેબ હતા. તેઓ બી.કૉમ., એમ.એ. થયેલા. તેમણે અધ્યાપકોમાં મૂલ્યો અને ભારતમાં સામાજિક પરિવર્તનના વિષયો ઉપર અનુક્રમે લેખ અને પુસ્તક લખ્યાં હતાં. વર્ષોથી તેઓ ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું પેપર ભણાવતા હતા. આ પેપરને મેં પાછળથી તેમની સાથે શેર કરી નિવૃત્તિના કાળ સુધી ભણાવ્યું હતું, એટલું જ નહિ પણ એમણે આ વિષય ઉપર મેં એક પાઠ્ય પુસ્તક લખ્યું હતું. એનું પ્રકાશન ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથનિર્માણ દ્વારા થયું હતું. તેઓ એક નખશિખ શિક્ષક તરીકે વર્ગખંડમાં કોઈ પણ નોંધ કે પુસ્તક લીધા વગર જઈ જે તે મુદ્દાને મોઢે તથા રસપૂર્વક ભણાવતા. તેમનું શીખવવાનું એટલું સચોટ હતું કે ફૂલસિંહ ચૌહાણ અને હિરુભાઈ જેવા જૂના વિદ્યાર્થીઓથી માંડી હાલના બધા જ વિદ્યાર્થીઓ તેમને યાદ કરી વખાણતા. શરૂઆતના સમયમાં વિભાગમાં મારા માટે રહેલા ઉપેક્ષાભર્યા વાતાવરણમાં મારી મૂંઝવણો, ચિંતાઓ અને મુશ્કેલીઓ હું તેમની પાસે જઈને રજૂ કરતો અને તેઓ સહાનુભૂતિપૂર્વક સાંભળી મને હૂંફ અને આશ્વાસન આપતા. તેમની આવી કાળજીભરી સંભાળે જ મને શરૂઆતની નોકરીમાં ટકાવી રાખ્યો હતો. તેઓ જ્ઞાતિએ વાયળા વાણિયા હતા અને નોકરી દરમિયાન પટાવાળાઓને કેટલા પૈસા ઉછીના અપાય અને પૈસાની બચત કેમ કરવી તેના પાઠ મને ભણાવ્યા હતા. નિવૃત્તિનાં બે વર્ષ પૂર્વ આંખમાં કાળા મોતિયાને કારણે તેમણે લગભગ અંધાપો આવ્યો હતો. આમ છતાં દરરોજ ખૂબ જ આત્મવિશ્વાસથી અંદાજે અંદાજે વર્ગખંડમાં એકલા જઈ નિયમિત ભણાવતા.

તે સમયે વિભાગના ત્રીજા પરંતુ મારા માટે સૌથી મહત્ત્વના અધ્યાપક મારા ગુરુ ડૉ. અંબુભાઈ પટેલસાહેબ હતા. તેમના વિશે વિગતે લખું તો પચાસથી વધુ પાનાંની પુસ્તિકા થઈ જાય. તેઓ નડિયાદ તાલુકાના નરસંડા ગામના ખેડૂતકુટુંબમાંથી હતા. તેમણે એમ.એ.નો અભ્યાસ ચાર પેપર ઇકૉનૉમિક્સ અને ચાર પેપર સમાજશાસ્ત્રની સાથે કર્યો હતો. નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજમાં તેઓ અધ્યાપક તરીકે કામ કરતા હતા. તેમને પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી ડૉ. આઈ. પી. દેસાઈસાહેબના માર્ગદર્શન હેઠળ ખેડા જિલ્લામાં અભ્યાસ કરતાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઉપર પીએચ.ડી. સંશોધન એમ. એસ. યુનિવર્સિટીમાંથી કર્યું હતું. તેમના બે જાણીતાં

વિદ્યાર્થીઓમાં ડૉ. પી. જે. પટેલસાહેબ અને ઓગસ્તાબહેન કૉન્ટ્રાક્ટર હતાં. આ બંને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં મારા અધ્યાપકો હતાં અને તે રીતે તેઓ મારા ગુરુનાં ગુરુ હતાં. તેમની પ્રેરણા અને પ્રોત્સાહનથી જ મેં સરદાર પટેલ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકે અરજી કરીને નિમણૂક મેળવી હતી. તેઓ ગ્રામીણ સમાજશાસ્ત્ર વિષયના નિષ્ણાત હતા. એમણે પોતાના નરસંડા ગામનો અભ્યાસ કરી (બદલાતું ગામ) પુસ્તક લખ્યું હતું. તેઓની સમાજ અંગેની વાતો અત્યંત સરળ અને અનુભવજન્ય રહેતી. એમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોનો ઉલ્લેખ નહિવત રહેતો. પરિણામ સ્વરૂપ વિભાગના હરીફ અધ્યાપકો તેમણે ફાર્મર સોશિયોલૉજિસ્ટ કહી ઉડાવતા હતા, પરંતુ તેમની પાસેથી પીએચ.ડી.નું માર્ગદર્શન લેતી વખતે તેમના દ્વારા તદ્દન સામાન્ય રીતે કહેવાતી બાબત પણ ખૂબ જ તથ્યાત્મક અને સચોટ લાગેલી. તેમનો વિદ્યાર્થી સાથેનો વ્યવહાર ખૂબ જ માયાળુ અને સરળ રહેતો. તેઓ વિદ્યાર્થીઓને પોતાના ગામના ઘરે બોલાવતા, જમાડતા, વાતચીત કરતાં માર્ગદર્શન આપતા અને પુસ્તકોની ભેટ પણ આપતા. જરૂર પડે વિદ્યાર્થીઓને નાણાકીય મદદ પણ ચૂપચાપ કરતા. તેમના આવા વ્યવહારનો અનુભવ મારા સિવાય તેમની પાસે પીએચ.ડી. કરતાં શ્રીમતી પુનાલેકર, ડૉ. બારીક, મનુભાઈ પટેલસાહેબ તેમજ દુર્ગાપ્રસાદે પણ કરેલો. એમણે દિલ્હી યુનિવર્સિટીના પ્રો. બાવીસકરસાહેબ સાથે અમૂલ ડેરી ઉપર ખૂબ જ ઉપયોગી અભ્યાસ કર્યો હતો. વળી, એમણે કૅનેડામાં આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં આ અંગે એક રિસર્ચ પેપર પણ રજૂ કર્યું હતું એને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. તેમના અધ્યક્ષ તરીકેના કાર્યકાળ દરમિયાન મને, મુ. ઠાકરસાહેબ, મનુભાઈસાહેબ અને જોબના પુત્રાસાહેબને એમ. ફિલ અને પીએચ.ડી.ની ગાઈડશીપ પ્રાપ્ત થઈ હતી. એમાં એમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ સારી વાર્તાઓ અને કવિતા પણ લખતા હતા. અધ્યાપક તરીકેની મારી કારકિર્દી અને ચરિત્રઘડતરમાં તેમનું યોગદાન અમૂલ્ય તથા અવિસ્મરણીય છે. એમને હજુ આજે પણ હું વખતોવખત યાદ કરી તેમના જેવા ગુરુજી મળવા માટે ગૌરવ અને ધન્યતા અનુભવું છું. વિભાગમાં મારી નોકરી દરમિયાન મારી પાસે ૧૬ જેટલા પીએચ.ડી. અને ૬૦ જેટલા એમ.ફિલ.ના વિદ્યાર્થીઓ સાથેનો મારો વ્યવહાર આત્મીયતાભર્યો અને મદદરૂપ થવાની ભાવના ભરેલો રહ્યો એનું શ્રેય પટેલસાહેબને જાય છે.

વિભાગમાં જોડાયાના પ્રથમ દસકામાં આગળની પેઢીના ગણી શકાય તેવા ઉપરોક્ત અધ્યાપકો ઉપરાંત મુ. જે. ડી. ઠાકરસાહેબ, મનુભાઈ પટેલસાહેબ સાથે કામ કરવાનો મને અવસર મળ્યો. મુ. ઠાકરસાહેબ મારા ગુરુઓ પંચનદીકર દંપતીના પ્રશંસક હતા અને તેઓ પણ એમની જેમ જ શુદ્ધ સમાજશાસ્ત્રીય (માનવશાસ્ત્રીય રહિત) અધ્યયનમાં માનતા હતા. તેઓ સમાજશાસ્ત્રના મૂળ ગ્રંથોના મોટા વાચક તેમજ અભ્યાસુ હતા. તેઓ વર્ષો સુધી ‘પર્સનાલિટી અને સોશિયલ સિસ્ટમ’ નામનું પેપર ભણાવતા હતા. એમાં તેઓ પારંગત હતા. તેઓ સમાજશાસ્ત્રીય ખ્યાલ અને સિદ્ધાંતોની બનેલી સમાજશાસ્ભીય પરિભાષામાં જ વિષયની વાત કરતા હતા અને તે માટે તેઓ આગ્રહ પણ રાખતા. તેમનું અંગ્રેજી ખૂબ જ સારું પરિણામે વ્યાખ્યાનમાં પણ અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરતા. પરંતુ એને કારણે તેમની વિદ્યાર્થીઓ સાથે સંક્રમણમાં મુશ્કેલી ઊભી થતી. તેઓ ખૂબ જ માયાળુ હોવા છતાં બાહ્ય વ્યવહારમાં મિતભાષી અને ઔપચારિક હતા. તેમનો મારા તરફનો વ્યવહાર ક્યારેક મને ઠંડો અને ઉપેક્ષાયુક્ત લાગતો. એક વાર મેં એમની પાસે એક પ્રમાણપત્ર લખાવ્યું હતું. એમાં એમણે ખૂબ જ ટૂંકું અને ટચ લખાણ લખ્યું હતું. મેં જ્યારે તેમણે આ અંગે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, ‘Fewer words mean lesser commitment.’ આ મને આજે પણ યાદ છે. ઠાકરસાહેબ અંગે મને એક રંજ એ રહી ગયો કે તેમણે જે વ્યાપક વાંચન કર્યું હતું તેમાંનું દસમા ભાગનું પણ લખ્યું હોત તો અમારા જેવા નવી પેઢીના અને હાલના

અધ્યાપકોને સમાજશાસ્ત્રીય સાહિત્યનો એક અમૂલ્ય વારસો મળી જાત. ઠાકરસાહેબ સાથે આત્મીય રીતે જોડાયેલા મુ. મનુભાઈસાહેબ યાદ આવે છે. તેઓ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ભણેલા એટલે આટલાદરા ગામનો વડોદરા શહેરમાં ભળી જવાથી આવેલ પરિવર્તનનો અભ્યાસ કર્યો હતો. તેઓ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ ભણાવવાની બાબતમાં કુશળ હતા. તેમજ સહાધ્યાપક તેમજ વિદ્યાર્થીઓએ પ્રત્યે માયાળુ રહેતા. ક્યારેક સામી વ્યક્તિને સમજ ના પડે તે રીતે એની ટીખળ પણ કરી લેતા.

૧૯૯૦થી ૨૦૦૦ના દાયકામાં મારી જ પેઢીના પરંતુ ઉંમરમાં મારાથી મોટા બે વરિષ્ઠ અધ્યાપકો : જોબનપુત્રાસાહેબ અને આમ્રપાલીબહેન સાથે મને કામ કરવાની તક મળી. જોબનપુત્રાસાહેબે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ. એમ.ફિલ. અને પીએચ.ડી. કર્યું હતું. ત્યાંની સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકેની લાંબી નોકરી કરીને અહીં વિભાગમાં જોડાયા હતા. તેમણે મસીહીસાહેબના હાથ નીચે ઔદ્યોગિક સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં અભ્યાસ કર્યો હતો. તેઓ રિસર્ચ મેથડનું પેપર ભણાવતા હતા. વળી એમણે સમાજશાસ્ત્રમાં આંકડાશાસ્ત્ર નામનું વિદ્યાર્થી-ઉપયોગી પુસ્તક લખ્યું હતું. તેઓ પણ મારી માફક બહારનો નાસ્તો કરવાનો અને ફરવાનો શોખ ધરાવતા હતા. થોડા વર્ષોની નોકરી કરી એમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ વિભાગ છોડી દીધો હતો. સ્વ. આમ્રપાલી બહેન વિભાગમાં વુમન સ્ટડીઝનું પેપર ભણાવતા અને એમણે વિભાગાધ્યક્ષ તરીકે ૧૨થી ૧૫ વર્ષ અહીં કામગીરી કરી. તેઓ શિક્ષક હોવા ઉપરાંત કર્મશીલ હતાં અને સામાજિક કાર્યો વધુ કરતાં. તેઓનું વ્યક્તિત્વ રાજકીય હતું અને તે રીતે સ્થાનિક, જિલ્લા તથા રાજ્યના સ્તરે તેમના સંપર્કોનો પરિઘ વ્યાપક અને પ્રભાવી રહ્યો હતો. તેઓ વિદ્યાર્થી તરફ પ્રેમાળ વ્યવહાર કરતાં અને અસંખ્ય વિદ્યાર્થીઓને ભણાવવામાં, નોકરી મેળવવામાં મદદરૂપ બન્યા હતા. છેલ્લે તેમણે અમદાવાદસ્થિત ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ બની વિભાગને ગૌરવ અપાવ્યું હતું.

વિભાગની સાડા ત્રણ દાયકાથી વધુ નોકરી દરમિયાન મારે મારી પેઢીના પી. એમ. પરમાર સાથે પણ કામ કરવાનો અવસર મળ્યો. પરમારસાહેબ પણ મુ. ઠાકરસાહેબની જેમ સારા વાચક અને અભ્યાસુ, નિષ્ઠાવાન અને સજ્જન હતા. તેઓ વિદ્યાર્થીઓને ખૂબ જ મદદરૂપ થતા હતા. વિકાસ અને સામાજિક પરિવર્તન તેમજ શિક્ષણનું સમાજશાસ્ત્ર પેપર ભણાવતા હતા. તેઓ વિભાગમાં એ સમયે અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં આંતરવિદ્યાકીય અભ્યાસના ભાગ રૂપે સાહિત્યનું સમાજશાસ્ત્ર પ્રશ્નપત્ર દાખલ થયું હતું. પરમારસાહેબ ગુજરાતીના પ્રોફેસરની સાથે આ પ્રશ્નપત્ર ભણાવતા હતા. તેઓ અંગ્રેજીના પણ વિદ્વાન હતા. અમારે વખતોવખત વિચારવિમર્શ થતો રહેતો. એનાથી મારા જ્ઞાનમાં પણ વધારો થતો રહેતો હતો. એમણે પણ મુ. ઠાકરસાહેબની જેમ કશું જ લખ્યું નહીં. બાકી એમના વ્યાપક જ્ઞાનનો લાભ નવી પેઢીના વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને પ્રાપ્ત થાત. સંશોધન અંગે એમનો અત્યંત ઊંચો ખ્યાલ હતો. પરિણામે તેઓ અનેક તક મળી હોવા છતાં એમ.ફિલ. કે પીએચ.ડી. થયા વગર જ નિવૃત્ત થયા હતા. આ સિવાય મારે જે. સી. પટેલ, હિતેશ પટેલ, રમેશભાઈ મકવાણા, ઇલાબહેન મેકવાન સાથે પણ કામ કરવાનું થયું. આ બધા મારાથી ઉંમરમાં નાના અને મારા વિદ્યાર્થી જેવાં હતાં. એમાંથી બે જણના અધ્યક્ષપણા હેઠળ પણ મેં કામ કર્યું હતું. આ ચારેય અધ્યાપકોએ અનુક્રમે આદિવાસી અભ્યાસો, વૃદ્ધત્વના અભ્યાસો, રાજકીય સમાજશાસ્ત્ર અને તબીબી સમાજશાસ્ત્ર જેવા વિષયોમાં સંશોધન અને શિક્ષણકાર્ય કર્યું હતું. આ મિત્રો આજે પ્રોફેસર, અધ્યક્ષ જેવાં સર્વોચ્ચ પદો પર કાર્યરત છે. આ ચારેય અધ્યાપકો ગુજરાત માધ્યમમાં ભણ્યા. એમણે સંશોધન અને અધ્યાપન કાર્ય પણ ગુજરાતીમાં કર્યું. આ મિત્રો સમાજશાસ્ત્રના અંગ્રેજી ભાષામાં લખાયેલાં મૂળ પુસ્તકોનો અભ્યાસ કર્યા વગર

ગુજરાતીમાં લખાયેલાં પુસ્તકોનો ઉપયોગ કરીને ભણાવતા. એમણે પોતાના શોધનિબંધો પણ ગુજરાતીમાં લખ્યા છે. જૂજ અપવાદોને બાદ કરતાં મારા પોતાના મોટા ભાગના વિદ્યાર્થીઓએ પણ એમના એમ.ફિલ. પીએચ.ડી.ના નિબંધો ગુજરાતીમાં લખ્યા છે. મારા સહકાર્યકર એવા આ ચાર મિત્રોમાં જે. સી. પટેલ અંગ્રેજી શીખવા માટે પ્રોફેશનલ ક્લાસમાં જોડાયા હતા. એ જ રીતે રમેશભાઈ મકવાણા આજે અંગ્રેજી ભાષામાં પુસ્તકો લખવાથી માંડીને શોધનિબંધોનું પરીક્ષણકાર્ય અને અનેક પરિસંવાદોમાં અંગ્રેજીમાં પોતાના અભ્યાસો રજૂ કરી રહ્યા છે. એમનો ઉત્સાહ પ્રશંસનીય છે.

૩૬ વર્ષ અને ૪ માસની મારી વિભાગની નોકરી દરમિયાન મારી કારકિર્દીમાં અનેક ચઢાવ-ઉતાર આવેલા. મને રીડર અને પ્રોફેસરની જગ્યા માટેની પસંદગીમાં પણ નિષ્ફળતા મળી હતી. આ સમયે મેં ભારે હતાશા અનુભવી હતી. પરંતુ બંને પોસ્ટ ઉપર મને માત્ર એક કે બે વર્ષના ટૂંકા ગાળામાં બઢતી મળી ગઈ હતી. આમ એકંદરે મારી પ્રગતિ સમયસરની રહી હતી. પ્રથમ દાયકામાં હું અંબુભાઈ પટેલસાહેબનો માણસ છું તેવો સિક્કો વાગી જવાથી બીજા વડીલસાહેબો મારી તરફ ઉપેક્ષાયુક્ત વ્યવહાર કરતા એનું મને પારાવાર દુઃખ રહેતું. આ સમયગાળા દરમિયાન હું મારી રૂમમાં બેસીને સંશોધન અધ્યયનકાર્ય કર્યા કરતો. એના ફળસ્વરૂપે મેં ૧૯૮૭માં પીએચ.ડી. કરી લીધું. ૧૯૮૯માં એમ.ફિલ. અને પીએચ.ડી.ની ગાઈડશિપ મળતાં શોધ માર્ગદર્શકનું કામ શરૂ કરી દીધું. તેવી જ રીતે યુ.જી.સી.નો એક માઈનોર અને એક મેજર પ્રોજેક્ટ પણ પૂરો કર્યો. આ ઉપરાંત કેટલાક લેખો અને શોધપત્રો પણ લખ્યા હતા.

પ્રથમ દશકના કામના ફળસ્વરૂપે બીજા દશકામાં હું દસ પીએચ.ડી. અને ત્રીસ એમ.ફિલ.ના વિદ્યાર્થીઓ બહાર પાડી શક્યો. રીડર અને પ્રોફેસરની ઓપન જગ્યા ઉપર પ્રથમ દાયકામાં પસંદ ન થવા છતાં આ બીજા દાયકાના આરંભે જ બહુ જ ઓછા સમયમાં બંને જગ્યાઓ ઉપર પ્રમોશન મળી ગયું હતું. વળી, મને કલકત્તા યુનિવર્સિટીમાં એક મહિનાની વિઝિટિંગ ફેલોશિપ મળતાં ભારતની સૌથી જૂની યુનિવર્સિટીમાં રોકાઈને કામ કરવાની અને શીખવાની અલભ્ય તક મળી હતી. તેવી જ રીતે મુંબઈની સુપ્રસિદ્ધ ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ અને હૈદરાબાદની નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ ડેપલપમેન્ટમાં અનુક્રમે ૨૧ અને ૧૫ દિવસના રિફ્રેશર કોર્સમાં શિક્ષણના સમાજશાસ્ત્ર અને ગ્રામીણ વિકાસના અભ્યાસની શોધ પદ્ધતિશાસ્ત્રનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાનો મને અવસર પ્રાપ્ત થયો હતો. આ જ સમયગાળા દરમિયાન મારાં ત્રણ પુસ્તકો તથા અનેક લેખો પ્રકાશિત થયાં હતાં. સાથે સાથે મેં અનેક રાષ્ટ્રીય કક્ષાની પરિષદો અને સેમિનારમાં શોધપત્રો પણ રજૂ કર્યાં હતાં. આમ મેં ધીમો પરંતુ મક્કમ શૈક્ષણિક વિકાસ કરી મારા જ્ઞાનાત્મક પાયાને મજબૂત કર્યો હતો. વિભાગમાં મારા પછી જોડાયેલા બે અધ્યાપકો બઢતી મેળવીને મારા સિનિયર થઈ ગયા હોવા છતાં એક હકારાત્મક અભિગમ રાખી ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધા રાખી પ્રતિકૂળ વાતાવરણમાં પણ સ્થગિત ન થઈ જતાં હું ઉપરોક્ત પ્રગતિ કરી શક્યો હતો.

કારકિર્દીમાં છેલ્લા દાયકામાં આ વિકાસને આગળ વધારી ટોચ ઉપર હું પહોંચી ગયો હતો. આ તબક્કા દરમિયાન મને વિભાગીય અધ્યક્ષ, બોર્ડ ઑફ સ્ટડીઝના ચૅરમેન, સેનેટ સભ્ય, આંબેડકર પ્રકલ્પ અને સેન્ટર ફૉર ડાયસ્પોરાના ડાઈરેક્ટર, આર્ટ્સ ફેકલ્ટીના ઇન્ચાર્જ ડીન અને યુનિવર્સિટીની સૌથી મહત્ત્વની એસ્ટાબ્લિશમેન્ટ અને ડેવલૉપમેન્ટ કમિટીના સભ્ય જેવાં ઊંચાં સ્થાનો પર સફળતાપૂર્વક કાર્ય કરવાની તક મળી હતી. આ સમય દરમિયાન મેં બે આંતરરાષ્ટ્રીય અને એક નૅશનલ સેમિનારનું આયોજન પણ કર્યું હતું અને બધા થઈને ૬૦ થી વધુ એમ.ફિલ. અને ૧૬ પીએચ.ડી. વિદ્યાર્થીઓ બહાર પાડ્યા હતા. વિભાગની બહાર સમાજશાસ્ત્રના પ્રાદેશિક સંગઠનમાં કારોબારીના સભ્ય, સહમંત્રી અને મંત્રી તરીકે કામ કરવાની પણ મને તક પ્રાપ્ત થઈ હતી. તેવી જ રીતે ગુજરાતની તમામ યુનિવર્સિટીઓના બોર્ડ

ઑફ સ્ટડીઝ કે ફેકલ્ટી બોર્ડના કોપ્ટ સભ્ય તરીકે કામ કર્યું હતું. તેમજ અધ્યાપકોની પસંદગી અને બઢતી માટેની કમિટીઓમાં વિષયનિષ્ણાત તરીકે કામ કરી હાલની પેઢીના અધ્યાપકોની કારકિર્દી વિકસાવવા માટે નિમિત્ત બનવાનું પણ થયું હતું. એટલું જ નહીં, મેં GPSC, UPSC, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને પંજાબ પબ્લિક સેવા સિલેક્શન કમિશનમાં વિષયનિષ્ણાંત તરીકે કામ કર્યું હતું. ગુજરાત બહાર રાજસ્થાનની ઉદયપુર અને જયપુર, મહારાષ્ટ્રની ઔરંગાબાદ તથા છત્તીસગઢની પંડિત રવિશંકર યુનિવર્સિટીમાં વિષય નિષ્ણાંત તરીકે સેવા આપી. ગુજરાત અને ગુજરાત બહારની ૧૦૦ થી વધુ પીએચ.ડી. શોધનિબંધોનું પરીક્ષણ કર્યું હતું. છેલ્લે બધાની પરાકાષ્ઠા રૂપે નેક (NAAC) દ્વારા ૨૦૦૯થી અત્યાર સુધી ભારતનાં ૨૨ રાજ્યોની ૬૦ થી વધુ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના મૂલ્યાંકન માટેની પિયર ટીમમાં મેમ્બર કો-ઑર્ડિનેટર તરીકે કામ કરવાની તક મળી હતી. આ બધી જ ઉચ્ચતર કક્ષામાં નિષ્ઠાપૂર્વક, સહજ તથા વિનમ્ર ભાવે સફળતાપૂર્વક કામ કરી શક્યો.

**વિદ્યાર્થીઓ અને બદલાતું વિદ્યાર્થીજગત :**

ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં સ્નાતકમાં તો ઠીક પરંતુ અનુસ્નાતક કક્ષાએ પણ સમાજશાસ્ત્ર વિષય પસંદ કરનારા વિદ્યાર્થીઓમાં વિષયમાં સવિશેષ રસ, રુચિ કે કારકિર્દી વિષય સભાનતા નહિવત જોવા મળે છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ આકસ્મિક રીતે, અધ્યાપકોની ભલામણને કારણે અથવા તો પછી મિત્રો સાથે રહેવાના ખ્યાલથી જ સમાજશાસ્ત્રને પસંદ કર્યું છે. મેં પોતે પણ શરૂઆતમાં સમાજશાસ્ત્ર વિષયને તે સહેલું છે, તેમાંથી બહાર પડતાં ઓછી સંખ્યાના વિદ્યાર્થીઓ સાથે નોકરી માટે ઓછી સ્પર્ધા રહેશે, ઓછી મહેનતે વધુ સારા માર્ક્સ મેળવી શકાશે તેવી ગણતરીઓ સાથે પસંદ કર્યો હતો. વધુમાં મારા તે સમયનાં પ્રાધ્યાપિકા ઓગસ્તાબહેનના આગ્રહે પણ મને વિષય પસંદ કરવા માટે પ્રોત્સાહિત કર્યો હતો. સ્નાતકકક્ષાએ સમાજશાસ્ત્ર મુખ્ય વિષય રાખતાં અમે કુલ ૧૮ જ વિદ્યાર્થીઓ હતા. જેમાં દસ તો વિદ્યાર્થિનીઓ જ હતી. એમ.એ.માં સમાજશાસ્ત્રના વર્ગમાં અમે બધા મળી કુલ ૧૨ વિદ્યાર્થીઓ હતા. જેમાં અડધી તો છોકરીઓ જ હતી. જોકે આવી ઓછી સંખ્યામાં બહાર પડતાં વિદ્યાર્થીઓમાં બી.એ.માં પ્રથમ વર્ગ અને એમ.એ.માં ઉચ્ચતમ બીજા વર્ગમાં મારું પરિણામ આવતાં મને ઝડપથી તાત્કાલિક નોકરી મળી ગઈ હતી. આનાથી વિપરીત સ્થિતિ ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓની સંલગ્ન કૉલેજોની હતી. એ સંસ્થાઓમાંથી સેંકડોની સંખ્યામાં વિદ્યાર્થીઓ બહાર પડતાં અને અનુસ્તાનક વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં બહાર પડતાં હતાં. હું જ્યારે સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયો ત્યારે મારા વર્ગમાં માત્ર ૧૯ વિદ્યાર્થીઓ હતા. સમય જતાં એમાં વધારો થઈ એ સંખ્યા ૧૨૦થી ૧૪૦ સુધી પહોંચી હતી અને ત્યાર બાદ મારી નિવૃત્તિના સમય સુધી આ સંખ્યા સતત ઘટતી જઈ ૬૦થી ૭૦ જેટલી થઈ હતી. વચ્ચેના સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓની વધી ગયેલી સંખ્યા માટે મુખ્યત્વે સ્નાતક કક્ષાએ જ ખૂબ મોટી સંખ્યામાં પાસ થતા વિદ્યાર્થીઓનો ઊભરો જવાબદાર હતો. છેલ્લા તબક્કામાં ઘટતી જતી સંખ્યા માટે શિક્ષણ અને સંશોધન અને સમાજકાર્ય જેવાં પ્રમુખ ક્ષેત્રોમાં સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ માટે ઓછી થતી જતી નોકરીઓ અને પસંદગી જવાબદાર છે. તેવી જ રીતે વિભાગની નોકરીના પ્રથમ દશકામાં વિદ્યાર્થીમાં ઉચ્ચ જ્ઞાતિના વિદ્યાર્થીઓનું પ્રમાણ સવિશેષ હતું. જ્યારે પાછળના બે દશકામાં અનાતમ કૅટેગરીના S.C., S.T., O.B.C. વિદ્યાર્થીઓ અને તેમાં પણ ૬૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓનું પ્રમાણ રહેતું હતું. આ બાબત અનુસ્નાતક કક્ષાએ, ખાસ કરીને સમાજશાસ્ત્રના વિદ્યાર્થી સમુદાયનું બદલાતું સામાજિક બંધારણ દર્શાવે છે.

વિદ્યાર્થીઓ અંગેની બીજી નોંધપાત્ર બાબત અભ્યાસમાં તેમનો ઘટતો જતો રસ, રુચિ અને ગંભીરતા છે. નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા જથ્થાબંધ વધતી ગઈ.

પરંતુ વર્ગખંડમાં નિયમિત હાજર રહી, વ્યાખ્યાન ધ્યાનથી સાંભળવું, બોર્ડ ઉપર લખેલા અગત્યના મુદ્દાઓ નોંધવા જેવી બાબતોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ બેફિકર થઈ ગયા છે. મારી નિવૃત્તિનાં છેલ્લાં પાંચ વર્ષો દરમિયાન તો કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંના અડધાથી વધુ વર્ગખંડની બહાર જ રહેતા હતા. છેલ્લા બે દાયકાઓથી તો વર્ગખંડમાં શીખવતા શિક્ષકની વાતો માટે સંદેહ કે પ્રશ્ન ઊભો કરનાર વિદ્યાર્થીઓ તો રહ્યા જ નથી. મારા ગુરુ મુ. અંબુભાઈ પટેલસાહેબના શબ્દોમાં કહું તો 'I do no find two challenging eyes in the classroom.' પરિણામે અધ્યાપક તૈયારી વગર વર્ગમાં આવી જેમ ગબડાવવું હોય તેમ ગબડાવતા, જ્ઞાન આપવાની વાત તો રહી જ નહીં. આવી પરિસ્થિતિ માટે ચિંતા કે દુઃખ અનુભવાતું પરંતુ નવી પેઢીના અધ્યાપકો માટે તો આ અત્યંત સુવિધાજન્ય સ્થિતિ હતી. શિક્ષણ આપવાની આવી પરિસ્થિતિ માટેના નિર્માણ માટે મારી દૃષ્ટિએ બે પરિબળો જવાબદાર છે :

(૧) એમ.એ. કર્યા પછી નોકરી મળવા અંગેની અનિશ્ચિતતાએ વિદ્યાર્થીઓમાં નિરાશા અને અપ્રતિબદ્ધતા પેદા કરી છે.

(૨) સ્નાતક કક્ષાની જેમ જ અનુસ્નાતક કક્ષાએ વર્ગમાં એક જ પ્રકારની વર્ષો જૂની ગુજરાતીમાં લખાયેલી માત્ર પરીક્ષાલક્ષી નોટ લખાવી દેવાની અથવા ગુજરાતીમાં લખાયેલાં નબળાં પુસ્તકો આપી દેવાની શિક્ષકોની વૃત્તિ અને વ્યવહાર જવાબદાર છે.

આમ છતાં મારા માટે આશ્વાસનરૂપ બાબત એ હતી કે દર વર્ષે દરેક વર્ગમાં બેથી ત્રણ વિદ્યાર્થીઓ શિક્ષકને ધ્યાનથી સાંભળનાર, તેમને સોંપાયેલ કાર્ય (અસાઈન્મેન્ટ) સ્વીકારી નિષ્ઠાએ અભ્યાસ કરનારા મળી રહેતા, એકંદરે બી. વી. શાહસાહેબના શબ્દોમાં 'અગાઉના સમયમાં શિક્ષણસંસ્થાઓમાં Academic (શૈક્ષણિક) Culture હતું. જ્યારે હાલના સમયમાં Fun Culture (જલસા કરો, મજા કરો) જોવા મળે છે.' તે વાત સાચી સાબિત થતી જણાય છે. મારા સદ્‌નસીબે મને દર વર્ષે આવા બે કે ત્રણ વિદ્યાર્થીઓ મળ્યા હતા. એમનું સમાજશાસ્ત્ર વિષય તથા જીવનના સંદર્ભમાં મેં મેન્ટરિંગ કર્યું હતું. આ રીતે ઓછામાં ઓછા ૨૫ જેટલા વિદ્યાર્થીઓ સમાજશાસ્ત્ર વિષયના સારા અધ્યાપક બની શક્યા છે એનો મને સંતોષ તથા ગૌરવ છે. વિદ્યાર્થીઓની સાથેના વર્તનવ્યવહારમાં તેમને વિદ્વત્તાથી આંજી દેવા કરતા તેમની સાથે પ્રેમાળ વ્યવહાર કરી તેનામાં શીખવાની વૃત્તિ-શક્તિ વિકસાવવી એ એક સારા અને સફળ અધ્યાપક માટે સૌથી વધુ જરૂરી છે. આવું મારો વર્ષોનો કાર્ય-અનુભવ કહે છે. એક અધ્યાપક તરીકે મારા જીવનને યથાર્થ તથા સાર્થક ઠેરવી સંતોષ પામવા માટેનો સૌથી મોટો માપદંડ 'મારા વિદ્યાર્થીઓ મને ચાહે છે' તે હતો. આ માપદંડના સંદર્ભમાં હું સફળ રહ્યો હતો તેવી સુખદ લાગણી નોકરી દરમિયાન તથા નિવૃત્તિ બાદના મારા જીવનમાં હું અનુભવું છું.

**અધ્યાપકો, સહકર્મીઓ સાથેના સંબંધો અને તેમનું બદલાતું વિશ્વ :**

અધ્યાપક થવાની સાથે જ સહધ્યાપકો, વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વ્યવહારો અને તેમાંથી ઉત્પન્ન સંબંધોની વાત મહત્ત્વની બને છે. પોતાની કામગીરીની સરળતા અને સફળતા માટે સારા સંવાદી સંબંધો જરૂરી હોય છે. કૉલેજના અધ્યાપક તરીકેની મારી બે વર્ષની કારકિર્દીમાં આચાર્ય અને સહઅધ્યાપકો સાથેના મારા સંબંધો એકંદરે જરૂરિયાત પૂરતા, સારા અને સુમેળભર્યા રહ્યા હતા. અમદાવાદની સિટી આર્ટ્સ કૉલેજમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકેની મારી પસંદગી તે સમયના મારા વિભાગાધ્યક્ષની ઇચ્છા વિરુદ્ધ થઈ હતી. પરિણામે તેઓ વિદ્યાર્થીઓને ઉશ્કેરીને મારા વર્ગમાં આવવા દેતા નહોતા. હું બધી જ તૈયારી કરીને વર્ગમાં જતો હોવા છતાં વિદ્યાર્થીઓ મારા દેખતાં વર્ગ છોડી ચાલ્યા જતા. તે જોઈને મારી પોતાની આ કાર્યક્ષમતા માટે પણ શંકા ઊભી થતી અને આત્મવિશ્વાસ ઘટી જતો. પરંતુ તેવા સમયે કૉલેજના આચાર્ય કે. બી. વ્યાસસાહેબ મને આશ્વાસન આપીને તમારો કોઈ દોષ નથી તેવું કહેતા.

તેવી જ રીતે અંગ્રેજીના નિઝામીસાહેબ અને અબ્રાહમસાહેબ મને તેમની સાથે ચા પીવા લઈ જતા અને કંપની આપી મને હૂંફ આપતા હતા. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં મારી નિમણૂક જે જગ્યા ઉપર થઈ હતી. તેમાં મારા પહેલાં કાર્યરત પ્રાધ્યાપિકા કોર્ટનો સ્ટે લઈ આવ્યાં હતાં. પરંતુ તેવા સમયે આચાર્ય શ્રી નટુભાઈ ઠક્કરે મારા પગારની ખાતરી આપી મને ટકાવી રાખ્યો હતો. સંતરામપુરની આદિવાસી આર્ટ્સ કૉલેજમાં પણ મેં એક વર્ષ નોકરી કરી હતી. એ દરમિયાન મને અનેક સારા-માઠા અનુભવો થયા હતા. કૉલેજના આચાર્ય કનુભાઈ સુણાવકર ગુજરાતીના અધ્યાપક હતા અને ખૂબ જ સારા વાચક હતા. તેઓશ્રીએ સમાજશાસ્ત્ર વિષયનાં પણ અનેક મૂળ પુસ્તકો વાંચ્યાં હતાં. આની સામે તેઓની એક મર્યાદા એ હતી કે તેઓ સતત બોલતા રહેતા અને તેઓ બોલતા હોય ત્યારે કોઈ અધ્યાપક પોતાની વાત કે મુદ્દો રજૂ કરે તો તેઓ તરત જ તેને 'તમને ખબર ના પડે' ઠેબું કહી ઉતારી પાડતા હતા. તેઓ પટેલ જ્ઞાતિના હોવા છતાં પોતાના ગામ સુણાવ ઉપરથી એમણે પોતાની અટક સુણાવકર રાખી હતી. પરંતુ અમારા માટે તેઓ સુનાવકર હતા (માત્ર સંભળાવનાર જ). તેમની સાથેનો એક પ્રસંગ હજુ આજે પણ મને યાદ આવે છે. એક દિવસે રિસેસના સમયે અમારી પાંચ-છ અધ્યાપકો વચ્ચે આવી વાત કરતાં કરતાં એમણે જમીન ઉપરતી એક નાનો પથ્થર ઉપાડી લીધો. એ લઈને તેઓ અમને સૌને કહેવા લાગ્યા કે જુઓ તમારામાં સંવેદનશીલતા હોય તો આ પથ્થરમાંથી પણ અવાજ આવતો સાંભળી શકાય છે. અન્ય અધ્યાપકોએ તો તેમની પ્રશંસા કરતાં તમે શું મૌલિક વાત કરી તેવું કહી એમણે મસકો માર્યો હતો. પરંતુ મેં તેમને ચોખ્ખું સંભળાવી દીધું હતું કે 'Sir I do not have such ears.' તેવી જ રીતે સવારની કૉલેજ હોવા છતાં તેઓ બધા જ અધ્યાપકોને બપોરે ચાર વાગ્યે પણ કૉલેજ બોલાવતા. તેઓ બધાને રામપુર તરફ ફરવા લઈ જઈ પોતાની વાતો એકપક્ષીય રીતે સંભળાવતા રહેતા, પરંતુ હું એકલો બપોરે કૉલેજ જતો નહીં.

અગાઉ મેં જે કૉલેજમાં નોકરી કરી તેમાં અધ્યાપકો એક જ કૉમન રૂમમાં સાથે બેસતા હતા અને તેમની વચ્ચે વિવિધ વિષયો વિશે વાતચીત અને ચર્ચા ચાલ્યા કરતી. આની સામે સરદાર પટેલ યુનિવર્સિટીના માનવ વિદ્યાભવનના અનુસ્નાતક વિભાગોમાં દરેક અધ્યાપક પોતાના અલાયદા રૂમમાં બેસતા. પરિણામસ્વરૂપે વિવિધ વિષયોના અને એક જ વિષયના અધ્યાપકો વચ્ચે નિયમિત અને સતત વાતચીત કે ચર્ચા માટે ખૂબ જ ઓછો અવકાશ રહેતો. પરંતુ અહીં ટી ક્લબના એક કૉમન રૂમમાં મોટા ભાગના અધ્યાપકો રિસેસ દરમિયાન ભેગા થતા અને સમકાલીન ઘટનાઓ કે પ્રવાહો ઉપર પોતપોતાના વિષયના દૃષ્ટિબિંદુથી ચર્ચા કરતા. મારા માટે આ ક્ષણો ખૂબ જ રસપ્રદ તથા માહિતીસભર બની રહેતી. વિભાગમાં જોડાયાના શરૂઆતના દશકામાં ટી ક્લબમાં વિવિધ વિષયોના વરિષ્ઠ અધ્યાપકો દ્વારા થતા વિચારવિમર્શનો મને ખૂબ જ જ્ઞાનાત્મક લાભ મળ્યો. એ સમયે ખાસ કરીને મારા વિષય સમાજશાસ્ત્રના બી. વી. શાહસાહેબ, ઠાકરસાહેબ, મનુભાઈસાહેબ, અર્થશાસ્ત્રના અધ્વર્યુસાહેબ, અંગ્રેજીના આર. એ. દવેસાહેબ, ગુજરાતીના જશવંત શેખડીવાળાસાહેબ, પોલિટિકલ સાયન્સના બી. સી. શાહસાહેબ તથા ઇતિહાસના તિવારીસાહેબ પોતપોતાના વિષયના સારા એવા જાણકાર હતા અને તેમની ચર્ચા અને રજૂઆતોમાંથી મને સામાજિક વિજ્ઞાન અને માનવવિદ્યાના વિવિધ અભ્યાસ અભિગમો, પદ્ધતિઓ, મર્યાદાઓ અને જ્ઞાનાત્મક બાબતોની રસપ્રદ અને ઉપયોગી જાણકારી મળી હતી. સરદાર પટેલ યુનિ., વલ્લભવિદ્યાનગરના માનવ વિદ્યાભવનના ટી ક્લબના લીધે મારું સારું એવું શૈક્ષણિક સમાજીકરણ થયું હતું. આ બધા વરિષ્ઠ અને વિદ્વાન અધ્યાપકોના વિસ્તૃત વાંચન, અભ્યાસપૂર્ણ અવલોકનોએ મારા જેવા નવા અધ્યાપકો પોતાના વિષયમાં કેવી રીતે સજ્જ થવું તેનું ભાન કરાવ્યું હતું. ને આ રીતે મારા માટે આદર્શ યુનિવર્સિટી અધ્યાપકનું મૉડેલ પૂરું પાડ્યું હતું.

શરૂઆતના સમયગાળા દરમિયાન વિભાગીય વડા

તરીકે કામ કરતાં ઉપરોક્ત વરિષ્ઠ અધ્યાપકો યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી અધિકારીઓ સાથે એક પ્રકારનું અંતર રાખતા. એ અધિકારીઓ પોતાને આધીન હોવાનું માનતા; એટલું જ નહીં, વિભાગના અધ્યાપકો - વિદ્યાર્થીઓના હિતો અને શૈક્ષણિક જરૂરિયાતોને ધ્યાને રાખી, એનો આગ્રહ સેવીને તેમની પાસે પોતાનું ધાર્યું કરાવતા હતા. આની સામે છેલ્લા દાયકામાં વરિષ્ઠ અધ્યાપકો અને વિભાગીય વડાઓ ઑફિસના અધિકારીઓને 'સાહેબ' કહી બોલાવતા. વળી, તેઓ કારણ વગર પણ સામે ચાલીને કાર્યાલયમાં જઈ તેમણે વિનંતી સાથે રજૂઆત કરતાં થઈ ગયા હતા. પોતાના કરતા આ અધિકારીઓ સર્વોચ્ચ અને સત્તાધીશો છે તેવું સ્વીકારીને ચાલતા તથા વર્તતા. કુલપતિ સાથેના સંબંધ ને વ્યવહારમાં અગાઉના અધ્યાપકો વરિષ્ઠ અધ્યાપકોનું પોતાનું સ્વમાન ખાસ જાળવતા. પરંતુ આજના વરિષ્ઠ અધ્યાપકો ખાસ કરીને વિભાગીય વડાઓ પણ કુલપતિને માલિક તથા પોતાની જાતને સેવક ગણી કુલપતિની નજીક જઈ કારણ વગર ચાપલૂસી કરતા જોવા મળે છે. વધુમાં અગાઉના કુલપતિઓ વિષયના નિષ્ણાત એવા અધ્યાપકસમૂહમાંથી આવતા હતા. આજના કુલપતિઓ બહુધા રાજકીય રીતે નિમણૂક પામેલા હોવાથી સમગ્ર યુનિવર્સિટીના માહોલમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધિકારીઓ અને કર્મચારીઓ પક્ષીય રાજકારણનો ભોગ બની શૈક્ષણિકરણને બદલે રાજકીયકરણની પ્રક્રિયાથી વધુ કાર્યરત જોવા મળે છે. આજે કુલપતિશ્રીએ સમગ્ર યુનિવર્સિટી પરિવારના વડા તરીકે વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંચાલક મંડળો, વહીવટી કર્મીઓ, વાલીઓ, યુ.જી.સી. તથા સરકારના શિક્ષણ ખાતા વગેરે સાથે સંતુલન જાળવી રાખી વ્યવહાર કરવાનો હોય છે. તેમની પાસે ઉચ્ચશિક્ષણના પ્રસાર-વિકાસની સાથે તેની ગુણવત્તા જાળવવાનું, સુધારવાનું ભગીરથ કાર્ય કરવાની જવાબદારી હોવાથી તે અંગેના જ્ઞાન અને વિઝન સાથેની કામગીરી અપેક્ષિત છે, પરંતુ હાલમાં કાં તો તેની ગેરહાજરી જોવા મળે છે અથવા તેમની ભૂમિકા માત્ર ચીલાચાલુ વહીવટી કામગીરી કે ગોઠવણો પૂરતી મર્યાદિત રહી ગઈ છે. યુનિવર્સિટીમાં કાર્યાન્વિત વિવિધ સત્તા મંડળો જેવા કે, અભ્યાસસમિતિઓ, ફેકલ્ટી, એકેડેમિક કાઉન્સિલ, સેનેટ તથા સિંડિકેટમાં સત્તાની ખેંચતાણ, જૂથવાદ અને વ્યક્તિગત અહમ્‌ને કારણે ઉચ્ચતમ શૈક્ષણિક કાર્યો પૂર્ણ કરવાને બદલે ગાડું ગબડાવે જવાનું વલણ વધુ જોવા મળે છે. યુનિવર્સિટીનાં ત્રણ મુખ્ય કાર્યો જેવાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણમાં સંશોધન અને વિસ્તરણ ભુલાતાં જાય છે અને તેના શિક્ષણના કાર્યમાં પણ યુનિવર્સિટી માત્ર પરીક્ષા લેતી અને તેમાં પરિણામો આપતી સંસ્થા બની ગઈ છે. આ બધું બધા જ પક્ષોની જાણમાં હોવા છતાં તે બાબતો કાં તો ઉદાસીનતા અથવા આ બાબતે નરી ઉપેક્ષા જોવા મળે છે. આવી પરિસ્થિતિ જોઈને ક્યારેક મારાથી નિ:સાસો નંખાઈ જાય છે. વલ્લભ વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં દાખલ થયા પછીના દશ વર્ષ સુધી અધ્યાપકોમાં વિષયસજ્જતા અને કાર્યપ્રતિબદ્ધતાની એક અપેક્ષિત સ્થિતિ હતી. વિદ્યાર્થીઓની કામગીરીના આંતરિક મૂલ્યાંકનના ભાગ રૂપે પ્રત્યેક પેપરમાં બે લેખિત કસોટીઓ, ક્લાસ એસાઇન્મેન્ટ, હોમ એસાઈન્મેન્ટ, સેમિનાર જેવી શીખવાની પ્રભાવી પ્રયુક્તિઓ કાર્યાન્વિત હતી. તેવી જ રીત સંશોધન માટે વિદ્યાર્થીઓ પાસે એક ચોક્કસ વિષય ઉપર ફિલ્ડવર્ક કરાવી રિપોર્ટ લખાવાતો હતો. અધ્યાપકો આ બધાં કામોમાં ગંભીરતાપૂર્વક રસ લઈ પ્રવૃત્ત રહેતા. પરંતુ પાછળથી આ બધી પ્રવૃત્તિઓ માત્ર યંત્રવત્‌, ચીલાચાલુ ઢબે ચલાવતી રહી અને તેમાં રહેલી શીખવા-શીખવવાની ભાવના લુપ્ત થઈ ગઈ. સૌથી વધુ નોંધપાત્ર બાબત શરૂઆતના દાયકામાં વર્ગશિક્ષણને લગતી હતી. જેમાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓ નિયમિત આવતા. શિક્ષક તરફ ધ્યાન રાખી ભણતા અને વર્ગો પણ નિયમિત લેવાતા. આવું નિયમિત વર્ગશિક્ષણ દરેક સત્રમાં ઓછામાં ઓછું સાડા ત્રણ મહિના અને વર્ષમાં સાતેક મહિના તો અવશ્ય ચાલતું હતું. જ્યારે આ જ વર્ગશિક્ષણ પાછળના અઢી દાયકા

દરમિયાન સેમેસ્ટર સિસ્ટમ આવતાં સત્ર દીઠ માત્ર દોઢ મહિનો અને આખા શૈક્ષણિક વર્ષ દરમિયાન માત્ર ત્રણ મહિના પૂરતું જ રહી ગયું. વર્ગખંડમાં વિદ્યાર્થીઓની નિયમિત હાજરી ઓછી થઈ ૫૦ ટકા રહી ગઈ અને હાજર વિદ્યાર્થીઓના વર્ગશિક્ષણમાં રસ, રુચિ અને ધ્યાન પણ ઘટી જઈ નહિવત્ થઈ ગયાં છે. સૌથી મહત્ત્વનો ફેરફાર તો પરીક્ષાના પરિણામમાં એટલે કે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત ગુણાંકમાં થયેલા અધધ વધારાને લગતો હતો. મેં જ્યારે ૧૯૭૮માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી એમ. એ. પાસ કર્યું ત્યારે આખી યુનિવર્સિટીમાં મારા વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીના માત્ર ૬૦% હતા. જ્યારે બીજા ક્રમે આવનાર મારા માત્ર ૫૭% હતા ! શરૂઆતનાં વર્ષોમાં આંતરિક મૂલ્યાંકનમાં માત્ર એક કે બે વિદ્યાર્થીના ૩૦માંથી ૧૮ કે ૧૯ માર્ક આવતા. જ્યારે મારી નોકરીના અંતિમ વર્ષોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓનું ઇન્ટરનલ ૭૦ થી ૭૫%નું થઈ જતું. તેવી જ રીતે ગ્રેડ સિસ્ટમમાં તો આ ટકાવારી ૮૦થી ૮૫% પહોંચી ગઈ હતી જે માન્ય જ ન રખાય અથવા તો સાવ બોગસ લાગે. વાર્ષિક પરીક્ષામાં મારી નોકરીના શરૂઆતનાં વર્ષોમાં માત્ર ૧ કે ૨ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં, ચાર કે પાંચ વિદ્યાર્થીઓ બીજા વર્ગમાં અને બાકીના મોટા ભાગના થર્ડ ક્લાસમાં પાસ થતા હતા. જ્યારે છેલ્લાં વર્ષોનાં પરિણામો જોઈએ તો આ પિરામિડ ઉલટો થઈ ગયેલો દેખાય છે. જેમાં મોટા ભાગના (૭૦%) પ્રથમ વર્ગમાં, કેટલાક બીજા વર્ગમાં (૨૦%) અને ખૂબ જ થોડા થર્ડ ક્લાસમાં (૧૦%) ઉત્તીર્ણ થાય છે. આવી ખોટી પરીક્ષાવ્યવસ્થા અને તેનાં બોગસ પરિણામો વિદ્યાર્થીઓમાં ભ્રામક લાભનો ખ્યાલ ઊભો કરવાની સાથે વાસ્તવમાં તેમની વ્યાવસાયિક કારકિર્દીમાં પ્રવેશ અને પ્રગતિ માટે ભારે નુકશાન કરે છે.

આવી જ સ્થિતિ એમ.ફિલ.ની પરીક્ષાના પરિણામ બાબતે જોવા મળે છે. ૧૯૭૮માં ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમના ભાગ રૂપે શરૂ થયેલ. એમ.ફિલ. અધ્યાપક તરીકે નવી નોકરીમાં પસંદ કરવા તથા કાયમી કરવા માટેનો અનિવાર્ય ડિગ્રી અભ્યાસક્રમ હતો. ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ ગૂજરાત વિદ્યાપીઠમાં આ અભ્યાસક્રમ શરૂ કરાયો હતો અને બીજા વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાં ૧૯૭૯માં શરૂ થયો. એની પ્રથમ બેચનો હું વિદ્યાર્થી હતો. મેં આ પદવી ૫૫ ટકા સાથે મેળવી હતી. આ ડિગ્રી મારા માટે વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકેની નિમણૂક અપાવવામાં મહત્ત્વની સાબિત થઈ હતી. ૧૯૮૮માં આ અભ્યાસક્રમ સરદાર પટેલ યુનિવર્સિટીમાં શરૂ કરાયો હતો. જેની પ્રથમ બેચના પાંચેય અધ્યાપકો અનુભવી હતા. આ પાંચેય વિદ્યાર્થીઓ ઉચ્ચ, મધ્યમ વર્ગ કે પ્રથમ વર્ગ સાથે પાસ થયા હતા. એની ખુશીમાં એ મિત્રોએ પોતાના ગામમાં સો-બસો માણસોનો જમણવાર (પાર્ટી) ગોઠવ્યો હતો. તેમની કૉલેજમાં પણ તેમનું સન્માન કરાયું હતું અને પગારમાં એમને એક ઇજાફો પણ મળ્યો હતો. પાછળથી વરિષ્ઠ અધ્યાપકોએ મંડળ દ્વારા દબાણ કરાવી, વિરોધ કરી આ એમ.ફિલ.ને ફરજિયાતમાંથી મરજિયાત કરાવી દીધું હતું. મારા માર્ગદર્શનમાં નોકરીના સમગ્ર કાર્યકાળ દરમિયાન ૬૦થી વધુ વિદ્યાર્થીઓ એમ.ફિલ. થયા છે. મેં એ અનુભવ્યું છે કે સમય જતાં આ પદવીનું મહત્ત્વ ઘટતું ગયું છે. સંશોધન શીખવાના શ્રેષ્ઠ પ્રયાસને બદલે નોકરી મેળવવામાં મદદરૂપ બનનાર વેઠ કરાવતી પ્રવૃત્તિ બની ગઈ હતી. શરૂઆતમાં થોડાક વિદ્યાર્થીઓએ ખૂબ મહેનત કરી, તેમાં વધુમાં વધુ ૬૦ માર્ક્સ સાથે તેઓ પાસ થયા હતા. પાછળથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી મહેનતથી અને નબળા ડિઝર્ટેશન લખીને ૭૦થી વધુ માર્ક્સ સાથે ડિગ્રી મેળવતા હતા. મારી નોકરીનાં છેલ્લાં પાંચ વર્ષમાં તો પીએચ.ડી. થિયરીમાં ૭૦ ટકાની સાથે ડિઝર્ટેશનમાં ૮૦ થી ૮૫ માર્ક્સની છૂટથી લહાણી થતી. મારે પણ પરિસ્થિતિના તુલનાત્મક દબાણ હેઠળ મારા વિદ્યાર્થીઓને ૭૦ ટકાથી વધુ માર્ક્સ આપવા પડતા હતા. આજે તો નવી શિક્ષણનીતિમાં આ એમ.ફિલ. બંધ જ થઈ ગયું છે.

પીએચ.ડી. એ ઉચ્ચતમ પદવી આપતો અભ્યાસક્રમ છે. નોકરીના સમગ્ર કાર્યકાળ દરમિયાન ૧૬ વિદ્યાર્થીઓએ મારા શોધ માર્ગદર્શન હેઠળ આ પદવી પ્રાપ્ત કરી હતી. આ બધા જ ગુજરાતની વિવિધ કૉલેજોમાં હાલમાં વરિષ્ઠ અધ્યાપકો તરીકે કામ કરે છે. એનું મને ખૂબ જ ગૌરવ છે. મેં પોતે નોકરી કરતાં કરતાં આ જ યુનિવર્સિટીમાંથી ૧૯૮૭માં પીએચ.ડી. કર્યું હતું. મારા શોધ માર્ગદર્શક આદરણીય અંબુભાઈ પટેલસાહેબ હતા. તેઓ વિદ્યાર્થીને જે વિષયમાં રસ હોય તેમાં પીએચ.ડી. કરાવતા. તેઓ સમયના અભાવે વિદ્યાર્થીઓ સાથે નિયમિત બેઠક કરી માર્ગદર્શન નહોતા આપતા પરંતુ તેના લખાણને સમય મળે જોઈ તેમાં સૂચનો લખતા. વિદ્યાર્થી પાસે સાહિત્યના સર્વેક્ષણની બહુ અપેક્ષા ન રાખતા. આઈ. પી. દેસાઈસાહેબ(જેમના હાથ નીચે તેમણે પીએચ.ડી. કર્યું હતું)ની પરંપરા મુજબ, ફિલ્ડવર્ક માટે તેઓ આગ્રહ રાખી તેને પોતે શું જોયું (વાસ્તવિકતા અંગેનાં અનુભવજન્ય અવલોકનો) તેના ઉપર વધુ ભાર મૂકી લખાણોમાં કૉમેન્ટ કરી સૂચના આપતા. પરંતુ તેમની સાથે કામ કરવામાં એક મુખ્ય અગવડ એ હતી કે દરેક વખતે નવાં નવાં સૂચનો કરી, લખાણ બદલવાનું કહેતા હતા. હું તેમના સહજ તથા ભુલકણા સ્વભાવનો લાભ લઈ ‘સાહેબ તમે ગયા વખતે આમ કહ્યું હતું, તેમ કહી મારું લખાણ મંજૂર કરાવી લેતો. આવું કરતા કરતા પાંચ વર્ષ મેં પીએચ.ડી. પૂરું કરી ડિગ્રી પ્રાપ્ત કરી હતી. તેમની પાસેથી સંશોધક માર્ગદર્શક તરીકે અનેક બાબતો શીખ્યો હતો; જેવી કે, (૧) વિદ્યાર્થીને જેમાં રસ-રુચિ હોય તેવા તેમના મનપસંદ વિષયમાં સંશોધન કરાવવું; (૨) વિદ્યાર્થીને તેના (અતિ સામાન્ય જ્ઞાન અને સમજના) સંદર્ભમાં ઉતારી પાડી, અપમાન કરી, નિરાશ ન કરતા તેની સમજની કક્ષા ઓળખી લઈ તેને આગળ વધારવા માટે પ્રેમાળ અને સહાનુભૂતિવાળો વ્યવહાર કરી પ્રોત્સાહિત કરવો (૩) પશ્ચિમના સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોની ઊંચી ઊંચી વાતોને બદલે ભારતીય સમાજના સંદર્ભમાં શોધ વિષયને લગતી સામાજિક વાસ્તવિકતા અંગે અનુભવજન્ય અવલોકનના આધારે શોધસમસ્યાની સમજૂતી આપવી. પટેલસાહેબે શરૂ કરેલા આ ચીલાને હું અનુસર્યો છું. સાથે સાથે મેં મારા વિદ્યાર્થીઓના શોધનિબંધમાં સમાજશાસ્ત્રીય ભાષા(સંકલ્પનાઓ)નો ઉપયોગ, સૈદ્ધાંતિક માળખાના સંદર્ભમાં શોધવિષયની પ્રસ્તુતિ, સમાન વિષય ઉપરનાં અન્ય સંશોધનાત્મક પુસ્તકો અને શોધનિબંધોના તારણ સાથે પોતાના અભ્યાસના તારણોની તુલનાત્મક ચર્ચા તથા છેલ્લે માત્ર પાંચ કે દસ નાના ફકરાઓ સ્વરૂપે રજૂ કરેલાં અનુભવજન્ય અવલોકનોના સ્વરૂપે સમગ્ર શોધનિબંધનાં તારણો લખવાની શૈલી વિકસાવી હતી. મારા મોટા ભાગના વિદ્યાર્થીઓએ મધ્યમ માર્ગીય અભિગમ અપનાવી પોતાના સંશોધનમાં આ ચરિતાર્થ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો. પટેલસાહેબ પાસેથી જોઈ શીખીને તથા મારા સહજ સ્વભાવ અનુસાર મારી પાસે શોધ માર્ગદર્શન માટે આવતા વિદ્યાર્થીઓને હું પ્રેમથી આવકારતો, અને તેમને મદદરૂપ બની કામ પૂરું કરાવતો. આની તેમના ઉપર ખૂબ જ સારી અસર થતી અને તેમનું કામ પૂરું થતું. આ બધી બાબતો મારાથી મોટી ઉંમરના અને મારા સમવયસ્ક એવા કેટલાક કહેવાતા વિદ્વાન પ્રોફેસરને ચીલાચાલુ તથા હલકી (સસ્તી લોકપ્રિયતાવાળી) લાગતી હશે. પરંતુ મારા મન તેનું ખૂબ જ મહત્ત્વ રહેતું. મારા મતે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને જુસ્સો ટકાવી રાખી શોધકાર્ય પૂર્ણ કરવા માટેનું આ ઉત્તમ સાધન હતું. મારા તથા અન્ય માર્ગદર્શકોના હાથ નીચે તૈયાર થયેલા અને મેં તપાસેલા લગભગ ૭૦થી ૮૦ પીએચ.ડી. મહાશોધ નિબંધો અત્યંત સાધારણ અથવા તેનાથી પણ નીચી કક્ષાના મને જણાયા છે. આ પૈકીના મોટા ભાગના શોધનિબંધો, પોતાની જ જ્ઞાતિ, જાતિ, લગ્નના કુટુંબની સ્ત્રીને દરજ્જો જેવા ચીલાચાલુ, અતિ સામાન્ય તથા સમકાલીન સમયમાં અપ્રસ્તુત હોય તેવા વિષયો ઉપર લખાયેલા હતા. વધુમાં

આ શોધનિબંધોમાં વિષય સાથે આ સંબંધિત સાહિત્યના સર્વેક્ષણ, સમીક્ષાવાળા, સમાજશાસ્ત્રીય સંકલ્પનાત્મક તથા સૈદ્ધાંતિક માળખાવિહીન, યુનિવર્સની જાણકારી વગર તથા નિયમ કે સિદ્ધાંત વગર પસંદ કરાયેલા નિદર્શનો ઉપયોગ કરતા, માત્ર સંખ્યા અને ટકાવારી સુધી જ સીમિત આંકડાશાસ્ત્રીય વિશ્લેષણવાળા, માહિતીના અર્થઘટન વગરના અને તારણોને નામે માત્ર અગાઉનાં પ્રકરણોનાં સાર-સંક્ષેપ ધરાવતા જણાયા હતા. આ નિબંધોમાં શોધવિષય તરીકેની ઘટના / પરિસ્થિતિ કે સમસ્યા માટે જવાબદાર પરિવર્તન દર્શાવી તેમની વચ્ચે રહેલા કાર્યકારણના સંબંધોના વિશ્લેષણના આધારે ચોક્કસ ખુલાસાઓ કે સમજૂતી આપવાને બદલે માત્ર કોષ્ટકોમાં મુકાયેલ સંખ્યા અને ટકાવારીનું શાબ્દિક વર્ણન જ આપવાનું વલણ જોવા મળ્યું હતું. સૌથી વિચિત્ર નોંધપાત્ર બાબત તો એ હતી કે મોટા ભાગના શોધ નિબંધોમાં સમગ્ર (યુનિવર્સ)માં સમાવિષ્ટ કુલ એકમો જાણી તેઓનું પ્રતિનિધિત્વ કરતા પદ્ધતિસરના નિદર્શને નક્કી કરવાને બદલે એમ.ફિલ. હોય તો ૧૦૦ અને પીએચ.ડી. હોય તો ૨૫૦ થી ૩૦૦ ઉત્તરદાતાઓનું સગવડિયું નિશ્ચિત નિદર્શ લઈને કોટા તથા હેતુપૂર્વકના નિદર્શનું રૂપકડું નામ આપી સંશોધન કરાતું. એમ.ફિલ.માં તો દરેકમાં માત્ર ૧૦૦નું નિર્ધારિત નિર્દેશ બતાવી વેઠ ઉતારવાનું કઢંગું શોધકામ વર્ષો સુધી ચાલ્યું. પરીક્ષક તરીકેના મારા અહેવાલમાં હું આ બધી મર્યાદાઓનો ઉલ્લેખ કરતો. મૌખિક પરીક્ષા (વાયવા)માં હું વિદ્યાર્થીઓને અવશ્ય કહેતો કે શોધનિબંધ માત્ર વર્ણનાત્મક કે પરિચયાત્મક વિગતોથી જ ન લખતાં ચોક્કસ સમજૂતી (Explanation) આપતો હોવો જોઈએ. આટલી બધી મર્યાદાઓ હોવા છતાં વિદ્યાર્થીને નુકસાન થવાની બીક કે ચિંતાને કારણે તથા અન્ય પરીક્ષકો સાથે પરસ્પર વ્યવહાર સાચવી લેવાની મારી નબળી મનોવૃત્તિને લીધે મેં કોઈ શોધનિબંધનો અસ્વીકાર કરવાનું કે સુધારા સાથે પુનઃ લખાણ માટે પાછો મોકલવાનું સાહસ નહોતું કર્યું. ગુજરાત યુનિવર્સિટીના મારા એમ.ફિલ.ના અધ્યાપક મુ. મસીહિસાહેબનો એક થીસિસ રિજેક્ટ કરતો અહેવાલ મેં વાંચ્યો હતો. જેમાં તેમને શોધનિબંધનાં અનેક પાનાંઓ ઉપર થયેલા હકીકત દોષો તથા સચોટ રજૂઆત કરી અસ્વીકાર કર્યો હતો. આવા અહેવાલે મને માત્ર અભિભૂત જ ન કરતાં મારામાં નૈતિક હિંમતના અભાવનું મને ભાન કરાવ્યું હતું. આ માટે હું હજુ આજે પણ ગિલ્ટ અનુભવું છું. એક વાર હું એક પરિસંવાદમાં મસીહિસાહેબ સાથે શોધનિબંધોની મર્યાદાઓ અંગે વાતચીત કરતો હતો ત્યારે એમણે મને કહેલ આ વાક્ય હજુ આજે પણ મને યાદ આવે છે અને મને ખૂંચ્યા કરે છે : 'જયપ્રકાશ, તું આવી ડાહી ડાહી વાતો કરે છે પણ તેં કેટલી થીસિસ રિજેક્ટ કરી ?' એ વખતે મારી બોલતી બંધ થઈ ગઈ હતી. આમાં વિદ્યાર્થીઓના પક્ષે એમ.ફિલ./ પીએચ.ડી. કરીને નોકરી મેળવી લેવાની તથા માર્ગદર્શક અધ્યાપકોના પક્ષે મોટી સંખ્યામાં એમ.ફિલ. પીએચ.ડી. વિદ્યાર્થીઓ બહાર પાડવાનો રેકૉર્ડ કરવાની લહાયમાં બંને પક્ષે નરી શૈક્ષણિક અપરિપક્વતા અને અપ્રમાણિકતા આચરી ઉચ્ચતમ શિક્ષણને ઘટિયા સ્તરે ઉતારી રહ્યા છે. એમ.ફિલ.ના ૬૦થી વધુ અને પીએચ.ડી.ના ૧૬ વિદ્યાર્થીઓ બહાર પાડ્યાનું જણાવી હું પણ ખોટું અભિમાન કરતો હતો. પરંતુ બીજી યુનિવર્સિટીના મારા જ સમવયસ્ક અધ્યાપકોએ ૬૦ પીએચ.ડી. બહાર પાડ્યાનું મેં જાણ્યું ત્યારે એક સુખદ આશ્ચર્ય સાથે મારું મિથ્યાભિમાન ઊતરી ગયું હતું. મારા પછી વીસ વર્ષ બાદ જોડાનાર અધ્યાપકોએ માત્ર દસ વર્ષમાં જ મારા બહાર પાડેલા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓનો રેકૉર્ડ તોડી ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓ બહાર પાડી દીધા હતા. જોકે તાજેતરના વર્ષમાં UGC એ બહાર પાડેલી નવી માર્ગદર્શિકાઓ જેવી કે રિસર્ચ કમિટી દ્વારા પીએચ.ડી.ની દરખાસ્ત ચકાસીને વિદ્યાર્થીની ચોક્કસ નિયમોના આધારે નોંધણી કરવી. માત્ર અંગ્રેજીમાં થીસીસ લખવી કે એક કૉપી

submit કરવી ગુજરાત બહારના એક નિષ્ણાતને પરીક્ષા માટે થીસિસ મોકલવો અને મૌખિક પરીક્ષામાં વિષયનિષ્ણાતો અને યુનિવર્સિટીના એક નિરીક્ષકને હાજર રાખવો વગેરેએ આ ઉચ્ચતમ અભ્યાસના થતા પતનને અટકાવવા માટેની આશા ઊભી કરી છે.

શિક્ષણના ઉચ્ચતમ સ્તરે આવેલા એમ.એ., એમ.ફિલ. તથા પીએચ.ડી. અભ્યાસક્રમો શીખવતા અધ્યાપકોમાં છેલ્લાં ૨૫ વર્ષથી એક નકારાત્મક પ્રવાહ એવો વિકસ્યો છે કે વિષયના શિક્ષણ તથા સંશોધનના કાર્ય માટે મૂળ સંદર્ભગ્રંથો વાંચવાની કોઈ જરૂર નથી. કેટલાક ખૂબ સબ સ્ટાન્ડર્ડ કહી શકાય તેવા પ્રાદેશિક ભાષામાં (ગુજરાતી) લખેલા તથા અગાઉના સમાજશાસ્ત્રીઓ અને સંશોધકોના કોઈપણ જાતના સ્પષ્ટ સંદર્ભો વગર (મૂળ પુસ્તકને પ્રસિદ્ધ કરનારી સંસ્થા, વર્ષ કે કયા પેજ ઉપર સંદર્ભઉલ્લેખ આવેલ છે) કરેલી નોંધ ને ખોટા ભાષાંતર સાથેનાં પુસ્તકોનો ઉપયોગ કરી ચલાવાય છે. તેવી જ રીતે એક જ સરખા શોધવિષયની પસંદગી કરી (સ્થળ કે વિસ્તાર બદલી નાખી) નિદર્શ, પદ્ધતિશાસ્ત્ર અને નિષ્કર્ષોની અન્ય થીસિસમાંથી બેઠી ઉઠાંતરી કરી પોતાની રજૂઆત કરવાનું વ્યાપક વલણ જોવા મળે છે. આ આજના સંશોધકો તથા અધ્યાપક માર્ગદર્શકોના પક્ષે અપ્રમાણિકતા દર્શાવે છે. ઉદાહરણ તરીકે જ્ઞાતિ ઉપર, આદિજાતિઓ ઉપર, સ્ત્રીઓના દરજ્જા, પરિવર્તનના અભ્યાસોમાં માત્ર પુનરાવર્તન જ થયેલું જોવા મળે છે. આવી જ ઘટિયા સ્થિતિ પરિસંવાદો તથા કૉન્ફરન્સમાં રજૂ થતાં શોધપત્રોની છે. થોડા અપવાદોને બાદ કરતાં મોટા ભાગનાં શોધપત્રો વિષયના સિદ્ધાંતો કે પારિભાષિક શબ્દોના ઉપયોગ વગરનાં માત્ર ગૌણ માહિતીના આધારે લખેલાં (અન્ય પુસ્તકોમાંથી ઉતારાઓ કરેલા) તથા જૂઠી પ્રાથમિક માહિતી સાથેના જોવા મળશે.

ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં પરિસંવાદો, પરિષદો અને કાર્યશાળાઓનું આયોજન સ્થાનિક, રાજ્ય, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે થાય છે. આ બધાની જ્ઞાનના પ્રસાર, વિનિમય અને સંવર્ધનમાં મહત્ત્વની ભૂમિકા રહેલી હોય છે. ખાસ કરીને વિવિધ વિષયો સાથે સંબંધિત શોધ સમસ્યાઓ સામાજિક બાબતો ઘટનાઓ અંગે શૈક્ષણિક વિમર્શ માટે તે મહત્ત્વનું પ્લૅટફૉર્મ પૂરું પાડે છે. અખિલ ભારતીય સમાજશાસ્ત્રીય પરિષદ દ્વારા દર વર્ષે એક કૉન્ફરન્સ યોજાય છે. એમાં ભારતભરના સમાજશાસ્ત્રના અધ્યાપકો, સંશોધકો તથા વિદ્યાર્થીઓ હાજર રહી પોતાની જાતને વિષયના સમકાલીન પ્રવાહોથી અવગત કરે છે. મેં પોતે આવી અનેક કૉન્ફરન્સમાં રૂબરૂ હાજરી આપી વિવિધ વિષયો ઉપર શોધપત્રો રજૂ કર્યાં હતાં. વધુમાં ભારતના પ્રસિદ્ધ સમાજશાસ્ત્રીઓને પ્રત્યક્ષ જોવાની અને સાંભળવાની તક પ્રાપ્ત કરી હતી. સમાજશાસ્ત્ર વિષયમાં રહેલા વૈવિધ્ય જાણવાની સાથે સમાજશાસ્ત્રીય જ્ઞાન અને સમજ પણ પ્રાપ્ત કર્યાં હતાં તેની ચર્ચાથી વિવિધ વ્યવસાયોનો ખ્યાલ આળતો. ખાસ કરી સિમ્પોઝિયમમાં વિદ્વાન સમાજશાસ્ત્રીઓ જ્યારે કોઈ એક સામાજિક બાબત કે સમસ્યા ઉપર ચર્ચા કરતા ત્યારે મને અધ્યાપક તરીકેની મારી ખામીઓ અને સંકુચિત જ્ઞાનનું ભાન થતું. યુનિવર્સિટીમાં અધ્યાપક હતો એટલે આ બધાનો લાભ મને યુનિવર્સિટીના ખર્ચે અને રજાઓ સાથે મળતો હતો. પરંતુ છેલ્લા દાયકામાં થોડા અપવાદોને બાદ કરતાં મોટા ભાગના અધ્યાપકો આવી પરિષદોમાં જ્ઞાનપ્રાપ્તિ માટે નહીં પરંતુ દેશના વિવિધ સ્થળોએ હરવા ફરવા માટે અને યજમાન સંસ્થાની સારી રહેવા-જમવાની સગવડો માણવા માટે આવતા. આવી પરિષદો પણ અલગ અલગ રાજ્યોમાંથી હજારથી વધુ સંખ્યામાં આવતા અધ્યાપકોના જમાવડો બની રહેતી. એમાં શીખવા-શીખવવાની વૃત્તિને બદલે ફરવાનું, હળવા, મળવાનું અને મજા કરવાનું વલણ સવિશેષ રહેતું. એટલે હું આવી પરિષદને કુંભનો મેળો કહેતો હતો. મારા જેવા થોડાક અધ્યાપકો આવી પરિષદોમાં અન્ય રાજ્યોમાંથી આવતા સમકક્ષ અધ્યાપકો સાથે સંપર્કસંબંધો સ્થાપિત કરતા જે પાછળથી એકબીજાના વિદ્યાર્થીઓની

પીએચ.ડી. થીસિસ પાસ કરાવવાના કામમાં આવતા.

ગુજરાતમાં રાજ્યકક્ષાના અનેક પરિસંવાદો અને પરિષદો સમાજશાસ્ત્રના અધ્યાપકો માટે યોજાતી જેમાં હું પણ સહભાગી થયો હતો. તેમાં સાદી હાજરીથી માંડી પેપર રજૂ કરનાર, પૅનલના રિપોર્ટર અને ચૅરમૅનની કામગીરી કરી હતી. ચર્ચાના મુખ્ય થીમની સાથે જોડાયેલ ત્રણથી ચાર વિશિષ્ટ મુદ્દાઓ પ્રમાણે પૅનલ બનાવી શોધપત્રો રજૂ થતા. શરૂઆતના બે દાયકામાં સહભાગી થવાથી વિષયનું વૈવિધ્ય જાણવાની સાથે કેટલાક રજૂ થયેલા શોધપત્રોમાંથી જ્ઞાન અને સમજ પ્રાપ્ત થતી હતી. ચર્ચા દરમિયાન અમારા ગુરુજનોની પેઢીના વિદ્વાનો દ્વારા જે જ્ઞાનસભર રસપ્રદ રજૂઆત થતી તેમાંથી ખૂબ જ શીખવાનું મળતું. ખાસ કરીને સમાજશાસ્ત્રના અધ્યાપક પાસે વાંચન, લેખન અને સંશોધનની કેટલીક સજ્જતા હોવી જોઈએ તેનો ખ્યાલ આવતો. પરંતુ પાછળથી છેલ્લા દાયકામાં આવા રાજ્યસ્તરના પરિસંવાદો અને પરિષદો એક ચીલાચાલુ રીતે દર વર્ષે કે સમયાંતરે થતી પ્રવૃત્તિ બની ગઈ છે. એમાં જ્ઞાનના સાચા વિનિમય કે વિચારવિમર્શને બદલે એકબીજા સાથે હળવું-મળવું, સંપર્ક ઊભા કરવા અને કારકિર્દી માટેનાં જરૂરી પ્રમાણપત્રો એકઠા કરવાના ઉદ્દેશો જ રહી ગયા. તેની પરાકાષ્ઠા તો ત્યારે જ આવી કે આયોજકો દ્વારા પોતાના અંગત સંપર્કોનો ઉપયોગ કરી મોટી સંખ્યામાં સહભાગીઓની નોંધણી કરી ભીડ ઊભી કરવી અને કાગળ ઉપર મોટી સંખ્યામાં બોગસ શોધપત્રો રજૂ થયેલા બતાવવાની હોડ જામી. આનાથી આગળ વધીને પરિસંવાદમાં ગેરહાજર અધ્યાપકોના તેમના હાજર રહેલા મિત્રો દ્વારા રજિસ્ટ્રેશન ફી ભરી પ્રમાણપત્ર મેળવવાની ગેરરીતિ શરૂ થઈ. ગુજરાત સમાજશાસ્ત્રીય પરિષદ નામના ગુજરાત રાજ્યના સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપકોના સંગઠનની ચારેક દાયકા પહેલાં રચના કરાઈ હતી. એમાં આજીવન સભ્ય થવા ઉપરાંત કારોબારીના સભ્ય, સહમંત્રી અને મંત્રી તરીકે કાર્યરત રહેવા, ઉપરાંત દરેક વાર્ષિક સંમેલનોમાં પેપર રજૂ કરનાર તરીકે અને સભાના ચૅરમૅન તરીકે મેં કામગીરી કરી હતી. શરૂઆતનાં પાંચ વર્ષ સુધી તો બધુ સરસ ચાલ્યું. પરંતુ, પાછળથી કેટલાક વરિષ્ઠ અધ્યાપકોના અહમ ટકરાવના કારણે તેમાં તડા પડ્યા અને પ્રમુખ મંત્રી અને હોદ્દેદારોની વરણીમાં ભયંકર રાજકારણ અને હુંસાતુંસી શરૂ થતાં પરિષદ આજે ખાડે ગઈ છે. શરૂઆતનાં વર્ષોમાં વિવિધ સમકાલીન વિષય મુદ્દાઓ ઉપર રસપ્રદ અને જ્ઞાનસભર રજૂઆત અને વિમર્શ થતાં. આજે એ લુપ્ત થઈ ગયાં છે. એક સમયે આવી પરિષદોમાં સરેરાશ ૧૫૦થી ૨૦૦ અધ્યાપકો ભાગ લેતા હતા પરંતુ હાલમાં થોડાકને બાદ કરતાં મોટા ભાગના અધ્યાપકો તેમાં આવતા બંધ થઈ ગયા છે અને તેમના બદલે એમ.ફિલ. અને પીએચ.ડી.ના શોધાર્થીઓથી જ પરિષદનાં સંમેલનો થવા લાગ્યાં છે.

ઉચ્ચશિક્ષણક્ષેત્રે કાર્યરત અધ્યાપકોની મહત્ત્વની ભૂમિકા પ્રવૃત્તિઓમાં પ્રકાશન એક અગત્યની બાબત છે. ખાસ કરીને યુનિવર્સિટીના અધ્યાપકોના મૂલ્યાંકન માટે તેના દ્વારા પ્રકાશિત લેખો અને પુસ્તકોનું આગવું મહત્ત્વ રહેલું છે. મેં વિશ્વ, દેશ અને રાજ્યના જાણીતા સમાજશાસ્ત્રીઓનાં શ્રેષ્ઠ લખાણો, પુસ્તકો અને જર્નલ વાંચ્યાં હતાં અને તેના દ્વારા વિષયને લગતું શ્રેષ્ઠ લખાણ કેવું હોવું જોઈએ, તેની પાછળ કેટલો અભ્યાસ હોવો જોઈએ, યોગ્ય શબ્દો અને અસરકારક ભાષા કેવી હોય, પોતાના લેખો કે પુસ્તકમાં અન્ય સંબંધિત લેખો અને પુસ્તકોના સંદર્ભો લઈ લખાણ સાથે કેવી રીતે સંકલિત કરવા જોઈએ વગેરેનો ખ્યાલ મેળવ્યો હતો. અન્યનાં સારા આદર્શ પ્રકાશનોને ધ્યાને લઈને મેં પણ ૬ પુસ્તકો તથા ૩૦થી વધુ લેખો પ્રકાશિત કર્યાં હતાં. મારાં આ પ્રકાશનો મોટા ભાગે અંગ્રેજી ભાષામાં લખાયેલાં હતાં અને તેનું વિષયવસ્તુ મારા એમ.ફિલ., પીએચ.ડી. શોધનિબંધો તથા રિસર્ચ પ્રોજેક્ટ પર આધારિત હતું. આ ઉપરાંત પરિસંવાદો અને પરિષદોમાં રજૂ કરેલાં કેટલાંક શોધપત્રોને પણ પ્રકાશનોમાં રૂપાંતરિત કર્યાં હતાં. આ બધાં પ્રકાશિત લખાણો તૈયાર કરવામાં

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, પારિભાષિક શબ્દાવલી અને યોગ્ય શબ્દોનો ઉપયોગ કરવા હું ખૂબ જ મથામણ કરતો. રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરના સમાજશાસ્ત્રીઓ મારાં લખાણોનાં વખાણ કરતા અને ક્યારેક નોંધ લેતા ત્યારે મારા હરખનો પાર નહીં રહેતો. મેં ગુજરાતી ભાષામાં પણ કેટલાંક પ્રકાશનો કર્યાં હતાં. જેમાં માનનીયશ્રી વિદ્યુતભાઈ જોશીસાહેબની પ્રેરણા અને પરામર્શનથી તૈયાર થયેલ અને ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત 'ઔદ્યોગિક સમાજશાસ્ત્ર' પાઠ્યપુસ્તક આજે પણ ગુજરાતની તમામ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિષયમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઉપયોગમાં લેવાય છે. આ પુસ્તકે મારી આગવી ઓળખ ઊભી કરી આપી છે. એ જ રીતે અધ્યાપક સંઘના મુખપત્ર દષ્ટિમાં પ્રગટ થયેલા 'ગુજરાતના કૉલેજ આચાર્યોની પરિસ્થિતિ પ્રશ્નો અને પડકારો' મારો લેખ તે પછીના તેના ત્રણ અંકો સુધી વાચકોમાં ચર્ચાનો વિષય બની રહેલો. જોકે નોકરીમાંથી નિવૃત્તિના સમયે મારું આત્મનિરિક્ષણ કરતાં મારામાં રહેલાં અંગ્રેજી-ગુજરાતી ભાષાની જાણકારી અને વ્યાપક ક્ષમતાઓનો મેં ઉપયોગ કર્યો નથી અને આ અંગે હું ઘણું બધું ચૂકી ગયો હોઉં તેવું લાગે છે.

આજે અધ્યાપકોની નિયુક્તિ અને બઢતી માટે પ્રકાશનકાર્ય મહત્ત્વનું ધોરણ છે. યુ. જી.સી.એ નિર્ધારિત કરેલા એકેડેમિક પરફૉર્મન્સ ઇન્ડેક્સ (API)માં તેનું ચોક્કસ મૂલ્ય રાખવામાં આવ્યું છે પરંતુ તાજેતરમાં આ સંદર્ભે જોતાં મોટા ભાગનાં પ્રકાશનો અત્યંત નબળા એટલે કે ઓછી ગુણવત્તાવાળાં જણાય છે. આ માટે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે પણ એક એવી ભ્રષ્ટ વ્યવસ્થા ઊભી થઈ છે. જેમાં અનેક ધંધાદારી પ્રકાશકો (મંડળ કે સંસ્થાઓ) I.S.B.N. નંબર ખરીદી લઈ અધ્યાપકોનાં અત્યંત નબળા લેખો અને પુસ્તકો રૂપિયા લઈ છાપી આપે છે. રૂપિયા લેવાની આ ભ્રષ્ટ રીત માટે તેઓ પ્રોસેસિંગ ફી એવો રૂપકડો શબ્દ વાપરે છે. હું પોતે અધ્યાપકોની નિયુક્તિ અને બઢતી માટેની પસંદગી માટેની અનેક સમિતિમાં નિષ્ણાત તરીકે કાર્ય કરી ચૂક્યો છું, જેમાં કેટલાક કિસ્સાઓ તો આઘાત આપી જાય છે. અનેક પ્રકાશિત લેખો તો અન્ય પ્રકાશિત સાહિત્યમાંથી બેઠા ઉતારા કરી પોતાની ટિપ્પણી સાથે રજૂ કરાયેલા હતા. આથી પ્રકાશન જેવા શુદ્ધ વિદ્યાકીય કાર્યને ધંધાદારી પ્રવૃત્તિ કે પૈસા કમાવાનો વેપાર બનાવી દેવાયો છે. ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિવિધ પ્રશ્નપત્ર અંગે ગુણવત્તાયુક્ત અધ્યયનસામગ્રી મળે તે માટે ગુજરાત રાજ્ય યુનિવર્સિટી પાઠ્યપુસ્તક મંડળ દ્વારા અનેક પાઠ્યપુસ્તકો લખાયાં છે, પરંતુ આની સામે કેટલીક ખાનગી પ્રકાશક સંસ્થાઓએ ઝડપથી અનેક પુસ્તકો ત્રણ-ચાર અધ્યાપકો પાસેથી લખાવી પ્રકાશિત કર્યાં છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ આવાં ખાનગી પ્રકાશનોના પુસ્તકોનો ઉપયોગ કરે છે. આવાં પુસ્તકો વિદ્યાર્થીઓને મદદરૂપ હોવા છતાં તે substandard કહી શકાય. કારણ કે તેમાં મૂળ સંદર્ભ પુસ્તકોની પૂરેપૂરી વિગતો ન આપતાં છેલ્લા પેજ ઉપર ચાર કે પાંચ પુસ્તકોની માત્ર યાદી આપી દેવામાં આવે છે. હું શરૂઆતમાં અમદાવાદની એક કૉલેજમાં અધ્યાપક હતો ત્યારે તેના એક અધ્યાપકે લખેલા પુસ્તકમાં 'ibid' કહે છે, તેવું લખી સંદર્ભ ટાક્યો હતો ! એની મને ખૂબ જ રમૂજ થતી હતી. આજે મોટા ભાગના વિદ્યાર્થીઓ વર્ગખંડમાં હાજર રહ્યા વગર માત્ર જૂની નોટ વાંચી પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થઈ જાય છે. આમ વર્ગખંડમાં શીખવવું અને શીખવવાની પ્રક્રિયાઓ જ લગભગ સમાપ્ત થઈ ગઈ છે. જે ભારતમાં ગુણવત્તાપાત્ર ઉચ્ચશિક્ષણના વિકાસને ભારે નુકસાન પહોંચાડી રહી છે.

(૩) અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને અધ્યયનપ્રક્રિયા : પહેલા વિદ્યાર્થી તરીકે અને બાદમાં અધ્યાપક તરીકે મને સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો જેવા કે બી.એ., એમ.એ., એમ.ફિલ. તથા પીએચ.ડી. કક્ષા

ઉપર સમાજશાસ્ત્ર વિષય શીખવા-શીખવવાનો અનુભવ પ્રાપ્ત થયો. વળી ગુજરાતની એમ. એસ. યુનિવર્સિટી વડોદરા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ભાવનગર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઉત્તર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઉપરાંત અન્ય રાજ્યોની યુનિવર્સિટીઓ જેવી કે મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી ઉદયપુર, પંડિત રવિશંકર યુનિવર્સિટી, રાયપુર, છત્તીસગઢની અભ્યાસ સમિતિઓમાં વિષય તરીકે મને પાઠ્યક્રમ નક્કી કરવામાં, સુધારવામાં, સહભાગી થવાની તક પણ મળી હતી. વળી, ૨૦૦૦ની સાલમાં સમાજશાસ્ત્ર વિષયમાં નવા તૈયાર કરાયેલા સમગ્ર ભારત દેશ માટેના પાઠ્યક્રમ અંગે અંતિમ વિચારણા કરી તેને મંજૂરી આપવા માટે રચાયેલા યુજીસીની સર્વોચ્ચ કમિટીમાં (peer committee) વિષય નિષ્ણાત તરીકે પ્રો. સોમ સુંદરમ, પ્રો. ધનાગરે તથા પ્રો. પી. જે. પટેલ જેવા ભારતના ખૂબ જ જાણીતા પીઢ સમાજશાસ્ત્રીઓ સાથે કામ કરવાનો મને અવસર પ્રાપ્ત થયો હતો. આ ઘટના મારા માટે અવિસ્મરણીય છે. એ પછી ૨૦૦૧થી ૨૦૦૫ દરમિયાન આ નવા બદલાયેલા અભ્યાસક્રમ અંગેના અનેક કાર્યશાળાઓમાં મેં વિષય નિષ્ણાત તરીકે કામ કર્યું. આવા મારા વ્યાપક અનુભવોના આધારે સમાજશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમો અંગે હું કેટલાંક અવલોકન કરી શકું છું. એમાં મને સ્નાતક કક્ષાએ એમ. એસ. યુનિવર્સિટીના અભ્યાસક્રમ વિદ્યાર્થી માટે શ્રેષ્ઠ લાગ્યો હતો. કારણ કે તેમાં સામેલ ૮ પેપરોમાં સમાજશાસ્ત્રની વિવિધ વિદ્યાશાખાઓનો પરિચય, શોધ, પદ્ધતિશાસ્ત્ર ઉપરાંત અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજનીતિશાસ્ત્ર, ધર્મ, તત્ત્વજ્ઞાન જેવા સામાજિક વિજ્ઞાનનું પ્રાથમિક જ્ઞાન પણ મળી જતું હતું. અનુસ્નાતક કક્ષાએ ભારતનું વસ્તીશાસ્ત્ર, સમાજશાસ્ત્રીય વિચારકોના મહત્ત્વનાં કાર્યો, સિદ્ધાંતો અને સંશોધન પદ્ધતિઓ તથા વિષયની પેટાશાખાઓનો સઘન પરિચય પણ મળી જતો. અહીં સૌથી નોંધપાત્ર બાબતો એ હતી કે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મૂળ સંદર્ભગ્રંથોનો જાતે જ અભ્યાસ કરતા. વર્ગખંડમાં ભણાવવા આવનાર અધ્યાપક એક ટૉપિક સાથે સંબંધિત ૪થી ૫ અંગ્રેજી સંદર્ભગ્રંથોનો ટાંકીને શીખવતા. એમાંના મુખ્ય મુદ્દાઓ અમે નોંધી લેતા. વર્ગખંડ પૂરો થતાં અમે ગ્રંથાલયમાં જઈ સંદર્ભગ્રંથો શોધી તેમાંનાં ઉપયોગી લખાણ નોંધી લેતા. એને વર્ગખંડના મુદ્દાઓ સાથે સાંકળીને પોતાની એક નોંધ જાતે તૈયાર કરતા. આ પ્રકારની નોંધનો ઉપયોગ કરીને અમે વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન ૮થી ૧૦ પૂર્વ સૂચિત પ્રશ્ન મુદ્દા ઉપર tutorial ટેસ્ટ આપતા. કેટલીક વખત વિદ્યાર્થીને પોતાની જ્ઞાતિ, ધર્મ, જાતિ અને ગામ ઉપર પાંચથી દસ પાનાંનું એસાઇન્મેન્ટ આપતા. દર વર્ષે ઓછામાં ઓછું બે વખત વિદ્યાર્થીઓને ગામ, સંસ્થા, ઉદ્યોગ કે સમુદાયની રૂબરૂ મુલાકાતે લઈ જતા. તેના આધારે તેમને એક અહેવાલ પણ તૈયાર કરવો પડતો. આ રીતે મારી વિષય- સજ્જતા કેળવાઈ હતી. આ પ્રાયોગિક કાર્યએ વિષયના અધ્યાપક તરીકે મારું ઘડતર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આજે પણ અધ્યાપક તરીકેની મારી સફળ કામગીરીનું શ્રેય મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં મને મળેલ ઉપરોક્ત તાલીમને આપું છું. એટલું જ નહીં, પરંતુ એ શૈક્ષણિક માહોલને અને એ સમયના મહાન અધ્યાપકોને હું સલામ કરું છું.

અગાઉ જણાવ્યા મુજબ એમ.ફિલ.નો અભ્યાસ મેં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદની સૌપ્રથમ બેચના વિદ્યાર્થી તરીકે કર્યો હતો. એ નિમિત્તે મેં એ સમયે વિષયનું અદ્યતન જ્ઞાન મેળવ્યું હતું. અહીં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોના જ્ઞાન મેળવવાની સાથે બે અનુભવજન્ય અભ્યાસો ઉપર લખાયેલા મોનોગ્રાફનું અધ્યયન કર્યું હતું. વળી, પદ્ધતિશાસ્ત્ર અને ત્રીજા વિશ્વના દેશોમાં સામાજિક સંશોધનો કેવી રીતે થયાં હતાં અને તેમાં કેવા પ્રશ્નો અને પડકારોનો સામનો કરવો પડ્યો તે અંગે ઉપયોગી જાણકારી મેળવી હતી. વધુમાં મારા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના એમ.એ.ના અભ્યાસ

દરમિયાન માસ્ટર એસે પ્રસ્તુત કરવાની અનિવાર્યતા ન હોવાથી હું જાતે સંશોધન કરી તેના આધારે લઘુશોધનિબંધ લખવાનું ચૂકી ગયો હતો તેની પરિપૂર્તિ મેં એમ.ફિલ. વખતે 'ખડાયતા બ્રાહ્મણ જ્ઞાતિમાં આવેલા શૈક્ષણિક તથા વ્યવસાય ગતિશીલતા' ઉપર શોધનિબંધ લખી પૂરી કરી હતી. એ જ રીતે ગુજરાત યુનિ. ખાતે સમાજશાસ્ત્ર વિભાગમાં શીખવા-શીખવવાની પ્રક્રિયાના ભાગ રૂપે વરિષ્ઠ અધ્યાપકો દ્વારા જે સજ્જતા સાથે વર્ગો લેવાતા અને વિદ્યાર્થીઓ સાથે વિચાર-વિમર્શ થતો હતો તેને મારામાં વિષયના જ્ઞાનની સાથે સાથે અધ્યાપકમાં કેવી સજ્જતા હોવી જોઈએ તેની પ્રતીતિ કરાવી હતી. એ વખતે દર ગુરુવારે વિદ્યાર્થીએ બધા જ અધ્યાપકોની હાજરીમાં ચોક્કસ વિષય પર સેમિનાર આપવાનો રહેતો. એમાં અધ્યાપકો દ્વારા રહી ગયેલા મુદ્દાઓની ખૂબ જ સર્જનાત્મક ટિપ્પણીઓ સાથે પરિપૂર્તિ થતી અને વિસ્તૃત ચર્ચા થતી. આ રીતે પણ મને આદર્શ અધ્યાપકની ભૂમિકાનો ખ્યાલ આવ્યો હતો. હજુ આજે પણ મને એ સેમિનાર ખંડની યાદ આવે છે. ખાસ કરીને સ્વ. તારાબહેન દ્વારા મારી રજૂઆતની મર્યાદાઓ દૂર કરવા થયેલાં સૂચનો સાંભરે છે. ૨૦ વર્ષ પહેલાંના મારા આ બધા અનુભવોનો ઉપયોગ હું સમાજશાસ્ત્ર અને અન્ય સામાજિક વિજ્ઞાનોના અધ્યાપકો માટેના રિફ્રેશર કોર્સમાં અસરકારક રીતે કરું છું. છેલ્લે સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચાલુ નોકરીએ કરેલ પીએચ.ડી.ના અભ્યાસમાં માર્ગદર્શક અંબુભાઈ પટેલનું ફ્રી લેન્સ માર્ગદર્શન, ક્ષેત્રકાર્યમાંથી પ્રાપ્ત વિગતો ઉપર સચોટ અનુભવજન્ય અવલોકનો કરવાં તથા મહારાજ સયાજીરાવ યુનિવર્સિટીની મારી તાલીમમાંથી પ્રાપ્ત કરેલ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો અને ખ્યાલોને અભ્યાસમાંથી પ્રાપ્ત કરેલ વિગતો સાથે સાંકળીને હું ચોક્કસ સમજૂતી આપવાનું શીખ્યો હતો. આ બધી શીખેલી બાબતોએ મને એક સફળ સંશોધક અને માર્ગદર્શક તરીકે તૈયાર કર્યો છે. મેં બી.એ., એમ.એ., એમ.ફિલ. અને પીએચ.ડી.નો અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં જ કર્યો હતો. પરિણામે મારી ઉંમરના તથા ત્યાર પછીના વરિષ્ઠ અધ્યાપકોની તુલનામાં હું અંગ્રેજી ભાષામાં સારું વ્યાખ્યાન અને લેખનકાર્ય કરી શકતો હતો. અંગ્રેજી ભાષાની સજ્જતાએ મને ગુજરાતમાં અને દેશના અન્ય રાજ્યની ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં વિશિષ્ટ કામગીરી કરવામાં સફળતા અને સ્વીકૃતિ અપાવી હતી. એમાં ખાસ કરીને UGC, UPSC અને NAAC જેવી રાષ્ટ્રીય સ્તરની ઉચ્ચતમ સંસ્થાઓમાંની મારી કામગીરીનો સમાવેશ થાય છે. મારા સમકાલીન અન્ય અધ્યાપકો માત્ર ગુજરાતીમાં જ સમજી-બોલી શકતા, અંગ્રેજી શીખવા અને બોલવામાં બીક કે શરમ સંકોચ અનુભવતા, જ્યારે હું કલાકો સુધી અંગ્રેજીમાં વ્યાખ્યાન લઈ શકતો અને સેમિનારમાં પ્રભાવી રજૂઆત કરી શકું છું. આમ સમગ્ર રીતે કહું તો મારા અંગ્રેજી માધ્યમના અભ્યાસોને કારણે મૂળ સંદર્ભગ્રંથોમાંથી સમાજશાસ્ત્ર વિષયનું જ્ઞાન મેળવવાનું અને તેની અભિવ્યક્તિ કરવાનું મને વિશેષ સમાર્થ્ય પ્રાપ્ત થયું હતું.

ગુજરાતમાં અન્ય સામાજિક વિજ્ઞાનોની માફક જ સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ પણ મારી દૃષ્ટિએ સમય પ્રમાણે ઓછો બદલાયેલો અને અનેક બાબતે અપ્રસ્તુત બની રહેલો લાગે છે. આ પરિસ્થિતિએ નવા સમાજશાસ્ત્રીય જ્ઞાનના સર્જન અને વિકાસમાં સ્થગિતતા લાવી દીધી છે. આને પરિણામે હાલમાં આપણો વિષય સૌથી મહત્ત્વનો હોવા છતાં વિદ્યાર્થીઓ સરકાર અને સમગ્ર સમાજ માટે અપ્રસ્તુત બનવાની સાથે કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. સામાજિક પરિવર્તનનું પેપર વર્ષોથી ભણાવતા. મોટા ભાગના અધ્યાપકોએ દાયકાઓ સુધી સુધારો કે બદલાવ કર્યા વગર જૂનો જ અભ્યાસક્રમ ભણાવે રાખ્યો (!) અને અભ્યાસક્રમ પરિવર્તનને ખાળવા માટે જાતજાતની યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવી રાખી ! વચ્ચે વચ્ચે દબાણ આવતા નાછૂટકે એકાદ પેપર નવું દાખલ કરવાનું કે વિષયવસ્તુ (content) યથાવત જ રાખીને માત્ર પેપરનું નામ જ બદલવાનું નાટક કરી

રાખ્યું. ૨૦૦૦ની સાલમાં યુ.જી.સી.એ નવા તૈયાર કરેલા અભ્યાસક્રમો ફરજિયાત દાખલ કરવાની સૂચના આપી ત્યારે પણ વ્યાપક કે મૂળભૂત ફેરફારો કર્યા વગર થોડાંક થીંગડાં (સુધારા દર્શાવી) મારી અભ્યાસક્રમ બદલ્યો છે તેવું દર્શાવી દીધું. યુ.જી.સી.ની સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ૩૦% અભ્યાસક્રમ ભણાવવાની સૂચનાનો દુરુપયોગ કરી નવાં પ્રશ્નપત્રોમાં પણ જૂના મનગમતા મુદ્દાઓ ઘુસાડી દઈ સલામતી મેળવી લીધી ! વળી અગાઉના વર્ષભરના અભ્યાસક્રમને સેમેસ્ટર સિસ્ટમમાં ઢાળવા માટે અગાઉના પેપરના બે ટુકડા કરી દઈ ચારથી પાંચ મુદ્દાનો સેમેસ્ટરવાઇઝ અભ્યાસક્રમ દર્શાવી દીધો. આ કુકર્મમાં મારો પણ સમાવેશ થાય છે ! એટલું જ નહીં, આપણા સમાજશાસ્ત્ર વિષયના વરિષ્ઠ અધ્યાપકોએ મહદંશે જૂના જ અભ્યાસક્રમોથી ગાડું ગબડાવી રાખ્યું. ઉદાહરણ તરીકે ૧૯૬૦-૬૫ના ગાળાના પારસન્સ અને મર્ટનને હજુ પણ આજે પણ તેઓ એના એ જ સ્વરૂપે ભણાવે છે તેવી જ રીતે સમાજશાસ્ત્રના વિચારકો ભણાવતા તે અંગે વર્તમાન સમયમાં થયેલ સમીક્ષા કે વધારાની ટીકા-ટિપ્પણીઓ કરાવી કે તેમનાં કાર્યોની સમકાલીન સમસ્યામાં કે સ્થિતિઓની સંદર્ભનાત્મક પ્રસ્તુતતાની ચર્ચા વગર જ ભણાવે રાખે છે. આ બધાના પરિપાક રૂપે હાલમાં આપણો વિષય અસ્તિત્વનો સ્વીકાર્ય અને ઉપયોગી બનાવવાના સંદર્ભે અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે તથા ઝડપથી અપ્રસ્તુત બની વિનાશ તરફ ધસી રહ્યો છે. આ સૌથી મોટી ચિંતાનો વિષય છે. નિવૃત્તિ બાદ પણ શૈક્ષણિક રીતે સક્રિય રહી પોશાક અને પોતાની જાતને અન્ય સમક્ષ રજૂઆતમાં અપ ટુ ડેટ કેમ રહેવું તે શીખ્યો હતો.

**સમાપન :**

યુનિવર્સિટી કક્ષાએ સમાજશાસ્ત્ર વિષયમાં અધ્યયન અને અધ્યાપનની લગભગ ચાર દાયકા સુધી કરેલી યાત્રામાંથી પ્રગટ થયેલા કેટલાક મહત્ત્વના અનુભવનું અવલોકન કરી મારા લેખનું હું સમાપન કરવા માંગું છું.

(૧) ભારતમાં ઉચ્ચશિક્ષણનો વિકાસ તપાસીએ તો જાણીતા શિક્ષણશાસ્ત્રી જે. પી. નાયકના મત મુજબ ત્રણ મુખ્ય સમસ્યાઓ જોવા મળે છે; જેવી કે (૧) સંખ્યાતમક વિકાસ, (૨) ગુણાત્મક વિકાસ અને (૩) સમાનતાવાદી વિકાસની સમસ્યા. આ ત્રણેય બાબતોના સંદર્ભમાં પશ્ચિમના વિકસિત દેશોની તુલનામાં આપણે ત્યાં ઉચ્ચશિક્ષણનો વિકાસ નબળો કે ઓછો થયેલો જણાય છે. વિકસિત દેશોમાં ઉચ્ચશિક્ષણમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું જે તે વયજૂથમાં પ્રમાણ ૪૫થી ૫૦ ટકાનું છે. જ્યારે ભારતમાં વધુમાં વધુ આપણે કૉલેજ જવાની વયજૂથના માત્ર ૧૮થી ૨૦ ટકાને જ પ્રવેશ આપી શક્યા છીએ. આવા નબળા સંખ્યાત્મક વિકાસની સાથે ગુણવત્તાવાળી દૃષ્ટિએ તો ભારતનું ઉચ્ચશિક્ષણ સૌથી વધુ નબળું રહ્યું છે. સમાજના બધા જ વર્ગ સમુદાયોનાં વિવિધ જૂથોમાં તેની અસમાન વહેંચણી થયેલી જણાય છે. આમ છતાં નેક પિયર ટીમના સભ્ય તરીકે ભારતનાં ૨૨થી વધુ રાજ્યોની અને ઉચ્ચશિક્ષણ સંસ્થાઓની મુલાકાત દરમિયાન નબળી ગુણવત્તાની સમસ્યા હોવાની સાથે ગ્રામીણ આદિવાસી વિસ્તારોમાં લગભગ દરેક તાલુકામથકોએ કૉલેજોને મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ મળી રહ્યા હોવાનું સ્પષ્ટ જણાય છે. એમાં પણ અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત જાતિઓ અને છોકરીઓનું પ્રમાણ સારા એવા પ્રમાણમાં જોવા મળે છે.

(૨) ઉચ્ચશિક્ષણની ગુણવત્તા સાથે જોડાયેલી સૌથી મહત્ત્વની બાબત અધ્યાપકોની પર્યાપ્ત સંખ્યામાં નિયમિત રીતે નિમણૂક સાથે તથા નિમણૂક પામેલા અધ્યાપકોની નિષ્ઠાપૂર્વકની સજ્જતા સાથેની ભૂમિકા ભજવણી સાથે જોડાયેલી છે. નેક પિયર ટીમના સભ્ય તરીકે સમગ્ર ભારતની આ સંદર્ભે સ્થિતિમાં મને એવું જોવા મળ્યું છે કે પૂરતી સંખ્યામાં અધ્યાપકોને નિયમિત નોકરીમાં ભરતી થયેલી નથી હોતી અને પાર્ટ ટાઇમ હંગામી અને મુલાકાતી અધ્યાપક દ્વારા શિક્ષણકાર્ય ચાલતું હોવાનું જણાય છે. આવા અધ્યાપકો એક બાજુ પોતાની કારકિર્દી

બનાવવાના ભાગ રૂપે નિયમિત નિષ્ઠાપૂર્વક કાર્ય કરતા જણાયા છે. વળી, પીએચ.ડી. સંશોધન, એ પૂર્વે નેટ-સ્લેટની પરીક્ષાની તૈયારી, અભ્યાસલેખો તૈયાર કરવામાં, એને પરિસંવાદોમાં રજૂ કરવામાં અને એને પ્રકાશિત કરવાની અને એ રીતે પોતાની શૈક્ષણિક સજ્જતા વધારવા માટે મથામણ કરતા જોવા મળે છે. આમ છતાં મૅનેજમેન્ટ આવા ઉમેદવારોને ઓછો પગાર આપી એમનું શોષણ કરતી હોય છે. વળી, આ ઉમેદવારોની નિમણૂક કાયમી ના હોવાથી તેઓ અસલામતી અનુભવતા હોય છે. આ બાબત તેમની ભૂમિકાને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે. બીજી બાજુ થોડાક અપવાદને બાદ કરતાં મોટા ભાગના કાયમી અધ્યાપકો એક લાખથી બે લાખ સુધીનો પગાર મેળવતા હોવા છતાં વાંચવા-લખવાનું બંધ કરી દઈ સંશોધનપ્રવૃત્તિનું કામ પણ બાજુમાં મૂકી દઈ સૌથી વધુ કામચોરી કરતા જણાય છે. આ અધ્યાપકોએ તેમની અતિ સલામતીની પરિસ્થિતિમાં અને સમૃદ્ધ પરિસ્થિતિના કારણે ભણવા-ભણાવવાનું કામ મૂકી દઈ મોટાં નવાં મકાનો બાંધવાં, નવી નવી કાર ખરીદવી, વર્ષે એક વાર દેશમાં કે વિદેશમાં ખર્ચાળ પ્રવાસ કરવા લાગ્યા છે. તેમનામાં વિકસેલી આવી જલસા સંસ્કૃતિએ ઉચ્ચશિક્ષણની દશા અને દિશા બગાડી દીધી છે.

(૩) જૂની પેઢીના અધ્યાપકોમાં જ્ઞાનના અહમની તથા નવી પેઢીના અધ્યાપકોમાં જ્ઞાનના અભાવની સમસ્યાગ્રસ્ત સ્થિતિએ અનુક્રમે સમાજશાસ્ત્રના જ્ઞાનાત્મક વારસાને પેઢી-દર-પેઢી હસ્તાંતરિત થતો અટકાવી દઈને તથા નવા જ્ઞાનની પ્રાપ્તિને રોકી દઈ વિષયને ભારે નુકસાન કર્યું છે. મેં પોતે મારા વડોદરા, અમદાવાદ અને વિદ્યાનગર ખાતેના અધ્યયન અને અધ્યાપનકાર્ય દરમિયાન આ સમસ્યાનો સામનો કર્યો છે. જ્ઞાનના અહમ્‌ના કારણે વરિષ્ઠ અધ્યાપકોનાં બે તડ પડી જતાં અને વિદ્યાર્થીઓને પોતાના કે હરીફ ના ગણી તેમની તરફ પક્ષપાત, ભેદભાવ અને ઉપેક્ષા કરતા. પરિણામે હોશિયાર અને સારા વિદ્યાર્થીઓને કારકિર્દીવિષયક નુકસાન થતું તથા ખોટી શીખ મળતી, જ્યારે નબળા પરંતુ સ્માર્ટ વિદ્યાર્થીઓ અધ્યાપકોને મશકા મારી તેમના અહમને પંપાળીને, વળી તેઓ માત્ર તેમના વફાદાર હોવાની ભ્રમણા ફેલાવી સારા માર્ક્સ અને અન્ય કારકિર્દી વિષયક લાભ મેળવી લેતા. તેવી જ રીતે નવા જોડાતા અધ્યાપક ઉપર તે ફલાણા સાહેબનો છે તેને લીધે નોકરીમાં પસંદ થયો છે તેવો પ્રચાર કરી સ્ટેમ્પિંગ લગાવી દેવાતું. આવી પરિસ્થિતિને અધ્યાપકોમાં એકતા અને સમૂહ ભાવનાથી કામ કરીને વિભાગનો જ્ઞાનાત્મક વિકાસ અવરોધતી તથા ચાપલૂસીની સંસ્કૃતિ વિકસાવી, આભાસી, છીછરો કે જૂઠો વિકાસ કરાવતી.

(૪) આગલી પેઢીના અધ્યાપકો વર્તમાન પેઢીમાં આદર્શ ગણાતા હોવા છતાં તેઓ તેમના વિદ્યાર્થીઓમાં વાંચનનો બહોળો શોખ, વિદ્વત્તા પ્રાપ્તિની વિવિધ રીતો, સંશોધનો અને પ્રકાશનકાર્ય માટેના વાજબી આગ્રહ કેળવવામાં અને સખત મહેનત કરવાની વૃત્તિ તથા શાલીન રીતભાતોનું વાતોનું હસ્તાંતરણ કરવામાં મહદ્‌અંશે નિષ્ફળ રહ્યા હતા. આવી સ્થિતિએ સમાજશાસ્ત્રના સમકાલીન વિકાસને અટકાવીને એને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આવી જ સ્થિતિ માટે અમારા પેઢીના અધ્યાપકો પણ જવાબદાર છે. એમણે એમના હાલમાં અધ્યાપક બનેલા વિદ્યાર્થીઓમાં જ્ઞાનની સાચવણી અને સંવર્ધનના સંદર્ભે લગભગ નિષ્ફળ કે નિષ્ક્રિય કામગીરી કરી છે. આમ સમગ્ર રીતે કહીએ તો પેઢી-દર-પેઢી વિષયનો જ્ઞાનાત્મક વિકાસ થવાને બદલે તેનું પોત પાતળું પડતું જાય છે જે માટે બદલાયેલા વાતાવરણમાં અધ્યાપકોએ વિદ્યાર્થીઓને દયા કે મરજી પ્રમાણે જીવવાની પરિસ્થિતિ તથા અધ્યાપકોમાં ઘટતી જતી કાર્યનિષ્ઠા મુખ્યત્વે જવાબદાર છે.

(૫) સમાજશાસ્ત્ર વિષયમાં અમારી આગળની ગુરુઓની પેઢીમાં વાંચન ખૂબ જ નિયમિત તથા વ્યાપક રહેતું પરિણામે વિષયની સમજ શીખવવાની પ્રભાવી પદ્ધતિ તથા શીખવવાની નિષ્ઠા ખૂબ જ હતી. પરંતુ તે

પૈકીના ઘણાબધા અધ્યાપકોએ વાંચવાની સાથે લખવાનું કામ ખૂબ જ ઓછું કર્યું હતું. આને કારણે તેમના પછીની પેઢીના વિદ્યાર્થીઓ અધ્યાપકોને તેમનો જ્ઞાનાત્મક વારસો સચવાયેલો ન મળ્યો. ખાસ કરીને વિષયને લગતાં સારાં પુસ્તકો અને લેખો ન મળતાં નબળાં લખાણવાળાં પુસ્તકોનો ઉપયોગ નવી પેઢી માટે અનિવાર્ય બન્યો જે તે વિષયનું ધોવાણ કરી નબળો પાડ્યો.

(૬) અમારી આગળની પેઢીના અધ્યાપકો અંગ્રેજીમાં ભણેલા અને અંગ્રેજીમાં ભણાવતા હતા. જ્યારે મારી પેઢીમાં મારા જેવા કેટલાક અધ્યાપકો અંગ્રેજીમાં ભણ્યા હતા પરંતુ ગુજરાતીમાં ભણાવવાનું આવતાં તેનાથી વર્ગખંડમાં એક પ્રકારની સંદેશાવ્યવહારની ઉણપ રહેતી. મારી પોતાની વાત કરું તો શરૂઆતના બે વર્ષોના અધ્યાપનકાર્ય દરમિયાન મૂળ અંગ્રેજીમાં આવેલા વિષયના ખ્યાલો અને સિદ્ધાંતો મારે યોગ્ય ગુજરાતી પર્યાય શબ્દો શોધી વાપરીને વિદ્યાર્થીઓને સમજાવવામાં ખૂબ જ મુશ્કેલી પડતી. એમાં પણ શુદ્ધ-પરિશુદ્ધ દુર્બોધ ગુજરાતી શબ્દોનો ઉપયોગ કરી ભણાવતા વિદ્યાર્થીઓને ઘણી વાર સમજ પડ્યા વગર ઉપરથી જતું રહેતું હતું. આ સંદર્ભમાં જ અતિ વિદ્વાન ઠાકરસાહેબ માટે વિદ્યાર્થીઓ ખૂબ જ અઘરું ભણાવતા હોવાની ફરિયાદ કરતા હતા. હું પણ આ જ સંદર્ભમાં જ લગભગ બે વર્ષ સુધી વિદ્યાર્થીઓમાં અસ્વીકાર્ય બન્યો હતો. આવા પારિભાષિક શબ્દોનું એક ઉદાહરણ આપું તો આ વાત વધુ સ્પષ્ટ થઈ જશે. અંગ્રેજીમાં એક શબ્દ concept છે ગુજરાતી ભાષામાં પર્યાય સંકલ્પના કે વિભાવના છે. આ પર્યાયોનો ખરો સંદર્ભ સમજવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડતી હતી. પરંતુ એ માટે 'ખ્યાલ' શબ્દ વાપરીએ તો વિદ્યાર્થીઓને આખી વાત ગળે ઊતરી જતી. અમારી પછીની ત્રણ પેઢીના અધ્યાપકો માત્ર ગુજરાતી વિષય ભણ્યા અને ભણાવે છે પણ ગુજરાતીમાં. તેમને વિદ્યાર્થીઓ પણ તેમના જેવા જ મળ્યા છે. માટે વર્ગખંડમાં સરસ રીતે એમનું ગાડું દોડે છે. આને સફળ આંતરક્રિયા કહીશું. પરંતુ મોટાભાગના આવા અધ્યાપકો અંગ્રેજી ભણવા-સમજવાની વાત તો બાજુ પર પણ તેનાથી ગભરાતા હોવાથી તેમને વિષયના મૂળ સંદર્ભો ચકાસવાને બદલે સબસ્ટાન્ડર્ડ ગુજરાતી ભાષામાં લખેલાં પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરી વિષય ભણાવવો પડે છે. આ રીતે એમણે વિષયને ભારે નુકસાન પહોંચાડી તેનું ધોવાણ કર્યું. અમારા જેવા અંગ્રેજીમાં ભણેલા અને જાણકાર અધ્યાપકોએ પૂરતા પ્રમાણમાં ગુજરાતીમાં લખાયેલાં સારાં પુસ્તકો પૂરાં ન પડ્યાં એ પણ હકીકત છે. જેના માટે હું પણ પૂરતો દોષિત છું. પરંતુ મારા પછીની પેઢીના કેટલાક અધ્યાપકોએ ગુજરાતીમાં ખૂબ જ લખાણ કર્યું. પરંતુ તેમાં વિષયને બદલે સામાજિક પ્રશ્નોને જ કેન્દ્રમાં રાખ્યા. એમણે સમાજશાસ્ત્રીય પરિભાષામાં લેખન ના કર્યું પરંતુ પત્રકારત્વની શૈલીમાં લખે રાખ્યું. અમારી પેઢીના મોટાભાગના અધ્યાપકો કમ્પ્યૂટર ઇન્ટરનેટ ઇ. રિસોર્સિસ અને ઇ-લર્નિંગની બાબતમાં ખૂબ જ નબળા હતા. પરિણામે તેઓ વિષયને નવીનતમ જ્ઞાન અને જાણકારીથી લગભગ વિમુખ રહી ૧૯૬૫-૭૦ સુધીના સમાજશાસ્ત્રીય જ્ઞાનને તેમની નિવૃત્તિ કાળ સુધી દીધે રાખ્યું. આમ અમારી અને નવી પેઢીની અધ્યાપકોની શીખવામાં જાણવામાં રહેલી કચાશનો ભોગ હાલના વિદ્યાર્થીઓ બન્યા. પરિણામે એમની વિષયઅભિમુખતા અને સજ્જતા નહિવત્ બની રહી.

(૭) સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે અને ત્યારબાદ લગભગ ૩૮ વર્ષો સુધી તેના અધ્યાપક તરીકે મેં ચોક્કસ રૂપે એવું અનુભવ્યું છે અને હજુ આજે પણ હું દૃઢ રીતે માનું છું કે આપણા સમાજશાસ્ત્ર વિષયની તાકાત જબરજસ્ત છે. આ તાકાત તેના સર્વગ્રાહી અને સર્વસમાવેશક અભ્યાસ પરિપ્રેક્ષ્યમાં રહેલી છે. એ માનવસમાજને તેમાં બનતી ઘટના, પરિસ્થિતિ, વ્યવહાર તથા સમસ્યાઓનો તેના સામાજિક સાંસ્કૃતિક પાસાંઓને સવિશેષ ધ્યાનમાં રાખવાની સાથે સાથે સમગ્રતામાં અભ્યાસ કરી આ બધાની સર્વગ્રાહી સચોટ સમજ કે

સમજૂતી પૂરી પાડે છે. તેના આવા સર્વવ્યાપી અને સર્વ સમાવેશક સ્વરૂપને આ કારણે જ સમાજશાસ્ત્રને બધા જ સામાજિક વિજ્ઞાનની માતા તરીકે ઓળખવામાં આવે છે. આ જ સંદર્ભમાં સરદાર પટેલ યુનિ.ના અનુસ્નાતક અંગ્રેજી વિભાગના સ્થાપક અધ્યક્ષ આર. એ. દવેસાહેબે મારી સાથે એક દિવસ વાતચીત કરતાં જણાવ્યું હતું કે જયપ્રકાશ, તારું સમાજશાસ્ત્ર તો ખરું હો ! મેં આ અંગે તેમની પાસે વધારે સ્પષ્ટતા માંગી. ત્યારે એમણે હસતાં હસતાં મને કહ્યું કે તમે લોકો (સમાજશાસ્ત્રીઓ) ગમે તે વસ્તુનું સમાજશાસ્ત્ર બનાવી દો. મેં કહ્યું કે ઉદાહરણ આપો. તો એમણે કહ્યું કે તમે કહી દો કે 'ભજિયાંનું સમાજશાસ્ત્ર'. મેં પૂછ્યું કે એ કેવી રીતે ? તો એમણે જવાબ આપ્યો કે તમે લોકો કહેશો કે ભજિયાની લારી ઉપર સમાજના કયા વર્ગના લોકો ભેગા થાય છે ? તેમની વચ્ચે કેવી આંતરક્રિયા થાય છે ? વગેરે વગેરે. તેમની આવી વ્યંગ્યાત્મક વાતમાં પણ સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યની વ્યાપકતાનો ખ્યાલ આવે છે. સામાન્ય રીતે આપણે સૌ વર્ગખંડમાં એવું ભણાવીએ છીએ કે જ્યાં બે કે તેથી વધુ વ્યક્તિઓ ભેગી મળે ત્યાં જ આપણું સમાજશાસ્ત્ર શરૂ થઈ જાય છે પરંતુ હું તો તેનાથી આગળ વધીને એવું કહું છું કે સ્થૂળ રીતે એકલી દેખાતી વ્યક્તિની અને મનોવ્યાપારમાં પણ તેની સાથે રોકાયેલી બીજા વ્યક્તિઓ તથા સમૂહનો સામાજિક સંદર્ભ રહેલો હોય છે એને શોધીને દર્શાવવાનું કામ માત્ર સમાજશાસ્ત્રીઓ જ કરે છે. આજે પણ આપણા સમાજશાસ્ત્રીય ખ્યાલો, સિદ્ધાંતો અને સંશોધન પદ્ધતિશાસ્ત્રનો મનોવિજ્ઞાન, રાજનીતિશાસ્ત્ર, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજકાર્ય, વ્યવસ્થાપન અને તબીબીશાસ્ત્રમાં વ્યાપક ઉપયોગ થાય છે. આ આપણા સમાજશાસ્ત્ર વિષયની મૂળભૂત તાકાત દર્શાવે છે. ધંધો રોજગાર કે ઉત્પાદન કે વેચાણ જેવી આર્થિક પ્રવૃત્તિ હોય કે મતદાન કે ચૂંટણી જેવી રાજકીય પ્રક્રિયા હોય તે બધા પાછળ સામાજિક-સાંસ્કૃતિક પરિબળો નિર્ણાયક હોય છે. એનો સાચો સંદર્ભ સમજવા-સમજાવવાની ખરી તાકાત માત્ર આપણા સમાજશાસ્ત્ર પાસે જ છે. 'સોશિયલ એન્જિનિયરિંગ' તથા 'સોશિયલ ડિસ્ટન્સિંગ' જેવા હાલમાં ખૂબ જ વ્યાપક રીતે વપરાતા શબ્દો પણ આપણા સમાજશાસ્ત્રની બહુમૂલ્યતા સૂચવે છે. દુર્ભાગ્ય એ છે કે બીજા વિષયના લોકો સમાજશાસ્ત્ર વિષયની મહત્તા અને તાકાતને ઓળખી કાઢી તેનો ઉપયોગ કરી પોતાના વિષયની દુકાન સરસ ચલાવે છે. પરંતુ આપણને એટલે કે સમાજશાસ્ત્રીઓને તેનું ભાન નથી ! ચાલો, આપણે સૌ આપણા વિષયની આ તાકાત પુનઃ પ્રસ્થાપિત કરીએ. આપણે વર્તમાન પેઢીના વિદ્યાર્થીઓમાં અને અધ્યાપકોમાં સાચું સ્પિરિટ જગાવીને પાછળ પડી રહેલા આપણા સમાજશાસ્ત્રને ફરી આગળ લાવવાનું કામ કરવાનું છે ને આ રીતે સમાજ, સરકાર જાહેર અને રોજગાર ક્ષેત્રમાં સમાજશાસ્ત્રની પ્રતિષ્ઠાને પુનઃ પ્રસ્થાપિત કરવાની છે.

(૮) સમાજશાસ્ત્રને હજુ આજે પણ આપણે માત્ર તેના શુદ્ધ અને સૈદ્ધાંતિક સ્વરૂપમાં જ ભણાવી રાખીએ છીએ. એટલે સમકાલીન સમાજની સમસ્યાઓનો ઉકેલ કે નિરાકરણના કાર્યથી આપણું શાસ્ત્ર વિમુખ થઈ ગયું છે. આ રીતે સમાજ અને સરકાર માટે એ અપ્રસ્તુત બની ગયું છે. ખાસ કરીને આપણા સમાજશાસ્ત્રીય જ્ઞાનની વ્યવહારુ ઉપયોગિતા સમાજ, સરકાર, સ્વૈચ્છિક સંગઠનો, ઉદ્યોગ રોજગારનાં ક્ષેત્ર સમક્ષ સિદ્ધ કરી બતાવવામાં આપણે નિષ્ફળ ગયા છીએ. આ રીતે સમાજશાસ્ત્ર નબળું સાબિત થયું છે. વધુમાં તેનો અભ્યાસ પૂર્ણ કરી બહાર પડેલા વિદ્યાર્થીઓને ટીચિંગ સિવાય સંશોધન સમાજકાર્ય સરકારી કાર્યક્રમોનું અમલીકરણ કરતી સરકારી અને બિનસરકારી સંસ્થાઓમાં પણ નહિવત્ રોજગારી પ્રાપ્ત થાય છે. દુઃખની વાત તો એ છે કે આપણા વિષયના સિદ્ધાંતો અને સંશોધનપદ્ધતિઓને વ્યવહારુ અભિગમથી ભણાવી સમાજકાર્યમાં સ્નાતક તથા અનુસ્નાતકની પદવી મેળવનાર આ વિદ્યાર્થીઓ સરકારી તથા સ્વૈચ્છિક

સંસ્થાઓમાં ઓછામાં ઓછા એક લાખના પગારની નોકરી મેળવી જાય છે. જ્યારે સમાજશાસ્ત્રમાં બી.એ. તથા એમ.એ. થનાર વિદ્યાર્થીઓ બેકાર રહીને કુટુંબ, ગામ અને સમાજમાં આબરૂ ગુમાવીને ભારે નિરાશા- હતાશાનો ભોગ બને છે. આપણે પણ સમાજશાસ્ત્રમાં વ્યવહારલક્ષી સંશોધનની તથા ક્રિયાત્મક સમાજશાસ્ત્રની માત્ર વાતો કરી ખાધી, પરંતુ સાચા અર્થમાં તેનો અમલ ના કરી શક્યા. આ જ સંદર્ભમાં હું સમાજશાસ્ત્રની વર્તમાન પેઢીના અધ્યાપકોને સાચા અર્થમાં વ્યવહારલક્ષી, સમસ્યાલક્ષી બનવા અને વિષયના વ્યવસાયીકરણ કરવા માટે ખાસ અપીલ કરું છું. ખાસ કરીને સમાજશાસ્ત્રમાં સંશોધન કરતા અને કરાવનારાઓને સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો અને ખ્યાલો સાથે પોતાનો ઉપયોગ કરી સમાજની વિવિધ પ્રથાઓ કે વ્યવહારો સાથે જોડી સમસ્યાના નિરાકરણ કે સામાજિક વ્યવહારમાં સુધારણા લાવવા માટેની સ્પષ્ટ સમજૂતી અને નક્કર સૂચનો (ઉપાયો) કરવા માટે પણ વિનંતી કરું છું.

(૯) સમાજશાસ્ત્રની ગઈ કાલ, આજ અને આવતી કાલને જો મારે સ્પષ્ટ શબ્દોમાં દર્શાવવી હોય તો હું તેમ કહી શકું કે તેનો ભૂતકાળ ભવ્ય હતો, વર્તમાન નબળો અને નિરાશાજનક છે જ્યારે તેનું ભાવિ ચિંતાજનક છે. વર્તમાન પેઢીના અધ્યાપકોએ ભૂતકાળના અભ્યાસુ અધ્યાપકોને યાદ કરી પોતાના આદર્શ બનાવી તેમના વાંચન, લેખન, સંશોધન, પ્રકાશન અને શિક્ષણની પદ્ધતિઓ અને ટેવોનું અનુસરણ કરવાનું છે. એમણે તેમના સમયની જ્ઞાનની સાચવણી સંયમ અને સંવર્ધનની પરંપરા જાળવી રાખીને વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રને ટકાવી રાખવાનું અને વિકસાવવાનું છે. તેઓ તેમના વિદ્યાર્થીઓમાં ગ્રંથાલય અને સંશોધન આધારિત જ્ઞાનાત્મક વારસાને ટકાવી રાખવા ઉપરાંત નવી પેઢીમાં હસ્તાંતરણ કરી આગળ વધારવાનો છે. સમાજશાસ્ત્ર વિષયના ચીલાચાલુ વ્યવસાયો ન માપે જતાં, તેના વાસ્તવિક મહત્ત્વ અને વ્યવહારુ ઉપયોગિતા અંગેની સાચી સમજ વિદ્યાર્થીઓમાં વિકસાવવાની છે. અધ્યાપકોએ પોતે પણ વાંચન અને સંશોધન પ્રકારની પ્રવૃત્તિઓ વધારી, સમાજશાસ્ત્રમાં આવતા નવા જ્ઞાનથી પ્રાપ્ત કરી, વિદ્યાર્થીઓને તેનાથી પરિચિત કરી આપણા વિષયનાં સ્થાન, તેમાં રહેલી શ્રદ્ધાને ટકાવી રાખવાની સાથે વિષયને જીવતો રાખવાની અને વિકસાવવાની જવાબદારી નિભાવવી પડશે.

ભારતમાં વસતા પ્રત્યેક નાગરિકે નિસબત ધરાવતા નાગરિક બનવું જ રહ્યું. તો જ ભારત વિશ્વમાં પ્રથમ હરોળનું રાષ્ટ્ર બની શકશે. આવો નિસબત ધરાવતો નાગરિક શિક્ષણના માધ્યમ દ્વારા જ બની શકે. સમાજ સામે તોળાઈ રહેલી મૂલ્યોની, ચારિત્ર્યની, સંસ્કૃતિની કટોકટીનો ઉપાય શિક્ષણ પાસે જ છે. પરિવર્તન ઈચ્છતા સૌ કોઈ શિક્ષણક્ષેત્ર પાસે જ અપેક્ષા રાખે છે. બાળકો જો આવતીકાલનું જગત હોય તો તેમના શિક્ષણમાં મૂળભૂત પરિવર્તન અનિવાર્ય છે. આવા પરિવર્તનનો સાચો અભિગમ એ છે કે સમાજ પરિવર્તન અને વ્યક્તિ પરિવર્તન સાથે ચાલે.

વિશ્વના ઉન્નત દેશો શિક્ષણને રાષ્ટ્રની શક્તિ અને વિકાસના માધ્યમરૂપે જોવા લાગ્યા છે. લોકતંત્રનો સૌથી મોટો પડકાર એ છે કે સમાજજીવનને સરકારના પ્રભુત્વથી બચાવવું. આપણી રાજનીતિ, અર્થનીતિ, સમાજનીતિ, માનવધર્મ, બાળશિક્ષણ, પ્રૌઢશિક્ષણ સહિતનું સમગ્રતાનું શિક્ષણ એ જીવનનીતિ બનવી જોઈએ. આજની ચિંતાજનક પરિસ્થિતિ જોતાં ૨૧મી સદીના પડકારોને ઝીલવા સંબંધકર્તા સૌએ સંગઠિત થઈ એક ઘોષણાપત્ર તૈયાર કરવું જ રહ્યું.

**– વિમલા ઠકાર**

## સમાજશાસ્ત્રી પ્રો. કે. એમ.કાપડિયાનું સમાજશાસ્ત્રમાં પ્રદાન (૧૯૦૮-૧૯૬૭)

– પ્રો. મનુભાઈ એચ. મકવાણા*

કનૈયાલાય મોતીલાલ કાપડિયા, મૂળ નવસારી, ગુજરાતના વતની. ૧૯૩૦માં મુંબઈની વિલ્સન કૉલેજમાંથી સ્નાતકની પદવી (બી.એ.) પ્રથમ વર્ગ સાથે મેળવી. તેઓને શાળા જીવનથી જ સંસ્કૃત ભાષા પ્રત્યે લગાવ હતો. નાની ઉંમરે તેઓએ 'વૈષ્ણવ ધર્મ'નાં ઘણાં પુસ્તકો સંસ્કૃતમાં વાંચેલાં. આ તેમનો લગાવ કૉલેજકાળમાં પણ રહેલો. સ્નાતક કક્ષાના પોતાના અભ્યાસમાં પણ તેઓએ સંસ્કૃત વિષય (નો અભ્યાસ કરેલો) લીધેલો. તેમને આ સંસ્કૃત અને (પ્રાશ્વવિદ્યા) ભારતીય વિદ્યાની પૂર્વભૂમિકા સાથે તેઓ સમાજશાસ્ત્રમાં આવ્યા હતા. સ્નાતક થવા સાથે તેમની લાયકાતને કારણે તેમની નિમણૂક 'દક્ષિણામૂર્તિ' ફેલો તરીકે થયેલી. ૧૯૩૦માં તેઓ પ્રો. જી. એસ. ઘૂર્યેને મળ્યા. ચર્ચામાં તેમણે બોમ્બે સ્કૂલ ઑફ ઈકૉનૉમિક્સ અને સોશિયોલૉજી, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈમાં પોતે પીએચ.ડી. કરવાનો વિચાર છે તેમ જણાવ્યું. તેઓનો 'હિન્દુ સગાઈ સંબંધો' - Hindu Kindship ઉપરનો અભ્યાસ ૧૯૪૭માં પોપ્યુલર બુક ડેપો, મુંબઈ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેઓનો બીજો આવો જ ખૂબ ખ્યાતનામ અભ્યાસ 'ભારતમાં લગ્ન અને કુટુંબ' ભારતની અનેક યુનિવર્સિટીઓમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમનો ભાગ બની રહ્યો છે. મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગના વડા તરીકે પ્રો. જી. એસ. ઘૂર્યેની નિવૃત્તિ પછીથી તેઓ નિયુક્તિ પામેલ તેઓના માર્ગદર્શન હેઠળ ૧૭ (સત્તર) વિદ્યાર્થીઓએ પી.એચ.ડી.ની પદવી અને ૦૪ (ચાર) વિદ્યાર્થીઓએ અનુસ્નાતક કક્ષાએ સંશોધન કાર્ય કરીને પદવી પ્રાપ્ત કરી હતી. પ્રો. કાપડિયાએ પોતાની કઠિન આર્થિક સ્થિતિ અને સતત માંદગીમાં પણ સમાજશાસ્ત્રમાં બહુ જ મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

**સમાજશાસ્ત્રમાં પ્રદાન :**

વર્ષ ૧૯૪૭માં પોપ્યુલર બુક ડેપો, મુંબઈ દ્વારા 'હિન્દુ કિનશિપ' ઉપરનું પુસ્તક (શોધનિબંધ) પ્રકાશિત થયા પછીથી ૧૯૬૩ સુધી તેમના જુદા-જુદા વિષય/મુદ્દાઓને લઈને લખાયેલાં લખાણ પ્રકાશિત થતાં રહ્યાં છે. આપણે તે યાદી જોઈએ તો તેમાં, ૧૯૫૦માં પોપ્યુલર બુક ડેપો, મુંબઈ દ્વારા પ્રકાશિત 'ધ હિન્દુ કોડ બિલ : અ ક્રિટિકલ સ્ટડી' તેમજ ૧૯૫૦માં જ પ્રકાશિત 'ધ મેટ્રિલીનિયલ સોશિયલ ઓર્ગેનાઇઝેશન ઓફ ધી નાગા ઑફ આસામ', ૧૯૫૩માં 'ધ હિન્દુ મેરેજ એન્ડ ડિવોર્સ બિલ : અ ક્રિટિક્ટ સ્ટડી', ૧૯૫૪માં પ્રો. ઘૂર્યે અભિવાદન ગ્રંથ (સંપા.) વગેરે પોપ્યુલર બુક ડેપો, મુંબઈ દ્વારા જ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પરંતુ તેમનું 'મૅરેજ ઍન્ડ ફેમિલી' પુસ્તક ખૂબ પ્રસિદ્ધ છે.

પ્રો. કાપડિયાના પુસ્તકો ઉપરાંત સામાયિકમાં પણ લેખ છપાયા છે. આપણે તે જોઈએ તો

(૧) ક્રિમિનલ ટ્રાઇબ્સ ઑફ ઇન્ડિયા, સોશિયોલૉજિકલ બુલેટિન વૉલ્યુ. ૧, નં-૨, ૧૯૫૪.

(૨) ચેન્જિંગ પેટર્ન્ડ ઑફ હિન્દુ મૅરેજ ઍન્ડ ફૅમલી, સોસિયોલૉજીકલ બુલેટિન, વૉલ્યુ. ૩, નં.૧ અને ૨, ૧૯૫૫

(૩) રૂરલ ફેમિલી પેર્ટન, સોશિયોલૉજિકલ બુલેટીન, વૉલ્યુ. ૫, નં.૨, ૧૯૫૭

(૪) પરસ્પેક્ટિવ નેસેસરી ફૉર ધ સ્ટડી ઑફ સોશિયલ ચેન્જ ઇન ઇન્ડિયા : અ ક્રિટીક ઑન હિન્દુ વિડો રિમૅરેજ, સોશિયોલૉજિકલ બુલેટીન ૬, નં. ૧ અને ૩, ૧૯૫૯

(૫) પ્રોગ્રેસ ઑફ ઍજ્યુકેશન ઇન નવસારી

* નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સ, ગુજરાત યુનિ., અમદાવાદ.
ડાયરેક્ટર, ડૉ. બાબાસાહેબ આંબેડકર રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સ, વડોદરા.

તાલુકા, સોશિયોલૉજિકલ બુલેટિન, વૉલ્યુ. ૮, નં. ૧, ૧૯૫૯

(૬) ધી ફૅમિલી ઇન ટ્રાંજીસન, સોશિયોલૉજિકલ બુલેટિન, વૉલ્યુ. ૮, નં. ૨, ૧૯૬૧.

(૭) 'ધી ગ્રંથ ઑફ ટાઉનશિપ ઇન સાઉથ ગુજરાત' - મરોલી બઝાર સોશિયોલૉજિકલ બુલેટિન, વૉલ્યુ. ૪, નં. ૨, ૧૯૬૨.

(૮) 'કાસ્ટ ઇન ટ્રાન્જીસન', સોશિયોલૉજિકલ બુલેટિન, વૉલ્ય. ૧૧, નં. ૧ અને ૨, ૧૯૬૩.

આ ઉપરાંત તેઓએ કલકત્તા ખાતે ૧૯૬૩માં મળેલી ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના સેશનમાં 'ધ પાર્સીંગ ઑફ ધ ટ્રેડિશનલ સોસાયટી' વિષયે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરેલું. તે પ્રોસિડિંગમાં છપાયું હતું. તે ઉપરાંત સોશિયલ વર્કર ઑફ ગુજરાત કૉન્ફરન્સમાં 'હિસ્ટોરિકલ પરસ્પેક્ટિવ ફૉર ધી સ્ટડી ઑફ સોશિયલ ચેન્જ ઇન ઇન્ડિયા' - ધ પ્લેસ ઑફ હિસ્ટોરિકલ મેથડ ઇન ધ સ્ટડી ઑફ સોશિયલ ચેન્જ' વિષયે કૉન્ફરન્સના અધ્યક્ષ તરીકે પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

બહુવિધ પ્રતિભા ધરાવતા આ ભારતીય સમાજશાસ્ત્રીની શરૂઆતની પેઢીના ગુજરાતી સમાજશાસ્ત્રી એટલે પ્રો. કે. એમ. કાપડિયા. તેઓનો સ્નાતક અને તે પછીનો અભ્યાસ મુંબઈમાં થયો. ત્યાર પછીથી તેમણે મુંબઈને જ પોતાની કર્મભૂમિ બનાવી. મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના ઘડતરમાં તેઓની મહત્ત્વની ભૂમિકા રહી છે. તેઓએ ઇન્ડિયન સોશિયોલૉજિકલ સોસાયટીના સેક્રેટરી તરીકે ૧૯૯૫ થી ૧૯૬૬ સુધીના સમયગાળામાં સેવા આપી. સોસાયટી સ્થાપનામાં, વિકાસમાં પોતાનું યોગદાન આપ્યું હતું. મુંબઈના તેમના નિવાસસ્થાને ૧૯૬૭ના ઑક્ટોબરની ૩૦મી (ત્રીસમી) તારીખે તેમનું દેહાવસાન થયું. હજુ આજે પણ તેઓ સમાજશાસ્ત્રમાં પોતાના કાર્ય અને પ્રદાન થકી જીવંત છે અને ભવિષ્યમાં પણ રહેશે જ.

પરિવર્તન આગલી સદીઓમાં ધીમું હતું. કેમકે બળદગાડાથી જેટ વિમાન સુધીની ગતિ ધીમે ધીમે પકડાઈ. એકવીસમી સદીમાં તો મહિનાના દરિયા જ ઇન્ટરનેટ-ગૂગલને અનેક યાંત્રિક મીડિયાને કારણે ઠલવાઈ રહ્યા છે. ઓગણીસમી સદીમાં માહિતી સો વર્ષે બદલાતી, વીસમી સદીમાં દસ વર્ષમાં બદલાવા માંડી. એકવીસમી સદીમાં તો દર વર્ષે નહીં, પણ દર સેકન્ડે-હરપળે નવી માહિતી ઉમેરાય છે. વીસમી સદી સુધી માત્ર પ્રિન્ટમીડિયા જ હતું. પણ પછી તો સંચારમાધ્યમો, ટેલિફોન, મોબાઈલ, કમ્પ્યૂટર, લૅપટૉપ, ટૅબ્લેટ છે. કેન્દ્રીય બજેટ આ વખતે પેપર-લેસ ડિજિટલ રજૂ થયું. ગુજરાતનું બજેટ પણ એ રસ્તે છે. સભાઓ, મિટીંગો, કૉન્ફરન્સ, મુશાયરા, પ્રવચનો હવે ઑનલાઈન થવા માંડ્યા છે. કારણ કે વિશ્વના કોઈપણ ખૂણેથી વ્યક્તિ એકબીજા સાથે કૉન્ફરન્સ કરી શકે છે. પ્રત્યાયન ઝડપી બન્યું છે. વૉટ્સએપ અને ફેસબુક દ્વારા આજે દુનિયામાં ગમે તે ખૂણે સંદેશાની આપ-લે થઈ શકે છે. વૉઈસકૉલ દ્વારા અવાજથી સંપર્ક કરી શકાય છે. વિડિયોકૉલ દ્વારા એકબીજાને જોઈ-સાંભળી શકાય છે. પહેલા દોરડે વાતુ થાતી, હવે વાયરે વાતુ થાય છે !!! આ જેવી તેવી સિદ્ધિ નથી ?

**મોતીભાઈ મ. પટેલ**

• • •

અભય વિના બીજી સંપત્તિઓ ન સાંપડે. અભય વિના સત્યની શોધ થાય ? અભય વિના અહિંસાનું પાલન કેમ થાય ? 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને.' સત્ય એ જ હરિ, એ જ રામ, એ જ નારાયણ, એ જ વાસુદેવ. કાયર એટલે ભયભીત બીકણો, શૂરો એટલે ભયમુક્ત. **મહાત્મા ગાંધી**

# બિનસાંપ્રદાયિકતા અને મહાત્મા ગાંધીની સર્વધર્મસમભાવની વિભાવના

– ડૉ. હરિભાઈ એમ. પટેલ*

**પ્રસ્તાવના :**

ધર્મ એક સંસ્કૃત શબ્દ છે. ધર્મનો અર્થ ખૂબ વ્યાપક છે. ધ + ર્ + મ = ધર્મ. 'ધ' એ દેવનાગરી મૂળાક્ષરોનો ૧૯ મો અક્ષર છે અને 'ત' વર્ગનો ચોથો વ્યંજન છે. ભાષાવિજ્ઞાનના દૃષ્ટિકોણથી, તે દંત્ય, સ્પર્શ, ઘોષ અને મહાપ્રાણ ધ્વનિ છે. દેખીતી રીતે આ શબ્દ સંસ્કૃતની 'ધૃ' ધાતુ પરથી બન્યો છે. જેનો અર્થ થાય છે ધારણ કરવું, અનુસરવું, વળગી રહેવું. જે ધારણ કરવા યોગ્ય છે તે ધર્મ છે. જે રીતે આપણે કોઈ નિયમ, વ્રત વગેરેનું પાલન કરીએ છીએ. અર્થાત્ ધર્મનો અર્થ છે धारयति इति धर्मः વિશ્વના વિવિધ ધર્મો, સંપ્રદાયોએ ધર્મની વ્યાખ્યા જુદા જુદા શબ્દોમાં કરી છે. તેમ છતાં વિવિધ સંપ્રદાયો, વિવિધ પંથો અને વિદ્વાનોના મત અનુસાર, ધર્મની સામાન્ય વ્યાખ્યા ઘડવામાં આવી છે. જુદા જુદા શબ્દકોશમાં આપેલા અર્થ મુજબ, 'ધર્મ' શબ્દનો અર્થ છે - કોઈ વસ્તુ અથવા વ્યક્તિમાં કાયમ રહેવાવાળી એની મૂળ વૃત્તિ, પ્રકૃતિ, સ્વભાવ, મૂળ ગુણો બીજા એક શબ્દકોષ મુજબ ધર્મનો અર્થ ભગવાન પ્રત્યે માણસનું કર્તવ્ય છે.

મનુએ ધર્મનાં દસ લક્ષણો બતાવ્યાં છે -

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो, दशकं धर्मलक्षणम् ॥
(મનુસ્મૃતિ ૬.૯૨)

ધૃતિ-ધૈર્ય, ક્ષમા - અન્ય લોકો દ્વારા કરવામાં આવેલા ગુનાઓને માફ કરી દેવું, ક્ષમાશીલ રહેવું. દમ - આપણી વાસનાઓને કાબૂમાં રાખવી, અસ્તેય - ચોરી ન કરવી, શૌચ - આંતરિક અને બાહ્ય શુદ્ધતા, ઇન્દ્રિયનિગ્રહ - ઇન્દ્રિયોને વશ કરવી, ધ- બુદ્ધિનો ઉપયોગ, વિદ્યા - મહત્તમ જ્ઞાનપિપાસા, સત્ય - મન, વચન અને કર્મથી સત્યનું પાલન અને અક્રોધ - ક્રોધ ના કરવો; આ દસ ધર્મની લાક્ષણિકતાઓ છે.

હિંદુ સંપ્રદાયમાં ધર્મને જીવનને ધારણ કરવાની, સમજવાની અને સુધારવાની પદ્ધતિ તરીકે વર્ણવવામાં આવે છે. જેટલો ઈશ્વરને પરિભાષિત કરવો એટલો મુશ્કેલ છે એટલો જ ધર્મને પણ. વિશ્વના બધા વિચારકો જેમણે ધર્મ પર વિચાર કર્યો છે તે દરેકે ધર્મની જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે. આ દૃષ્ટિકોણથી, વૈદિક ઋષિઓનો વિચાર સૌથી યોગ્ય લાગે છે કે સૃષ્ટિ અને સ્વયંના હિત અને વિકાસમાં કરવામાં આવેલાં બધાં કર્મો ધર્મ છે.

ધર્મ અને સંપ્રદાય વચ્ચે અંતર છે. દુનિયામાં આપણે જે અગિયાર ધર્મોની વાત કરી રહ્યા છીએ તે વાસ્તવમાં સંપ્રદાય છે. આ અગિયાર સંપ્રદાયનાં નામ આ પ્રમાણે છે : (૧) હિન્દુ (૨) ઇસ્લામ (૩) ખ્રિસ્ત (૪) યહૂદી (૫) જરથુસ્ત્ર (૬) શીખ (૭) જૈન (૮) બૌદ્ધ (૯) તાઓ (૧૦) શિન્ટો અને (૧૧) કૉન્ફ્યૂશિયસ. ધર્મ આપણને જીવનનો માર્ગ બતાવે છે અને દર્શન પણ સમજાવે છે. धर्मो रक्षति रक्षितः જે લોકો ધર્મનું પાલન કરે છે. ધર્મ તેનું રક્ષણ પણ કરે છે. વિદ્વાનોનું માનવું છે કે ધર્મ તે જ છે જે આપણને આદર્શ જીવન જીવવાની કળા અને માર્ગ બતાવે છે. માત્ર પૂજાપાઠ કે કર્મકાંડ એ જ ધર્મ નથી.

ધર્મ માનવજીવનને દિશા આપે છે. જુદા જુદા પંથો, મતો અને સંપ્રદાયો દ્વારા જે નિયમો, મનુષ્યના સારા જીવનવ્યવહાર કે જેમાં બધા માટેના પ્રેમ, કરુણા, અહિંસા, ક્ષમા, સ્નેહ અને અપનાપન સહિતના ભાવ હોય એવા બધા નિયમ ધર્મ હેઠળ માનવામાં આવે છે. વિશ્વના તમામ મુખ્ય ધર્મોનો સાર લગભગ એકસરખો છે. બધા ધર્મો કરુણા, દયા, પ્રેમ, અહિંસા, કર્મ, સત્ય અને અપરિગ્રહ જેવા નિયમો સાથે સંકળાયેલા છે. ધર્મ એ જ છે જે આપણા જીવનમાં આદર્શ શિસ્ત લાવે છે. આદર્શ શિસ્ત વ્યક્તિની વિચારધારા અને જીવનશૈલીને સકારાત્મક બનાવે છે. જ્યાં સુધી કોઈ વ્યક્તિની વિચારસરણી સકારાત્મક ન થાય ત્યાં સુધી તે ધર્મને પ્રાપ્ત કરી શકતો નથી.

* મદદનીશ પ્રાધ્યાપક, ગાંધી અધ્યયન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**ધર્મનિરપેક્ષતા :**

"ધર્મનિરપેક્ષ" અને "ધર્મનિરપેક્ષીકરણ" શબ્દો "સેક્યુલર" (ધર્મનિરપેક્ષ) અને "સેક્યુલરાઈઝેશન"-(ધર્મનિરપેક્ષતા)નું રૂપાંતર છે. આ શબ્દો અને ૧૬૪૮માં યુરોપમાં ત્રીસ વર્ષ ચાલેલા યુદ્ધના અંત પછી સૌપ્રથમ વખત ઉપયોગમાં લેવાયા અને પછી તેઓ બૌદ્ધિક વિચારધારાની લોકપ્રિયતા મેળવી શક્યા. ઘણા સમય બાદ, સને ૧૮૫૧માં જ્યોર્જ જેકબ હોલીઓગ (જ્યોર્જ જૈકબ હોલીઓક) (Feldman, Noah (2005) P.113) એ "સેક્યુલરિઝમ" (ધર્મનિરપેક્ષતા) શબ્દનો ઉપયોગ અનુભવ સાથે માનવજીવન ઉચ્ચતર બનાવવા માટે પ્રથમ વખત કર્યો. તેમના મતે, "ધર્મનિરપેક્ષતા એ ફક્ત નાસ્તિક-નાસ્તિકતા અને શાસ્ત્રોમાં ફસાયા વગર, માણસના શારીરિક, માનસિક, ચારિત્રિક અને બૌદ્ધિક સ્વભાવને ઉચ્ચતમ સીમા સુધી વિકસાવવા માટે રચાયેલ જ્ઞાન અને સેવા છે."

ધર્મનિરપેક્ષતા એ એક જટિલ અને ગતિશીલ અવધારણા છે. આ અવધારણાનો ઉપયોગ ભારતમાં આઝાદી પછી ઘણા સંદર્ભોમાં જોવા મળી રહ્યો છે અને સમયાંતરે વિભિન્ન પરિપ્રેક્ષ્યમાં તેની વ્યાખ્યા કરવામાં આવે છે.

**ધર્મનિરપેક્ષતાનો અર્થ :**

૧. ધર્મનિરપેક્ષતાનો અર્થ કોઈના ધર્મનો વિરોધ કરવાનો નથી, પરંતુ તે દરેકને તેમની ધાર્મિક લાગણીઓ અને માન્યતાઓને મુક્તપણે માનવાની સંમતિ આપે છે.

૨. ધર્મનિરપેક્ષતાના સંદર્ભમાં, ધર્મ એ વ્યક્તિની સંપૂર્ણ વ્યક્તિગત બાબત છે, જેમાં રાજ્ય ત્યાં સુધી હસ્તક્ષેપ નથી કરતું જ્યાં સુધી વિવિધ ધર્મોની મૂળભૂત માન્યતાઓમાં વિરોધાભાસી સંઘર્ષની પરિસ્થિતિ પેદા ના થાય.

૩. ધર્મનિરપેક્ષતાનો અર્થ એ છે કે રાજ્યએ રાજકારણ અથવા કોઈ પણ બિનધાર્મિક બાબતથી ધર્મને દૂર રાખવો જોઈએ અને સરકારે ધર્મના આધારે કોઈને પણ ભેદભાવ ન કરવો જોઈએ.

૪. ધર્મનિરપેક્ષ રાજ્યમાં જે કોઈ પણ ધર્મમાં માનતો નથી તેવી વ્યક્તિ માટે પણ આદરભાવ હોય છે. **ધર્મનિરપેક્ષતાના સંદર્ભમાં બંધારણીય અભિગમ.**

૧. ભારતીય પરિપ્રેક્ષ્યમાં, બંધારણની રચનાના સમયથી, તેમાં ધર્મનિરપેક્ષતાનો ખ્યાલ હતો જે બંધારણના ભાગ-૩માં વર્ણવેલ મૂળભૂત અધિકારોમાં ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (કલમ - ૨૫થી ૨૮)માં સ્પષ્ટ થાય છે.

૨. ભારતીય બંધારણમાં ધર્મનિરપેક્ષતાની વ્યાખ્યા કરતો ૪૨ મો બંધારણીય સુધારા અધિનિયમ, ૧૯૭૬ દ્વારા તેની પ્રસ્તાવનામાં 'બિનસાંપ્રદાયિકતા' શબ્દ ઉમેરવામાં આવ્યો.

૩. બિનસાંપ્રદાયિકતાનો અર્થ એ છે કે ભારત સરકાર ધર્મના મામલે તટસ્થ રહેશે. તેની પોતાની કોઈ ધાર્મિક માન્યતા નહીં હોય અને દેશના તમામ નાગરિકોને તેમની ઇચ્છા પ્રમાણે ધાર્મિક ઉપાસનાનો અધિકાર રહેશે. ભારત સરકાર ન તો કોઈ ધાર્મિક પંથની તરફેણ કરશે કે ન તો કોઈ ધાર્મિક પંથનો વિરોધ કરશે.

૪. બિનસાંપ્રદાયિક રાજ્ય ધર્મના આધારે કોઈ પણ નાગરિક પ્રત્યે ભેદભાવ કર્યા વિના બધા લોકોની સાથે સમાન રીતે વિરોધ કરશે.

૫. ભારતનું બંધારણ કોઈ ખાસ ધર્મ સાથે જોડાયેલ નથી.

**ધર્મનિરપેક્ષતા અને સર્વધર્મસમભાવ :**

ધર્મનિરપેક્ષતા કરતાં ઉત્તમ શબ્દ સર્વધર્મસમભાવ છે. શ્રીકૃષ્ણએ ગીતામાં સર્વધર્મસમભાવનો દૈવી અમર સંદેશ આપ્યો છે. ધાર્મિક સ્વભાવની વ્યક્તિઓને નિષ્કામ અને સકામ એમ બે વર્ગોમાં વહેંચી શકાય છે. પ્રથમ વર્ગમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેમનાં આધ્યાત્મિક સ્તર સામાન્ય કરતા વધારે હોય છે. તેઓ નિરાકાર અથવા વાસ્તવિક ભગવાનને સર્વસ્વ માને છે અને અદ્વૈતમાં વિશ્વાસ કરે છે. તેઓ પોતાને તેનો ભાગ માને છે અને ધાર્મિક વિધિઓમાં રોકાયેલા રહે છે. તેમનો સીધો સંવાદ પરબ્રહ્મ સાથે હોય છે. બીજા વર્ગના લોકો તેમની પસંદગી અને રુચિ અનુસાર જુદાં જુદાં

દેવી-દેવતાઓની પૂજા કરે છે. તેમની પૂજાનાં ફળ પણ કાળક્રમે ભગવાન દ્વારા પ્રાપ્ત થાય છે, ફક્ત દેવતાઓ માધ્યમ બને છે. ભગવાન શ્રી કૃષ્ણનાં વચનો સમગ્ર માનવતાને માર્ગદર્શન આપે છે. શ્રીમદ્ ભગવદગીતાના અધ્યાય ૭ના ૨૧ અને ૨૨મા શ્લોકોમાં સર્વધર્મસમભાવના સિદ્ધાંત જ રજૂ કરવામાં આવ્યા છે, શ્રી કૃષ્ણએ નીચેના શ્લોકોમાં સમજાવ્યું છે કે -

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥
(ગીતા, અધ્યાય ૭, શ્લોક ૨૧)

જે જે પણ ભક્ત જે જે દેવતાઓનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરવા ઇચ્છે છે, હું તે દેવતા પ્રત્યેની તેની ભક્તિને દૃઢ કરું છું. જો તમે સનાતન ધર્મને એક લીટીમાં કહેવા માંગતા હોવ તો આ રીતે કહી શકાય - जियो और जीने दो. ભારતીય સનાતન પરંપરાની આ લાક્ષણિકતા ભારતને વિશ્વગુરુ બનાવે છે. ધર્મનો આ ભાવ આગળ જતાં જુદાં જુદાં સ્વરૂપોમાં ઢળતો ગયો અને ધર્માચરણના વિધાન બનતો ગયો. પરંતુ યુગ-યુગાંતરોમાં પણ સનાતન ધર્મની શાશ્વત ભાવના યુગોમાં યથાવત રહી.

सर्वे भवंतु सुखिनः सर्वे संतु निरामयाः ।
सर्वे भद्राणि पश्यंतु मा कश्चिदुःख भागभवेत ॥
(બૃહદારણ્યક ઉપનિષદ)

વિશ્વનો એક માત્ર ધર્મ કે જે દરેકનું ભલું ઇચ્છે છે તે સનાતન ધર્મ છે. વૈદિક યુગમાં (ઋગ્વેદ ૧૦/૯૦/૧૬, અર્થાત્ મંડલ : ૧૦, સૂક્ત : ૯૦, મંત્ર : ૧૬) યજ્ઞને ધર્મ કહેવામાં આવ્યો છે. યજ્ઞનું વિધાન સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે કરવામાં આવ્યું હતું. સમગ્ર વિશ્વનું કલ્યાણ કેવી રીતે થાય તે વેદના મંત્રો આપણાને શીખવે છે. વૈદિકકાળ બાદ ઉપનિષદકાળમાં (કઠોપનિષદ ૧/૨/૧૪, એટલે કે અધ્યાય : ૧, વલ્લી : ૨, શ્લોક : ૧૪) કહેવામાં આવ્યું કે શાસ્ત્રીય અનુષ્ઠાન ધર્મ છે. અર્થાત્ વેદોમાં જે કહ્યું છે તે ધર્મ છે. મનુસ્મૃતિ (૨/૧૨) કહે છે કે વેદ, ધર્મશાસ્ત્ર, સદાચાર અને આત્મસંતોષ એ ધર્મના દૃષ્ટિકોણ છે. એટલે કે વેદો અને શાસ્ત્રોનું પાલન કરવું, એવું આચરણ કરવું કે જેથી કોઈને નુકસાન કે દુઃખ ના થાય અને એવાં કાર્યો કરવાં જેનાથી આપણા આત્માને સંતોષ થાય, તે બધા કાર્યો ધર્મમય છે.

જો આપણે વેદોનો અભ્યાસ કરીશું, તો આપણને જીવન જીવવાનો શ્રેષ્ઠ રસ્તો જેને રાજમાર્ગ કહી શકાય તે શોધી શકીશું; જે આ વિશ્વને સુખી, સમૃદ્ધ, પ્રેમાળ અને દિવ્ય બનાવે છે, પરંતુ જરૂરિયાત એ બાબતની છે કે ધર્મશાસ્ત્રોમાં સમાયેલ અનુભવસિદ્ધ, પ્રામાણિક અને ઉચ્ચતર જ્ઞાન ને ઊંડાણથી સમજવું અને સમજની સાથે સાથે તેને જીવનમાં ઉતારવું. સર્વધર્મસમભાવ ઉપર આ પ્રકારનો સ્પષ્ટ અને પ્રેરણાદાયક સંદેશ વિશ્વના કોઈ પણ ધાર્મિક ગ્રંથમાં નથી. ભારત સિવાયના દેશો માટે ધર્મનિરપેક્ષતા, જેને આપણે ''સર્વધર્મસમભાવ'' કહીએ છીએ, તે અન્ય દેશો માટે એક નવો શબ્દ કોઈ શકે, પરંતુ ભારત માટે નહીં. ભારતમાં સર્વધર્મસમભાવ એ વર્તમાન બંધારણ કે કોઈ આધુનિક નેતાની દેન નથી. આ ભાવના ભારતની સનાતન પરંપરામાં અહીંના રહેવાસીઓના લોહીમાં વસેલી છે. પૂજા અને ઉપાસનાની સ્વતંત્રતા જ નહીં, માણસની સંપૂર્ણ સ્વતંત્રતાને પણ એટલું જ સન્માન આપવામાં આવ્યું છે. પૂજાની આ સ્વતંત્રતા ભૌતિક જરૂરિયાતોની પરિપૂર્ણતા સુધી મર્યાદિત રાખીને તેને પરમઆનંદની પ્રાપ્તિ સુધી વિસ્તારી શકાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના ઉપદેશોનો ભારતમાં એટલો ગહન પ્રભાવ પડ્યો કે ભારતમાં ઘણા સંપ્રદાયોના જન્મ અને વિસ્તાર પછી પણ પરસ્પર સાંપ્રદાયિક સદ્ભાવ જોવા મળતો હતો. પણ જ્યારેથી કેટલાક વિદેશી આક્રમણકારોએ તેમના સંપ્રદાયને બળજબરીથી હિંસા દ્વારા લોકો પર દબાણ ઊભું કરવાનો પ્રયાસ કર્યો ત્યારથી સાંપ્રદાયિકતાનો જન્મ થયો. સમાજના હિતમાં વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેનું સૂત્ર ગીતામાં રજૂ કરવામાં આવ્યું છે. ગીતામાં શ્રીકૃષ્ણ પોતપોતાના ધર્મને અનુસરવા પર ભાર મૂકે છે કે તે કહે છે કે (सिन्हा, ૨૦૧૪)-

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनम् श्रेयः पर धर्मोभयावहः ॥
(ગીતા, અધ્યાય ૩, શ્લોક ૩૫)

ગુણોના અભાવવાળો પણ પોતાનો ધર્મ બીજાના ધર્મ કરતા ચડિયાતો છે, પોતાના ધર્મમાં મરવું પણ કલ્યાણકારક છે અને બીજાનો ધર્મ ભય આપનાર છે. આમ ગીતાએ પોતાના ધર્મના આચરણની સાથે સર્વધર્મસમભાવનો સિદ્ધાંત આપીને સમગ્ર વિશ્વ અને માનવતાનું કલ્યાણ કર્યું છે. સમગ્ર વિશ્વ માટે સમાન ધર્મનું પાલન કરવું શક્ય નથી. આપણે વિભિન્નતાઓને પણ માન આપવું પડશે.

મહાત્મા ગાંધીના ધર્મ વિશેના વિચારો :

૧. ભગવાનનો કોઈ ધર્મ નથી.

૨. મારો ધર્મ સત્ય અને અહિંસા પર આધારિત છે. સત્ય મારો ભગવાન છે. અહિંસા એ તેને સાકાર કરવા માટેનું સાધન છે.

૩. જેઓ એમ કહે છે કે ધર્મને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી. તેઓ નથી જાણતા કે ધર્મ શું છે.

૪. ધર્મ વિના હું એક ક્ષણ પણ જીવી ના શકું. મારા ઘણા રાજનૈતિક મિત્રો મારાથી નિરાશ થાય છે, કેમ કે તેઓ કહે છે કે મારી રાજનીતિ પણ મારા ધર્મમાંથી ઉદ્ભવે છે ને એમનું કહેવું સાચું છે. મારી રાજનીતિ ને મારી બીજી તમામ પ્રવૃત્તિઓ મારા ધર્મમાંથી ઉદ્ભવેલી છે. (પ્રભુ અને રાવ (૨૦૧૧) પાન-૯૪)

૫. ધર્મનિષ્ઠ મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિ તેના ધર્મમાંથી ઉદ્ભવવી જોઈએ કેમ કે ધર્મ એટલે ઈશ્વર સાથે જોડાવું. એટલે કે ઈશ્વર આપણા પ્રત્યેક શ્વાસોશ્વાસનો સ્વામી છે. (પ્રભુ અને રાવ (૨૦૧૧) પાન-૯૪)

૬. હું મારા દેશ કરતાં ધર્મને વધારે ચાહું છું અને એટલા માટે હું પ્રથમ હિન્દુ છું અને ત્યાર પછી રાષ્ટ્રવાદી છું. (પ્રભુ અને રાવ (૨૦૧૧) પાન-૫૮)

૭. રાષ્ટ્રવાદ સંપ્રદાયવાદ કરતાં મોટો છે અને એ દૃષ્ટિએ આપણે સૌપ્રથમ હિંદી છીએ અને ત્યાર પછી જ હિન્દુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી છીએ. (પ્રભુ અને રાવ (૨૦૧૧) પાન-૩૭૩)

૮. રાજ્ય બેશક 'સેક્યુલર' હોવું જોઈએ... રાજ્યમાં વસતો કોઈ પણ નાગરિક રાજ્યના અથવા મુલકના સામાન્ય કાનૂનને વફાદાર રહે ત્યાં સુધી તેને કોઈ પણ પ્રકારની અડચણ અથવા અંતરાય વિના પોતાનો ધર્મ પાળવાનો હક્ક હોવો જોઈએ. (પ્રભુ અને રાવ (૨૦૧૧) પાન-૩૭૩)

૯. જે ધર્મ વ્યાવહારિક બાબતો પર ધ્યાન આપતો નથી અને તે હલ કરવામાં મદદ કરતો નથી તે ધર્મ જ નથી.

**બિનસાંપ્રદાયિકતાનો ગાંધીવાદી આદર્શ :**

રાષ્ટ્રીય સંગઠન માટે ધર્મ અને રાજકારણનો સુમેળ સાધવાનું કાર્ય ગાંધીજી પર છોડવામાં આવ્યું. રાજકીય આંદોલન માટે ગાંધીજીએ ખુલ્લેઆમ ધર્મની જરૂરિયાતની ઘોષણા કરી. "જેઓ કહે છે કે ધર્મને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી તેમને ધર્મના અર્થની ખબર જ નથી." તેમણે કહ્યું, "મારા માટે, દરેક નાનામાં નાની પ્રવૃત્તિ પણ હું મારા ધર્મને ધ્યાનમાં રાખીને કરું છું." ૧૯૨૦ સુધીમાં કૉંગ્રેસનું નેતૃત્વ ગાંધીજીના હાથમાં આવ્યું. આ સાથે, બિનસાંપ્રદાયિક રાષ્ટ્રવાદીઓના પ્રારંભિક મતનો પ્રભાવ પણ સમાપ્ત થયો.

ઉદાર ધર્મનિરપેક્ષવાદીઓ માનતા હતા કે ધાર્મિક ચેતનાની સક્રિયતાનું રચનાત્મક ક્ષેત્ર એ જાહેર જીવનને બદલે વ્યક્તિનું ખાનગી જીવન હોય છે. તેમણે દેશવાસીઓ સમક્ષ ભારતના ભવિષ્યનું એકીકૃત અને રાષ્ટ્રીય સ્વરૂપ રજૂ કર્યું.

રાષ્ટ્રનિર્માણના પ્રારંભિક ઉદાર ધર્મનિરપેક્ષ સિદ્ધાંતની વિરુદ્ધ ગાંધીજીએ રાષ્ટ્રીય ચેતના પેદા કરવા માટે લોકધર્મની ભૂમિકાને આવશ્યક ગણાવી. તેઓ લોકોની ધાર્મિક ભાવનાની મદદથી રાષ્ટ્રીય આંદોલનના રાજકીય પાયાને વિસ્તૃત કરવા માગતા હતા.

રાષ્ટ્રીય ચળવળનો ગાંધીવાદી આદર્શ હિંદુ ધર્મના મૂળમાં જ હતો, તેમ છતાં તે ધાર્મિક બહુલવાદ પર આધારિત હતો, જેમાં ભારત અને વિશ્વના બધા ધર્મો માટે સમાન આદરની ભાવના હતી. તેમની ધાર્મિક સંવેદનશીલતા સાચા લોકશાહી સ્વભાવ સાથે સંકળાયેલી હતી. ખિલાફત આંદોલન માટે તેમનું સમર્થન અને ત્યારબાદ આ આંદોલનનું ભારતના રાષ્ટ્રીય આંદોલનમાં પરિવર્તન એ ગાંધીજીની આ સંવેદનશીલતાનું ઉદાહરણ છે. આ જ કારણ છે કે બિનસાંપ્રદાયિકતા(અથવા રાષ્ટ્રવાદ)ના ગાંધીવાદી આદર્શને પણ "સંયુક્ત ધર્મનિરપેક્ષતા અથવા

સર્વધર્મસમભાવ'' તરીકે જોવામાં આવે છે.

ધર્મનિરપેક્ષતાનું આ ગાંધીવાદી સ્વરૂપ ગરીબ અને ધનિક લોકોમાં લોકપ્રિય બન્યું. આ સ્વરૂપ ભારતની ધાર્મિક મૂલ્યપ્રણાલીના પરંપરાગત મુખ્ય પ્રવાહ પર ખૂબ આધારિત હતું. ગાંધીજીની ધાર્મિક પૃષ્ઠભૂમિ વૈષ્ણવ પરંપરાની હતી. આ પરંપરાએ તેમને ભારતના લોકનાયકો સાથે સંકળાયેલાં પ્રતીકો અને પૌરાણિક કથાઓ વિશે સીધી માહિતી આપી હતી. જેનો ઉપયોગ ગાંધીજીએ તેમના રાજકારણમાં કર્યો હતો. ઉદાહરણ તરીકે, તેમણે સ્વતંત્ર ભારતના આદર્શ રાજ્યનું નામ ''રામરાજ્ય'' આપ્યું. ગાંધીજીની સામાન્ય જનતા પરની નિર્ભરતાએ સમૃદ્ધ વર્ગને ભયભીત ના કર્યો કારણ કે તેમણે અહિંસા અને ટ્રસ્ટીશિપ સિદ્ધાંતને સમર્થન આપ્યું હતું. આમ ધર્મનિરપેક્ષતાના ગાંધીવાદી આદર્શે રાષ્ટ્રીય આંદોલનો પર એકાધિકાર સ્થાપિત કર્યો.

આ આદર્શ વિવિધ સમુદાયો અને પ્રદેશોની બહુલવાદી રાષ્ટ્રીય ઓળખનો આધાર બન્યો. પરંતુ હિન્દુત્વનાં ચિહ્નો (જેમ કે રામરાજ્ય) પર તેની વધારે પડતી પરાધીનતાએ મુસ્લિમોના વિરાગને પ્રોત્સાહન આપ્યું. ધર્મ અને રાજકારણના સમન્વયના ગાંધીવાદી આદર્શની સૌથી મોટી નબળાઈ એ હતી કે તે વિવિધ ધર્મો વચ્ચેના તફાવતને સ્વીકારતી નહોતી.

જો ધર્મોને જ સમાજના કાયદાકીય તત્ત્વ તરીકે માનવામાં આવે છે, તો પછી ચોક્કસપણે ધાર્મિક મતભેદ રાજકીય મતભેદ તરીકે ઊભરી આવશે. જેઓ ધાર્મિક રીતે જુદા છે તેઓ સમાન રાજકીય સિદ્ધાંતોના પ્રશ્ને એકમત થઈ શકતા નથી, જે રાજકીય સિદ્ધાંતો ધર્મ પર આધારિત છે.

**ગાંધીજીના બિનસાંપ્રદાયિકતાનો આધાર સર્વધર્મ સમભાવ :**

મહાત્મા ગાંધી આનું એક ઉદાહરણ આપે છે કે તમે તમારા ધર્મમાં વિશ્વાસ રાખીને પણ બિનસાંપ્રદાયિકતા આદર્શને અપનાવી શકો છો. ગાંધીજી કહેતા હતા કે હું મારા ધર્મનો આદર કરું છું અને તેનું રક્ષણ કરવા મારો જીવ પણ આપી શકું છું, પરંતુ જો મારા પાડોશમાં રહેતા અન્ય કોઈ ધર્મની વ્યક્તિની શ્રદ્ધા ઉપર હુમલો થાય તો હું તેનું રક્ષણ કરવા મારો જીવ પણ આપી શકું છું. આમ કહી શકાય કે ગાંધીની ધર્મનિરપેક્ષતાનો આધાર સર્વધર્મસમભાવ હતો. (હરદેનીયા (૨૦૧૮))

સર્વધર્મસમભાવ વિશે, ગાંધીજી કહે છે કે, ''આ રીતે કાયદાની નજરમાં બધા ગૌણ વિષયો સમાન હશે. દરેક વ્યક્તિ કોઈ પણ પ્રકારના અવરોધ વગર પોતાના ધર્મનું પાલન કરવા સ્વતંત્ર હશે, જ્યાં સુધી તે સામાન્ય કાયદાનું ઉલ્લંઘન ન કરે. હું ઇચ્છું છું કે ભારત દરેક વ્યક્તિને ધર્મ પાળવાનો અધિકાર સુનિશ્ચિત કરે. આ કામ કરીને જ ભારત મહાન બની શકે છે. આને કારણે જ ભારત પ્રાચીન વિશ્વમાં એકમાત્ર રાષ્ટ્ર હતું કે જેણે સાંસ્કૃતિક લોકશાહીને માન્યતા આપી હતી. આને કારણે એવું માનવામાં આવે છે કે ભગવાન સુધી પહોંચવાના ઘણા માર્ગ છે, પરંતુ લક્ષ્ય એક છે કારણ કે ભગવાન એક છે અને એકસમાન છે. હકીકતમાં, માર્ગોની સંખ્યા એટલી જ છે જેટલા આ દુનિયામાં લોકો અસ્તિત્વમાં છે.'' (ગાંધી, ૧૯૪૭)

ગાંધીએ વાસ્તવમાં ધર્મનિરપક્ષેતાની પ્રભાવશાળીરૂપે હિમાયત કરી હતી. હરિજનમાં તેમના લેખમાં, ગાંધીજી કહે છે કે, ''રાજ્ય સંપૂર્ણ રીતે ધર્મનિરપેક્ષ બનવા બંધાયેલ છે. હું તો એટલી હદે વાત કરીશ કે કોઈ પણ જાતિ કે સંપ્રદાયની કોઈ પણ શૈક્ષણિક સંસ્થાને પણ સંરક્ષણ ના મળવું જોઈએ.'' ધર્મનિરપેક્ષતા એ ''સાંસ્કૃતિક લોકશાહી''નું સારતત્ત્વ હતું. આમ, જ્યારે તેઓ ''સંપૂર્ણ ધર્મનિરપેક્ષ'' રાજ્યની હાકલ કરે છે ત્યારે સાંસ્કૃતિક લોકશાહીના પુનર્નિર્માણની આવશ્યકતા પર ભાર મૂકે છે.

**સર્વધર્મસમભાવ વિશે ગાંધીજીના વિચાર :**

મહાત્મા ગાંધીએ આ વિષય પર ખૂબ સંતુલિત દૃષ્ટિકોણ આપ્યો - 'આપણાં વ્રતોમાં જે વ્રતને આપણે સહિષ્ણુતા તરીકે જાણીએ છીએ તેને તેમણે નવું નામ સર્વધર્મસમભાવ આપ્યું. સહિષ્ણુતા એ અંગ્રેજી શબ્દ 'ટોલરેશન'નો અનુવાદ છે. ગાંધીજીને આ શબ્દ ગમ્યો નહીં. કાકાસાહેબે 'સર્વધર્મઆદર' શબ્દ પણ સૂચવ્યો. પણ ગાંધીજીને તે શબ્દ પણ પસંદ ના આવ્યો. આદરમાં કૃપાની લાગણી છે, અહિંસા આપણને અન્ય ધર્મો પ્રત્યે સમભાવ શીખવે છે. અહિંસાના દૃષ્ટિકોણથી આદર અને

સહનશીલતા પૂરતા નથી.

અન્ય ધર્મો પ્રત્યે સમભાવ રાખવાના મૂળમાં આપણા ધર્મની અપૂર્ણતાનો સ્વીકાર પણ આવે છે અને આ તે જ છે જે સત્ય શીખવે છે. જો આપણે સંપૂર્ણ સત્ય જોયું હોત તો સત્યનો આગ્રહ શા માટે ? પછી તો આપણે ભગવાન બન્યા, કારણ કે તે તો આપણી ભાવના છે કે સત્ય જ ભગવાન છે. આપણે સંપૂર્ણ સત્યને ઓળખાતા નથી, તેથી જ તેનો આગ્રહ કરીએ છીએ, પરંતુ આપણે અન્ય ધર્મોમાં જે પણ ગ્રાહ્ય હોય તે સ્વીકારીને આપણા ધર્મોમાં તેને સ્થાન આપવામાં અચકાવું જોઈએ નહીં. (સર્વધર્મ (૧૯૪૭) પા-૮)

મહાત્મા ગાંધીના મતે ભગવાનનો કોઈ ધર્મ નથી. જે વ્યક્તિ બીજાનાં દુઃખ અને વેદનાને સમજે છે તે વાસ્તવમાં ધાર્મિક વ્યક્તિ છે. મહાત્મા ગાંધીનો ધર્મ સત્ય અને અહિંસા પર આધારિત હતો. સત્ય એ ગાંધી માટે ભગવાન હતું. તેમના મતે અહિંસા ભગવાનને પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે. મહાત્મા ગાંધીના અનુસાર તમામ ધર્મોના બધા સિદ્ધાંતોએ આ તાર્કિક યુગમાં તર્કના લિટમસ પરીક્ષણમાંથી પસાર થવું પડશે અને વૈશ્વિક સ્વીકૃતિ પ્રાપ્ત કરવી પડશે. તે કોઈ ધર્મ નથી કે જે વ્યાવહારિક બાબતો પર ધ્યાન આપતો નથી અને તેને હલ કરવામાં મદદ કરતો નથી. મહાત્મા ગાંધી આજે ભલે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના વિચારો અને સિદ્ધાંતો અમર છે.

ગાંધીજીએ જીવનના છ શત્રુઓ અને સાત સામાજિક પાપોને તેમનાં વ્રતો દ્વારા દૂર કરવાનો સફળ પ્રયાસ કર્યો છે. ગાંધીજીના એકાદશ વ્રત જ તેમના જીવનનો નિચોડ છે. ગાંધીજીના એકાદશ વ્રત ''સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શારીરિક શ્રમ, અસ્વાદ, અભય, સર્વધર્મસમભાવ, સ્વદેશી અને અસ્પૃશ્યતાનિવારણ'' જીવનમાં અપનાવીને કોઈ વ્યક્તિ પોતાના જીવનને સફળ બનાવી શકે છે.

મહાત્મા ગાંધીએ કુરાન, બાઇબલ, ગીતા વાંચ્યા પછી ધર્મોમાં એકરૂપ થવાનો પ્રયત્ન કર્યો. ગાંધીજીનું ''ઈશ્વર અલ્લાહ તેરા નામ, સબકો સન્મતિ દે ભગવાન'' ભજન એ ''વિશ્વવ્યાપી સર્વધર્મસમભાવ'' તરફ એક મહાન પગલું છે. એ જ પગલામાં સર્વધર્મસમભાવની પ્રાર્થનામાં વિનોબા ભાવેએ 'ૐ તત સત શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ'' પ્રાર્થના દ્વારા વિશ્વવ્યાપી સર્વધર્મ-સમભાવ કેળવવા માટેની વાત પર ભાર મૂક્યો છે.

**સંદર્ભ :**


૧. Feldman, Noah (2005), Divided by God. Farrar. Straus and Giroux, pg. 113 (સંદર્ભ : કલ્પેશ સોની, વિચારોનું વાવેતર, વિચાર.કોમ)

૨. विपिन किशोर सिन्हा, श्रीमद्भगवद्गीता और छद्म धर्मनिरपेक्षवादी–५, नवचेतना, दिसम्बर, २०१४

૩ પ્રભુ, આર.કે. અને રાવ, યુ.આર. (૨૦૧૧), મહાત્મા ગાંધીના વિચારો, નવી દિલ્હી : નૅશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, પાન-૧૦૪

૩. ગાંધી, મો.ક. હરિજનબંધુ, ૨૫/૩/૧૯૩૪, પાન-૧૦

૪. ઉપરોક્ત, પાન-૧૦

૫. અક્ષરદેહ ભાગ-૨૨, પાન-૪૧૬

૬. ઉપરોક્ત, પાન-૨૪૬

૭. હરિજનબંધુ, ૨૪/૮/૧૯૪૭, પાન-૨૬૦

૮. एल.एस. हरदेनिया, धर्मनिरपेक्षता एवं महात्मा गांधी, विषय पर चर्चा, भोपाल, २०१८

૯. મો.ક. ગાંધી, હરિજન (૩૧ ઑગસ્ટ, ૧૯૪૭)

૧૦. સર્વધર્મ સંભવ, અખંડ જ્યોતિ, જાન્યુઆરી-૧૯૪૧, પાન-૮

* વેબસાઇટ સંદર્ભ : https://santasa.org/articles/

# "પ્રાથમિક શિક્ષણના વિકાસમાં - સર્વ શિક્ષા અભિયાન મિશનનું યોગદાન - એક અભ્યાસ"

– ડૉ. બાદર કુરેશી*

**પ્રસ્તાવના :**

માનવશક્તિવિકાસ એ વ્યક્તિગત વિકાસ માટેનું એક અગત્યનું પરિબળ છે. વ્યક્તિના શારીરિક વિકાસની સાથે સાથે માનસિક વિકાસ માટે શિક્ષણનું વિશેષ મહત્ત્વ છે. શિક્ષણ એ ગતિશીલ પ્રક્રિયા છે, બાળજન્મ થતાંની સાથે જ અનૌપચારિક શિક્ષણની શરૂઆત થઈ જતી હોય છે. બાળકનો યોગ્ય માનસિક વિકાસ સાધવા માટે તેમને બાળપણથી જ યોગ્ય કેળવણી અને જ્ઞાન મળે તે જરૂરી છે. તે માટેનું ઉત્તમ સ્થળ છે - પ્રાથમિક શાળા.

પ્રત્યેક માનવી પાસે પોતાના માટે ઉત્તમ જીવન જીવવાની તક હોવી જોઈએ, દુર્ભાગ્યે આજે વિશ્વમાં સંખ્યાંબધ બાળકો આ તક વગર જ વિકાસ પામે છે કારણ કે, તેઓ કેટલાંક વિશેષ કારણોસર પ્રાથમિક શાળામાં ઉપસ્થિત રહેવાના તેમના મૂળભૂત અધિકારનો લાભ લઈ શકતા નથી. બીજું એ કે પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને શું અને કેવું ભણવું છે ? તે બાળકોના વાલીઓ અને નિષ્ણાતો જ નક્કી કરે છે, તે વિશે બાળકોને ખાસ કાંઈ પૂછવામાં આવતું નથી. જેથી દરેક બાળકમાં રહેલી મૌલિકતા અને સર્જનાત્મક શક્તિને ખીલવાનો મોકો જવલ્લે જ મળે છે. બાળકોના અધિકારોનું જાહેરનામું વિશ્વના દેશોએ શિખર સંમેલન ઈ.સ. ૧૯૮૯માં ઘડી નાખ્યું તે સમગ્ર - ગીજુભાઈ બધેકા (મૂછાળમાં)નું કાર્યક્ષેત્ર હતું. જેમાં પાયાની શિક્ષણપ્રણાલીનાં રચનાત્મક ફેરફારો દ્વારા જીવન-ઉપયોગી શિક્ષણના વિચારને બળ મળે તેવા દિશા નિર્દેશોમાં વિવિધ કાર્યક્રમો શરૂ કરવાની વાત હતી, જેમાંનો એક કાર્યક્રમ તે સર્વ શિક્ષા અભિયાન.

સર્વ શિક્ષા અભિયાન મિશન શાળાકીય પદ્ધતિમાં સમુદાયોમાં માલિકીભાવ દ્વારા પ્રારંભિક શિક્ષણના સાર્વત્રીકરણનો એક પ્રયાસ છે. સમગ્ર દેશમાં ગુણવત્તા યુક્ત પ્રારંભિક શિક્ષણ માંગને પહોંચી વળવા માટેના પ્રતિભાવ સ્વરૂપ આ અભિયાન છે. સર્વ શિક્ષા અભિયાન મિશન બાળકોમાં માનવીય ક્ષમતાઓના વિકાસ અર્થે જરૂરી તકો ઊભી કરવાની દિશામાં એક કદમ છે. અભિયાન સ્વરૂપે આ કાર્યક્રમ સમુદાયો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ થાય તેવું પ્રયોજન છે.

પ્રસ્તુત "સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા પ્રાથમિક શાળાઓ તથા શિક્ષણમાં આવેલ પરિવર્તન"ના આ અભ્યાસમાં - સર્વ શિક્ષા અભિયાન વિશે અને તે મિશન દ્વારા પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક પરિસ્થિતિમાં કેવાં-કેવાં પરિવર્તનો આવ્યાં છે તે જાણીશું.

કી વર્ડ્સ : "સર્વ શિક્ષા અભિયાન", "મિશન", "શાળા", "શિક્ષણ", "પરિવર્તન".

● અભ્યાસનો હેતુ : શિક્ષણવિદોનો એવો મત રહ્યો છે કે સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષણકાર્યનું સ્તર નબળુ પડતું જાય છે. શિક્ષણના સ્તરને ઉચ્ચકક્ષાએ લઈ જવા માટે સર્વ શિક્ષા અભિયાન મિશન શરૂ થયું, તો આ મિશનના યોગદાનથી પ્રાથમિક શિક્ષણને થયેલ ફાયદા જાણવાનો હેતુ છે.

● સર્વ શિક્ષમા અભિયાન : "સર્વ શિક્ષા અભિયાન" (SSA) મિશન એ સમાજની ભાગીદારી દ્વારા સાર્વત્રિક સ્તરે શાળાકીય - શિક્ષણને ફેલાવવાનો અને ભારતના બંધારણ મુજબ ૬થી ૧૪ વર્ષનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવા માટે ૮૬માં સુધારા દ્વારા બંધારણીય હકથી પ્રાથમિક શિક્ષણની સિદ્ધિ માટે ભારત સરકારનો આ મુખ્ય કાર્યક્રમ છે. આ અભિયાન સમગ્ર દેશમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાની તરફેણની સાથોસાથ જીવન અને નૈતિકતા સાથે સુસંગતા હોય તેવા અભ્યાસક્રમો દાખલ કરીને સમાજની ભાગીદારી દ્વારા દરેક બાળકની માનવીય ક્ષમતામાં સુધારો લાવી હરીફાઈ કેન્દ્રિત શિક્ષણની તરફેણ કરે છે.

* ડૉ. બાદર કુરેશી, અધ્યાપક, મ.દે. ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા.

આ કાર્યક્રમ દ્વારા શૈક્ષણિક સુવિધામાં વધારો થશે. વધારાના વર્ગ-રૂમ, શૌચાલય, પીવાનું પાણી, વીજળીકરણ, જાલવણી ગ્રાંટ અને શાળા સુધારા અનુદાન જોગવાઈ મારફતે પ્રવર્તમાન શાળાના માળખામાં સુધારોવધારો થશે, આ ઉપરાંત શિક્ષક-સ્ટાફ વધારાશે, તાલીમબદ્ધ શિક્ષકો બનાવવામાં આવશે. ક્લસ્ટર, બ્લૉક અને જિલ્લાસ્તરે શૈક્ષમિક સ્તર સુધારવા શૈક્ષણિક સાધનસામગ્રી વગેરે માટે વિશેષ અનુદાન આપવામાં આવશે. સર્વ શિક્ષા અભિયાન ખાસ જરૂરિયાતો સાથે કન્યાઓનું શિક્ષણ અને દરેક બાળક પર વિશેષ ધ્યાન આપી જીવનકૌશલ્ય સહિત ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માંગે છે.

"ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ" કે જે સોસાયટી નોંધણી અધિનિયમ-૧૯૬૦ અંતર્ગત નોંધાયેલ છે. તેને સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ માટે અધિકૃત કરવામાં આવી છે. આ યોજના ગુજરાતના દરેક જિલ્લામાં હાલમાં કાર્યરત છે.

● **સર્વ શિક્ષા અભિયાનનો "લોગો"**

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે, સૌ આગળ વધે


● **સર્વ શિક્ષા અભિયાન શું છે ?**

- નિશ્ચિત સમય સીમાની અંદર સાર્વત્રિક રીતે પ્રાથમિક શિક્ષણ આપવા માટે બનાવેલ કાર્યક્રમ છે.
- સમગ્ર દેશમાં ગુણવત્તાસભર શિક્ષણની માંગનો પ્રતિભાવ છે.
- પ્રારંભિક શિક્ષણ દ્વારા સામાજિક ન્યાય માટેની તક ઊભી કરવાનો પ્રયાસ છે.
- પ્રારંભિક શિક્ષણસંસ્થાઓના વહીવટ કે વ્યવસ્થાપન ક્ષેત્રે પાયાના સ્તરે કાર્યરત સંસ્થાઓ, પંચાયતીરાજ સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ, ગ્રામ્ય અને શહેરી ગરીબ વિસ્તારોની શિક્ષણ સમિતિઓ સ્વાયત્ત સંસ્થાઓને અસરકારક રીતે સંલગ્ન કરવાનો પ્રયાસ.
- દેશભરમાં પ્રાથમિક શિક્ષણ પહોંચે તે અંગેની રાજકીય ઇચ્છાશક્તિને વ્યક્ત કરે છે.
- કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકાર વચ્ચેની ભાગીદારી.
- રાજ્યો માટે આ એક તક છે કે, તેઓ પ્રાથમિક શિક્ષણ અંગેના પોતાના દુરંદેશીપણાને વિકસાવે.

● **સર્વ શિક્ષા અભિયાનનું લક્ષ્ય :**

સર્વ શિક્ષા અભિયાનનું મુખ્ય લક્ષ્ય ૨૦૧૦ સુધીમાં ૬થી ૧૪ વર્ષની વય જૂથનાં દરેક બાળકોને જીવન-

Management Structure - District Office Level



ઉપયોગી અને સુસંગત પ્રાથમિક શિક્ષણ આપવાનું છે. તેની સાથે તેના અન્ય લક્ષોમાં શાળાના સંચાલનમાં સામાજિક, ધાર્મિક અને જાતિ આધારિત ભેદભાવ દૂર કરી સમાજની સક્રિય સહભાગીદારીનો સેતુ બાંધવાનો છે.

● **સર્વ શિક્ષા અભિયાન મિશનના ઉદ્દેશ્યો :**

- વર્ષ ૨૦૦૫ સુધીમાં તમામ બાળકોનું શાળા,વૈકલ્પિક શાળા કે બૅક ટુ સ્કૂલ કૅમ્પમાં નામાંકન.
- વર્ષ ૨૦૦૭ સુધીમાં પ્રાથમિક સ્તરે તથા વર્ષ ૨૦૧૦ સુધીમાં પ્રારંભિક શિક્ષણના સ્તરે લૈંગિક તેમજ સામાજિક વર્ગોના તફાવત દૂર કરવા.
- વર્ષ ૨૦૧૦ સુધીમાં સાર્વત્રિક સ્થાયીકરણ.
- જીવનશિક્ષણ ઉપર વિશેષ ભાર સાથે પ્રારંભિક શિક્ષણમાં સંતોષકારક ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત

● **સર્વ શિક્ષા અભિયાન મિશનના વિવિધ વિભાગો :**

- કન્યાકેળવણી.
- ટીચર્સ ટ્રેઇનિંગ.
- વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ.
- વૈકલ્પિક શિક્ષણ યોજના.
- માઇક્રોપ્લાનિંગ.
- સિવિલ વર્ક્સ ડિપાર્ટમેન્ટ.

● **સર્વ શિક્ષા અભિયાન મિશનની પ્રવૃત્તિઓ :**

- સર્વ શિક્ષા અભિયાન યોજના રાજ્યના દરેક જિલ્લાઓ અને ૪ મહાનગરપાલિકાઓના વિસ્તારમાં અમલી બનાવી છે.
- સર્વ શિક્ષા અભિયાનનું વ્યાપક ક્ષેત્ર ૬થી ૧૪ વર્ષનાં બધાં જ બાળકો છે.
- સર્વ શિક્ષા અભિયાન અંર્તગત શાળાએ ન જતાાં દરેક બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રોની જોગવાઈ કરવામાં આવે છે.
- બાળકોને બાળમજૂર બનતા અટકાવા માટે તેઓનું શાળાએ જવું આવશ્યક છે.

● સર્વ શિક્ષા અભિયાન અંર્તગત શાળાએ ન જતાં બાળકો માટે ચલાવાતી વિશેષ પ્રવૃત્તિઓ...

✓ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્ર (૨૦ બાળકો દીઠ એક એકમ)
✓ એજ્યુકેશન કૅમ્પ (૦૫ બાળકો દીઠ એક એકમ)
✓ નિવાસી કૅમ્પ (૪૦ બાળકો દીઠ એક એકમ)

● સર્વ શિક્ષા અભિયાન અંર્તગત શાળાએ ન જતાં બાળકો માટે ગુજરાતમાં ચાલતી વિશેષ પ્રવૃત્તિઓ...

✓ **વૈકલ્પિક શિક્ષણ કેન્દ્ર**

- ૩,૫૮૧ ✓ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રો કાર્યરત છે.
- કુલ ૭૨,૯૬૧ બાળકો આમાં અભ્યાસ કરે છે જેમાં ૩૭,૮૧૫ કુમાર તથા ૩૫,૧૪૬ કન્યાઓ છે.
- આ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રમાં ૬,૪૧૧ બાળમજૂરો પણ અભ્યાસ કરે છે.
- ૨૦૧૧-૧૨ના વર્ષમાં શાળાએ ન જતા પ્રતિ બાળક દીઠ વાર્ષિક રૂ. ૩૦,૦૦૦/-ની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

✓ **એજ્યુકેશન કૅમ્પ**

- રાજ્યમાં ૨૬૫ એજ્યુકેશન કૅમ્પ કાર્યરત છે.
- જેમાં ૧,૫૩૩ બાળકો અભ્યાસ કરે છે.

● રાજ્યમાં ૩૧ માર્ચ, ૨૦૧૨ના રોજ નિવાસી કૅમ્પની સ્થિતિ.

**કોષ્ટક નં. : ૧**

| ક્રમ | નિવાસી કૅમ્પ | કૅમ્પ સંખ્યા | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્થળાંતરિક બાળકો માટે (શાળાઓમાં) | ૨૩૦ | ૫,૨૦૬ | ૪,૨૪૭ | ૯,૪૫૩ |
| ૨ | સ્થળાંતરિક બાળકો માટે | ૧૯ | ૫૫૯ | ૩૦૩ | ૮૬૨ |
| ૩ | બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચલાવાતા નિવાસી કૅમ્પ | ૦૫ | ૧૬૭ | ૧૪૭ | ૩૧૪ |
| | કુલ | ૨૫૪ | ૫,૯૩૨ | ૪,૬૯૭ | ૧૦,૬૨૯ |

નિવાસી કેમ્પ સામાન્ય રીતે ઑક્ટોબરથી માર્ચ મહિના સુધીના ગાળામાં સ્થળાંતરિત બાળકો માટે ચલાવવામાં આવે છે.

● **વિષયપસંદગી :**

આપણો દેશ આઝાદ થયો ત્યારે દેશ સામે અનેક સમસ્યાઓ મોં ફાડીને ઊભી હતી જેમાં - ગરીબી, બેકારી, કુપોષણ, બિનઆરોગ્યપ્રદ રહેઠાણો, વસ્તીવધારો અને નિરક્ષરતા મુખ્ય હતાં. સર મેકોલોએ શરૂ કરેલ શિક્ષણ પ્રણાલી આપણે ત્યાં ચાલુ હતી, જેમાં નિષ્ણાત વિદ્વાનોએ સમયે સમયે અનેક નવા વિચારો આપી અમલીકરણના પ્રયાસો કરવામાં આવેલ, સાથ સાથે વચ્ચે વચ્ચે નવા નવા પ્રોજેક્ટો (જેવા કે ડી.પી.ઈ.પી. વગેરે) દ્વારા પ્રાથમિક શિક્ષણ વધુ મજબૂત કરવાનો પ્રયાસ થયો અને પ્રાથમિક શિક્ષણને વધુ અસરકારક અને જીવન-ઉપયોગી બનાવવા માટે છેલ્લાં પંદરેક વર્ષથી ''સર્વ શિક્ષા અભિયાન'' મિશન ચાલુ છે જે અંર્તગત પ્રાથમિક શાળાઓ અને શિક્ષણ પ્રણાલીમાં મોટા ફેરફારો અને સરકારી સહાય તથા લોકસહકાર દ્વારા ઘનિષ્ટ પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે આ પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે તત્કાલીન પરિસ્થિતિમાં ''સર્વ શિક્ષા અભિયાન'' મિશને પ્રાથમિક શાળાઓમાં ભૌતિક વિકાસ તેમજ શૈક્ષણિક પરિસ્થિતિમાં વિશેષ પરિવર્તનની અસરો ઉપજાવી છે કે કેમ ? તે જાણવાના હેતુથી ''સર્વ શિક્ષા અભિયાન (SSA) મિશન દ્વારા પ્રાથમિક શાળાઓ અને શિક્ષણમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ'' વિષયની પસંદગી કરવામાં આવી છે.

● **સંશોધન-અભ્યાસના હેતુઓ :**

૧. સર્વ શિક્ષા અભિયાનથી શાળાઓની સુવિધામાં કેટલો સુધારો થયો ? તે જણાવાનો હેતુ.
૨. શૈક્ષણિક સ્તરમાં સુધારા માટેના પ્રયત્નો જાણવા.
૩. સર્વ શિક્ષા અભિયાનથી બાળકોમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ જાણવી.
૪. આ અભિયાન થકી બાળકોના વિકાસમાં અસરકારક કામગીરી કેટલી અને કેવી થઈ. તે અંગેની માહિતી મેળવવી.
૫. આ અભિયાન દ્વારા શિક્ષણમાં લોકભાગીદારી જાણવાનો હેતુ છે.

● **અભ્યાસનું મહત્ત્વ :**

૧. આ અભ્યાસ થકી - સર્વ શિક્ષા અભિયાન મિશનની પ્રવૃત્તિઓ દ્વારા વર્તમાન પ્રાથમિક શિક્ષણનો વિકાસ કેવો થઈ રહ્યો છે. તેની સાચી માહિતી શિક્ષણ-વિદ્દો, સમાજવિકાસ ચિંતકો, સરકાર તથા ગામલોકો સમક્ષ આવશે.
૨. આ અભિયાન થકી શાળાઓની કઈ કઈ માળખાગત સેવાઓ વિકસી તે જાણી શકાશે.
૩. આ અભ્યાસથી વર્તમાનમાં ભણતાં બાળકોમાં આવેલ શૈક્ષણિક તથા અન્ય પરિવર્તનો જાણી શકાશે.
૪. આ અભિયાનનો એક મહત્ત્વનો હેતુ શિક્ષણમાં લોકભાગીદારી વધારવાનો હતો તે કેટલો સાર્થક નીવડેલ છે ?
૫. આ સંશોધન ભાવિ સંશોધનકારને ઉપયોગી બનશે.

● **અભ્યાસનું વ્યાપવિશ્વ :**

સંશોધકે પોતાના વિષયના અનુરૂપ સંશોધનને વધુ વિશ્વસનીયતા અને સત્ય હકીકતોની સાથે રજૂ કરી શકાય તે વિચારને કેન્દ્રમાં રાખીને તથા સંશોધનવિષયને પૂરતો ન્યાય મળી રહે અને તેમાં ચોકસાઈ, ઝડપ તથા અસરકારકતા આવે તે હેતુથી સંશોધનના અભ્યાસનું વ્યાપ વિશ્વ (ક્ષેત્ર) - ગુજરાત રાજ્યના, સુરેન્દ્રનગર જિલ્લાના, પાટડી તાલુકાની જૈનાબાદ કેન્દ્રવતી શાળાના સાંનિધ્યમાં આવતી ૧૦ શાળાઓ તથા તેમાં કાર્યરત શિક્ષકોમાંથી ૪૦ શિક્ષકોને આ અભ્યાસમાં જરૂરી માહિતી એકઠી કરવા માટે માહિતીદાતા તરીકે આવરી અભ્યાસનું ક્ષેત્ર મર્યાદિત રાખેલ છે.

● **માહિતી એકત્રીકરણ માટે ઉપયોગમાં લીધેલ પ્રયુક્તિઓ :**

ઉપરોક્ત વિષયના હેતુઓને ધ્યાને લઈ માહિતી એકત્રીકરણ માટે સંશોધનની જુદી જુદી પ્રયુક્તિઓ ઉપયોગમાં લેવામાં આવેલ, જેમાં

૧. મુલાકાત અનુસૂચિ પદ્ધતિ : ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી, સર્વશિક્ષા અભિયાન દ્વારા શાળાઓ અને શૈક્ષણિક પરિસ્થિતિ તેમજ બાળકોના ગુણાત્મક

વિકાસ સંબંધી પરિવર્તનો તથા શિક્ષણમાં લોકભાગીદારી વગેરે બાબતોને સાંકળી પ્રશ્નો બનાવી, પ્રશ્નોને ક્રમબદ્ધ ગોઠવી અનુસૂચિનું પ્રિ-ટેસ્ટિંગ કરી, આખરી મુલાકાત અનુસૂચિ દ્વારા ૪૦ શિક્ષક ઉત્તરદાતાઓ પાસેથી અભ્યાસને લગતી મહત્ત્વની મુખ્ય માહિતી એકઠી કરવામાં આવેલ છે.

જ્યારે ગૌણ માહિતી - પુસ્તકો, સામયિકો, સરકાર દ્વારા પ્રકાશિત આંકડાઓ, સમાચારપત્રો, ઈન્ટરનેટ વગેરે દ્વારા મેળવેલ છે.

૨. નિરીક્ષણપદ્ધતિ : અભ્યાસ સંબંધી માહિતીની વિશ્વસનીયતા વધે તે માટે તથા પૂરક માહિતીના એકત્રીકરણ માટે જે તે પ્રાથમિક શાળાઓમાં રૂબરૂ જઈ નિરીક્ષણ કરી માહિતી મેળવેલ છે.

૩. મુલાકાતપદ્ધતિ : વિશેષ માહિતી મેળવવા માટે ઉત્તરદાતાઓ ઉપરાંત, જે તે શાળાના આચાર્યશ્રી, SMC કમિટીના સભ્યો BRC, CRC અને ગ્રામ પ્રતિનિધિઓની મુલાકાતો કરેલ.

૪. નમૂના પસંદગી પદ્ધતિ : અભ્યાસ હેઠળના ક્ષેત્રની ૧૦ શાળાઓમાંથી ઉપલભ્ય નિદર્શન પ્રકારની પદ્ધતિ દ્વારા દરેક શાળામાંથી ૪-૪ શિક્ષક ઉત્તરદાતાઓને પસંદ કરી કુલ ૪૦ ઉત્તરદાતાઓ પાસેથી અભ્યાસ સંબંધી જરૂરી માહિતી મેળવેલ.

**● માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

માહિતી એકત્રીકરણ માટે ઉપયોગમાં લીધેલ વિવિધ પ્રયુક્તિઓ દ્વારા મળેલ માહિતી વેરવિખેર અને અસંબંધ હોઈ, આ ગુણાત્મક માહિતીને સંખ્યાત્મક રૂપ આપવા માટે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરીને તથ્યોને એકબીજાના સંબંધમાં તપાસવામાં આવ્યાં છે.

**વિભાગ : ૦૧ : ભૌતિક સુવિધા સંબંધી માહિતી**

**(કોષ્ટક નં. : ૨)**

● ઉત્તરદાતાઓની શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા કઈ કઈ ભૌતિક સુવિધાઓ નવી ઉપલબ્ધ થઈ તે માહિતી દર્શાવતુ કોષ્ટક.

| ક્રમ | ભૌતિક સુવિધા | ઉત્તરદાતાના જવાબો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | નવા વર્ગખંડો | હા | ૨૫ | ૬૨.૫ |
| | | ના | ૧૫ | ૩૭.૫ |
| ૨ | મધ્યાહ્ન ભોજન રસોડું અને સ્ટોર રૂમ | હા | ૩૨ | ૮૦ |
| | | ના | ૦૮ | ૨૦ |
| ૩ | પીવાના પાણીની સુવિધા | હા | ૩૬ | ૯૦ |
| | | ના | ૦૪ | ૧૦ |
| ૪ | શૌચાલય | હા | ૪૦ | ૧૦૦ |
| | | ના | ૦૦ | ૦૦ |
| ૫ | જરૂરી ફર્નિચર | હા | ૩૦ | ૭૫ |
| | | ના | ૧૦ | ૨૫ |
| ૬ | કમ્પ્યૂટર સેટ | હા | ૩૮ | ૯૫ |
| | | ના | ૦૨ | ૦૫ |
| | વીજળીકરણ | હા | ૪૦ | ૧૦૦ |

ઉપરોકત કોષ્ટક નં. : ૨નું વિશ્લેષણ કરતાં ફલિત થાય છે કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ વધરાઈ છે જે મુજબ - અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના એટલે કે ૬૨.૫ ટકાની શાળાઓમાં નવા વર્ગખંડો બન્યા છે તો સામે ૩૭.૫ ટકાની શાળાઓમાં નવા વર્ગખંડો બન્યા નથી, જે હકીકત છે.

- અભ્યાસ હેઠળના ૮૦ ટકા ઉત્તરદાતાઓની શાળાઓમાં મધ્યાહ્‌ન ભોજર-રસોડું અને સ્ટોર રૂમ નવાં બન્યા છે ફકત ૨૦ ટકાની શાળાઓમાં જ બાકી છે.

- પીવાના પાણીની જે પ્રાથમિક અને ખૂબ જ મહત્ત્વની સુવિધા ૯૦ ટકા શાળાઓમાં થઈ ગઈ છે. ફકત ૧૦ ટકામાં જ બાકી છે.

- અભ્યાસ હેઠળના ક્ષેત્રની દરેક શાળાઓમાં (કન્યા અને કુમારો માટેનાં અલગ અલગ) શૌચાલયો બની ગયા છે જેથી ખાસ કરીને કન્યાઓના શૌચક્રિયાના પ્રશ્નો હળવા થતાં કન્યાઓને શાળા દરમિયાનની આ મુશ્કેલી દૂર કરી શકાઈ છે જેના કારણે કન્યાઓમાં શિક્ષણ લેવાનું પ્રમાણ વધ્યાના અહેવાલો છે જે આ કાર્યક્રમની મોટી સફળતા ગણી શકાય.

- ૭૫ ટકા શાળાઓમાં જરૂરી ફર્નિચર (તિજોરી, બ્લૅકબોર્ડ, ટેબલ-ખુરશી, ઢાળિયા, રમત-ગમતનાં સાધનો વગેરે) આ યોજના થકી મળેલ છે. ફક્ત ૨૫ ટકા શાળાઓમાં જ બાકી છે તેવું ઉત્તરદાતાઓનું કહેવું છે.

- ૯૫ ટકા શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં આ યોજના અંતર્ગત કમ્પ્યૂટર સેટ મળેલ છે પરંતુ તેનો સદ્‌ઉપયોગ ખૂબ ઓછો થઈ રહ્યો છે તેવું ઉત્તરદાતાઓનું માનવું છે.

- અભ્યાસ હેઠળની દરેકે દરેક શાળાને આ યોજના અંતર્ગત વીજળીકરણથી સાંકળેલ છે જે આ યોજનાની ખાસ સિદ્ધિ ગણાય, વીજળીકરણ કમ્પ્યૂટર, વીડિયો શો, લાઈવ ટેલિકાસ્ટ કાર્યક્રમ વગેરે દ્વારા શૈક્ષણિક કાર્યક્રમમાં નવીનતા સાથે રસપ્રદ શિક્ષણ બનાવી શકાયું છે તેવું અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું કહેવું છે.

આમ ઉપરોક્ત વિશેષ ભૌતિક સુવિધાઓએ આ સર્વ શિક્ષા અભિયાનની દેન છે જેનાથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અનુક્રમે - ભણવા-ભણાવવામાં રસ સાથે શૈક્ષણિક ઉત્સાહ જાળવી રાખવામાં સાબિત થયું છે.

## વિભાગ : ૦૨ : શિક્ષક સજ્જતા સંબંધી માહિતી

**(કોષ્ટક નં. : ૩)**

● ઉત્તરદાતા(શિક્ષકો)નો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | P.T.C. | ૨૬ | ૬૫.૦૦ |
| ૨ | B.Ed | ૧૦ | ૨૫.૦૦ |
| ૩ | A.T.D. | ૦૧ | ૦૨.૫૦ |
| ૪ | CPEd/DPEd | ૦૨ | ૦૫.૦૦ |
| ૫ | અન્ય | ૦૧ | ૦૨.૫૦ |
| ૬ | કુલ | ૪૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક નં. ૩નું વિશ્લેષણ કરતાં ફલિત થાય છે કે, અભ્યાસ હેઠળના કુલ ૪૦ ઉત્તરદાતા-(શિક્ષકો)માંથી ૬૫ ટકા શિક્ષકોનો શૈક્ષણિક દરજ્જો P.T.C. છે, ૨૫ ટકા B.Ed. જ્યારે CPEd/DPEd થયેલા ૫ ટકા A.T.D. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો ૨.૫ ટકા - ૨.૫ ટકા જેટલા છે.

આમ અભ્યાસ હેઠળના ઉત્તરદાતા (શિક્ષકો)માંથી મોટા ભાગના P.T.C.ની લાયકાત ધરાવે છે.

આ ઉપરાંત વ્યાવસાયિક સજ્જતા માટેની વચ્ચે-વચ્ચે થતી તાલીમો સંબંધી માહિતી મેળવતાં દરેકે-દરેક ઉત્તરદાતાએ નિષ્ણાતો દ્વારા ઉચ્ચકક્ષાની અસરકારક તાલીમ લીધી છે તથા તે તાલીમો સંતોષકારક થઈ છે જે વાતાની પુષ્ટિ કરી છે. આ તાલીમો થકી ઉત્તરદાતા (શિક્ષકો)એ પોતાના કામોમાં વધુ સજ્જતા અને અસરકારતાનો સ્વીકાર કર્યો છે.

**(કોષ્ટક નં. : ૪)**

● સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તાલીમોથી ઉત્તરદાતા(શિક્ષકો)ના કામની ગુણવત્તા સુધરી છે કે કેમ તે માહિતી દર્શાવતુ કોષ્ટક.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૩૬ | ૯૦ |
| ૨ | ના | ૦૪ | ૧૦ |
| | કુલ | ૪૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે, અભ્યાસ હેઠળના કુલ ૪૦ ઉત્તરદાતા(શિક્ષકો)માંથી ૯૦ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે, આ અભિયાન અંતર્ગત તાલીમોથી પોતાના કામની ગુણવત્તા સુધરી છે. જે પોતાના કામને વધુ અસરકારક બનાવે છે તથા વિદ્યાર્થી વિકાસમાં ઉપયોગી થાય છે. જ્યારે ફક્ત ૧૦ ટકા ઉત્તરદાતાઓને આ તાલીમથી કોઈ ખાસ ફાયદો થયો નથી તેવું કહેવું છે.

આમ ૯૦ ટકા એટલે કે મોટા ભાગના ઉત્તરદાતાઓનું માનવું છે કે, આ યોજના દ્વારા અપાતી વિશેષ તાલીમથી કામની ગુણવત્તા સુધરી છે. અભ્યાસ દરમિયાનની આચાર્યશ્રીઓ તથા ઉપરી અધિકારીશ્રીઓ સાથેની વિશેષ મુલાકાતોમાં પણ ઉપરોક્ત વાતને સમર્થન મળતી માહિતી ઉપલબ્ધ થયેલ છે.

**(કોષ્ટક નં. : ૫)**

● ઉત્તરદાતા(શિક્ષકો)ને પોતાના શૈક્ષણિક કાર્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અપાતી તાલીમોથી કઈ કઈ બાબતોમાં ઉપયોગી થાય છે તે માહિતી દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ટી.એલ.એમ. નિર્માણ | ૩૨ | ૨૩.૧૯ |
| ૨ | વર્ગવ્યવસ્થા | ૨૫ | ૧૮.૧૧ |
| ૩ | અભ્યાસક્રમ | ૨૯ | ૨૧.૦૨ |
| ૪ | ઈતર પ્રવૃત્તિ | ૩૧ | ૨૨.૪૬ |
| ૫ | મૂલ્યાંકન | ૨૧ | ૧૫.૨૨ |
| | કુલ | ૧૩૮ | ૧૦૦.૦૦ |

(નોંધ : આ ઉપરોક્ત માહિતી માટેના પ્રશ્નમાં એક કરતાં વધુ જવાબ મળેલ હોવાથી આવૃત્તિ વધુ છે.)

ઉપરોક્ત કોષ્ટક નં. ૫નું વિશ્લેષણ કરતાં જોઈ શકાય છે કે, અભ્યાસ હેઠળના કુલ ૪૦ ઉત્તરદાતા-(શિક્ષકો)માંથી ૩૨ ને - ટી.એલ.એમ. નિર્માણ, ૨૫ ને - વર્ગ વ્યવસ્થા, ૨૯ ને - અભ્યાસ ક્રમ કામગીરીમાં તો ૩૧ ને - ઈતર પ્રવૃત્તિ અને ૨૧ ઉત્તરદાતાઓનું મુલ્યાંકન કામગીરીમાં આ તાલીમો વિશેષ ઉપયોગી થાય છે.

ઉપરોક્ત તાલીમોમાં વિષયવસ્તુ, ભાષા સજ્જતા, જીવનકૌશલ્ય, મૅનેજમેન્ટ અને વર્ગવ્યવસ્થા તથા ઇતર પ્રવૃત્તિઓ સંબંધી વિષયોની તાલીમ ઉત્તરદાતાઓને આ યોજના અંતર્ગત મળેલ છે તેવું અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું કેવુ છે.

**વિભાગ : ૩**

**"SSA મિશન દ્વારા - બાળકોમાં આવેલ પરિવર્તન સંબંધી માહિતી."**

**(કોષ્ટક નં. : ૬)**

● સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા - પ્રાથમિક શાળાઓમાં ભણતાં બાળકોમાં આવેલ પરિવર્તન સંબંધી માહિતી દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | ભૌતિક સુવિધા | ઉત્તરદાતાના જવાબો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધી કે કેમ ? | હા | ૩૬ | ૯૦ |
| | | ના | ૦૪ | ૧૦ |
| ૨ | બાળકોમાં શિક્ષણ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં રસ-રુચિ વધ્યાં છે કે કેમ ? | હા | ૩૨ | ૮૦ |
| | | ના | ૦૮ | ૨૦ |
| ૩ | બાળકો નિયમિત શાળાએ આવતાં થયાં છે કે કેમ ? | હા | ૩૮ | ૯૫ |
| | | ના | ૦૨ | ૦૫ |
| ૪ | બાળકોમાં વ્યક્તિગત આરોગ્યની સંભાળ વધી છે કે કેમ ? | હા | ૩૦ | ૭૫ |
| | | ના | ૧૦ | ૨૫ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે, આ SSA મિશન દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓને કારણે

૯૦ ટકા ઉત્તરદાતાઓનું માનવું છે કે, પ્રાથમિક શાળાઓમાં ભણતાં બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધી છે.

૮૦ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે, બાળકોમાં શિક્ષણ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં રસ-રુચિ વધ્યાં છે જેમાં ખાસ કરીને, રમતગમત, ચિત્રકળા, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે વિશેષ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ વધુ ભાગ લેતા થયા છે.

૯૦ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે, આ યોજનાની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે મધ્યાહ્ન ભોજન યોજના, કોમ્પ્યુટર શિક્ષણ, શિક્ષણપદ્ધતિમાં નવીનતા વગેરે કારણે ડ્રોપ-આઉટનું તથા અનિયમિતાનું પ્રમાણ ઘટી વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવતા થયા છે.

૭૫ ટકા ઉત્તરદાતાઓનું માનવું છે કે, આ યોજના પહેલાં મોટા ભાગના વિદ્યાર્થીઓ સ્નાન કર્યા વગર શાળાએ આવતા જ્યારે હવે આ શિક્ષણ-પ્રણાલીને કારણે વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત આરોગ્યની સભાનતા વધી છે.

આમ આ SSA મિશન દ્વારા શાળાએ ભણતા વિદ્યાર્થીઓમાં મોટે ભાગે હકારાત્મક અને વિકાસાત્મક પરિવર્તનો દૃષ્ટિગોચર થાય છે.

**વિભાગ : ૪**

**"SSA મિશન દ્વારા - શાળાના વિકાસમાં લોકભાગીદારી સંબંધી માહિતી."**

**(કોષ્ટક નં. : ૭)**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાના જવાબો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | સમુદાયના લોકો શાળાના વિકાસ-કાર્યક્રમોમાં મદદરૂપ થાય છે કે કેમ ? | હા | ૩૪ | ૮૫ |
| | | ના | ૦૬ | ૧૫ |
| | કુલ | | ૪૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક નં. ૭નું વિશ્લેષણ કરતાં જોઈ શકાય છે કે, આ SSA મિશનનો અભિગમ જે તે વિસ્તારની શાળાઓમાં લોકભાગીદારીને મજબૂત કરવાનો રહ્યો છે, માટે જોઈ શકાય છે કે, ૮૫ ટકા ઉત્તરદાતાઓનું માનવું છે કે, સમુદાયના લોકો એમના વિસ્તારમાં આવેલ શાળાના વિકાસમાં મોટે ભાગે મદદરૂપ થાય જ છે જે આ યોજનાની વિશેષ સિદ્ધિ છે.

**વિભાગ : ૮**

**સમુદાયના લોકો શાળા વિકાસ સંદર્ભે કેવાં કાર્યોમાં મદદરૂપ થાય છે તે માહિતી દર્શાવદ્ધિં કોષ્ટક**

| ક્રમ | વિગત (જો હા તો કેવાં કાર્યોમાં મદદરૂપ થાય છે ?) | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | જરૂરી દાન આપી | ૧૩ | ૩૮.૨૩ |
| ૨ | વિશેષ કાર્યક્રમોમાં હાજરી આપી | ૧૦ | ૨૯.૪૧ |
| ૩ | જરૂરી સાધન સહાય દ્વારા | ૦૬ | ૧૭.૬૫ |
| ૪ | વિદ્યાર્થી પ્રોત્સાહન કાર્યમાં મદદ | ૦૫ | ૧૪.૭૧ |
| | કુલ | ૩૪ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક નં. ૮ પરથી ફલિત થાય છે કે, શાળાના વિકાસ માટે કોઈ નવાં કામો કરવાનાં થાય છે ત્યારે આ શાળાના વિકાસ માટે સમુદાયના લોકો તરફથી દાન મળી રહે છે એવું ૩૮.૨૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે, ઉપરાંત વિશેષ કાર્યક્રમોમાં હાજરી આપવી ૨૯.૪૧ ટકા તો, જરૂરી સાધન સહાય ૧૭.૬૫ ટકા અને વિદ્યાર્થી પ્રોત્સાહન કાર્યમાં મદદ ૧૪.૭૧ ટકા કરે છે તેવું અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું માનવું છે.

આ શાળા અને વિદ્યાર્થીઓને વિકાસ માટે સમુદાયના લોકોની મદદ આ કાર્યક્રમના પ્રયાસ થકી મળી છે જે નવો અભિગમ અત્રે કારગત સાબિત થયો છે.

● **તારણો :**

- SSA મિશન દ્વારા પ્રથામિક શાળાઓ અને શિક્ષણમાં પરિવર્તન અભ્યાસ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના, પાટડી તાલુકાની ૧૦ શાળાને તથા તેમાં કાર્યરત ૪૦ શિક્ષકોને ઉત્તરદાતાઓ તરીકે પસંદ કરેલ છે.
- અભ્યાસ હેઠળના મોટા ભાગના ઉત્તરદાતાઓ P.T.C.નો શૈક્ષણિક દરજ્જો ધરાવે છે.
- ૯૦ ઉત્તરદાતા(શિક્ષકો)નું માનવું છે કે, SSA મિશન દ્વારા શિક્ષકોને અપાતી તાલીમો તેમના શિક્ષણકાર્યમાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે જેમાં ખાસ કરીને ટી.એલ.એમ. બનાવવા, વર્ગવ્યવસ્થા, અભ્યાસક્રમ, ઈતર પ્રવૃત્તિ તથા મૂલ્યાંકનની નવી પદ્ધતિઓ વગેરે ખૂબ ઉપયોગી છે.
- મોટા ભાગના ઉત્તરદાતાઓનું કહેવું છે કે, SSA મિશન અંતર્ગત નવા વર્ગખંડો, મધ્યાહ્ન ભોજન રસોડું અને સ્ટોર રૂમ, પીવાના પાણીની સુવિધા, શૌચાલય, જરૂરી ફર્નિચર, કમ્પ્યૂટર સેટ અને વીજળીકરણને કારણે શિક્ષકોને કામ કરવામાં અને વિદ્યાર્થીઓને ભણવાની રુચિ વધી છે.
- બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધતી જાય છે. ડ્રોપ-આઉટનો દર ઘટ્યો તથા વ્યક્તિગત આરોગ્યની સભાનતા વધી જે મોટું પરિવર્તન જોઈ શકાયું છે.
- SSA મિશનનું ધ્યેય એક એ પણ છે કે, શિક્ષણની જવાબદારી ફક્ત સરકારની ન રહેતાં, સમુદાયની પણ છે - આ ધ્યેય પણ થોડે ઘણે અંશે સફળ થતો જાય છે તેવું કોષ્ટક નં. ૭ પરથી જોઈ શકાય છે.

આમ SSA મિશન અંતર્ગત થતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રાથમિક શાળાઓ અને શિક્ષકોનું સ્તર સુધરતાં, અભ્યાસ કરતાં બાળકોનાં શિક્ષણનું લેવલ પણ સુધરતું જોવા મળી રહ્યું છે જે મોટું પરિવર્તન કહી શકાય.

● **સર્વ શિક્ષા અભિયાન મિશનનાં પરિણામો :**

- સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં ઘણું હકારાત્મક પરિવર્તન જોવા મળ્યું છે, તેમાં જોઈએ તો - શાળાઓમાં ભૌતિક અને શૈક્ષણિક સુધારા ખાસ જોવા મળે છે જે નીચે મુજબ છે.

● **ભૌતિક પરિણામો :**

- શાળાના મકાનોમાં - નવા વર્ગખંડો, રંગરોગાન, બગીચા વગેરે બનવા.
- મધ્યાહ્ન ભોજન માટેનું રસોડું અને સ્ટોર રૂમ.
- શાળામાં વીજળીકરણ
- કુમાર અને કન્યાઓ માટે શૌચાલયની વિશેષ સુવિધા.
- રમતા-ગમતનાં સાધનો.

● **શૈક્ષણિક પરિણામો :**

- શિક્ષકો તાલીમબદ્ધ થયા.
- અનિયમિત વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત આવતા થયા.
- શાળામાં બાળકોનું સ્થાયીકરણ વધ્યું.
- કન્યાકેળવણીમાં વધારો થયો.
- વિકલાંગ બાળકોમાં સંકલિત દ્વારા શિક્ષણમાં વૃદ્ધિ થઈ.
- વિવિધ જાહેર કાર્યક્રમો દ્વારા ખાસ કરીને ગ્રામીણ પછાત સમુદાયોમાં શૈક્ષણિક જાગૃતિ વધી છે.

● **સર્વશિક્ષણ અભિયાન અંતર્ગત પ્રશ્નો :**

છેલ્લા કેટલાયે સમયથી ચાલી આવતી આવી યોજનાઓનો ઉદ્દેશ ઘણો સારો હોય છે પણ સરવાળે એમાં થતી કામગીરીનું મૂલ્યાંકન માત્ર કાગળ પર જ રહી જવા પામતું હોય છે. વાસ્તવિક પરિસ્થિતિ જ્યારે આપણે અંતરિયાળ ગામડાની પ્રાથમિક શાળાની મુલાકાત લઈએ ત્યારે ઘણું જાણવા મળતું હોય છે. શાળામાં આવતાં બાળકો પર એટલું ભારણ અને જબરજસ્તી લેસનથી માંડીને વિવિધ પ્રાઈવેટ કામો જ કરે છે. શિક્ષકો પણ વિદ્યાસહાયક છે ત્યાં પરિસ્થિતિ વધુ કફોડી છે. પૂરતા વેતનના અભાવે સાઈડમાં અન્ય પ્રવૃત્તિ પર ધ્યાન કેન્દ્રિત કરી કમાણી કરવા પર વધારે કામ કરે છે. શિક્ષકો પર શિક્ષણ ઉપરાંતનું ભારણ જેમ કે શાળા મરામતથી લઈને બીજી સરકારી યોજનાઓમાં કામે લગાડવામાં આવતા

હોય છે. જેથી શિક્ષણ પર પૂરતું ધ્યાન આપી શકતા નથી. ગુણોત્સવના કાર્યક્રમોમાં દેખાડા માટે વિધ વિધ પ્રવૃત્તિઓ કરાતી હોય છે.

આજે શાળામાં આવતાં બાળકોને શુદ્ધ ગુજરાતીમાં લખવાનું તો ઠીક પણ વ્યવસ્થિત વાંચવા માટે પણ તકલીફ પડતી હોય છે. નાણાકીય ખર્ચ અને બધા જ પ્રકારનાં સાધનો તેમજ તાલીમની પૂરતી વ્યવસ્થા હોવા છતાં પરિણામ મળતું નથી.

**● ઉપસંહાર :**

પ્રવર્તમાન આધુનિક યુગમાં શિક્ષણ દરેક વ્યક્તિ માટે જરૂરી જ નહિ પરંતુ અનિવાર્ય છે ત્યારે, હાલમાં સરકારે ગામડે ગામડે પ્રાથમિક શાળાઓ ઊભી કરી મફત પ્રાથમિક શિક્ષણનું કાર્ય કરે છે પરંતુ, બાળકોને ભણવામાં ઉત્સાહ ઓછો હોઈ, ઉપરાંત મોટા ભાગનાં ગ્રામીણ કુટુંબોની આર્થિક સ્થિતિ મધ્યમ અને નબળી તથા નાનાં ભાઈ-બહેનોને સાચવવા જેવી અન્ય જવાબદારીઓ જેવાં કારણોસર બાળકો નિયમિત ભણતાં ન હોઈ-વિદ્યાર્થીઓમાં ભણવાની રસ-રુચિ જાગે અને શાળામાં તેમનું સ્થાયીકરણ વધે તે માટે સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં જીવન-ઉપયોગી અને વધુ અસરકારક શિક્ષણકાર્ય બને તે હેતુથી શાળાઓમાં વિશેષ ભૌતિક સુવિધાઓ તથા શિક્ષકોને વિશેષ તાલીમોથી સજ્જ કરવાનો પ્રયાસ આ યોજના દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ મિશન અંતર્ગત નવા નવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમુદાયના લોકોને સતત પ્રવૃત્તિશીલ રાખી, શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા પ્રયત્નો હાલ શરૂ થઈ રહ્યા છે. જેના દ્વારા પહેલાંની સરખામણીમાં છેલ્લા એક દશકા દરમ્યાન આ પ્રાથમિક શાળાના શિક્ષણમાં ઘણાં સારાં પરિવર્તનો જોવા મળી રહ્યાં છે જે હકારાત્મક પરિવર્તનો આવતા સમયમાં માનવીય આંક અવશ્ય ઉપર લઈ આવશે.

**● સંદર્ભસૂચિ :**


- Buch, M.B. (1991), Fourth Survey of Research in Education. NCERT, New Delhi, p. 693.
- ગુપ્તા જે.પી. સ્ટેટ પ્રોજેક્ટ ડાઈરેક્ટર (૨૦૦૨), વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા મોડ્યુલ. સ્ટેટ પ્રોજેક્ટ ઑફિસ ગાંધીનગર.
- જોષી અવિનાશ, સ્ટેટ પ્રોજેકટ ડાઈરેક્ટર (૨૦૦૧), વિકલાંગ બાળકો માટેનું સંકલિત શિક્ષણ. સ્ટેટ પ્રોજેક્ટ ઑફિસ, ગાંધીનગર.
- જોશી વિદ્યુત, (૨૦૦૯), ગ્રામવિકાસમાં લોકભાગીદારી; પ્રથમ આવૃત્તિ; પાર્શ્વ પબ્લિકેશન, રિલીફ રોડ, અમદાવાદ.
- ડાભી ગણપત એમ. (૨૦૦૭), ''ગણતર સંસ્થાના પ્રયત્નો દ્વારા અગરિયાનાં બાળકોમાં આવેલ પરિવર્તનની અસરો અંગેનો અભ્યાસ.'' (થીસિસ, M.S.W. કૉલેજ, ઢસા.)
- દેસાઈ હરીભાઈ જી.; દેસાઈ કૃષ્ણકાંત જી.; ૧૯૭૩; સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, પ્રથમ આવૃત્તિ; યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, એલિસબ્રિજ, અમદાવાદ.
- પટેલ આર.એસ., (૨૦૧૨), સંશોધનની પાયાની સંકલ્પનાઓ, જય પબ્લીકેશન, ઓંગણજ, અમદાવાદ.
- ભટ્ટ મીના, સ્ટેટ પ્રોજેકટ ડાઈરેક્ટર (માર્ચ ૨૦૦૫), ''સર્વ શિક્ષા અભિયાન મિશનના અમલીકરણ અંગેની માર્ગદર્શિકા.'' D.P.E.P., S.S.A., ગાંધીનગર
- મહેતા ધર્મેશ (૨૦૦૦), મૅનેજરિયલ તાલીમ માર્ગદર્શિકા, ઓ.આઈ.સી. ટીચર્સ ટ્રેઇનિંગ, ભાવનગર.

## 'નિવૃત્તિ શુભેચ્છા સમારોહ' : ૩૭ વર્ષની સુદીર્ઘ યશસ્વી શૈક્ષણિક સફર કરી, વયમર્યાદાથી નિવૃત્ત થતાં સમાજશાસ્ત્રનાં પ્રોફેસર ડૉ. ચંદ્રિકા રાવલ

– શૈલજા ધ્રુવ*

સમાજશાસ્ત્રનાં વ્યાખ્યાતાથી પ્રોફેસર તરીકેની ઉત્કૃષ્ટ ફરજ બજાવી, તા.૩૧ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ નિવૃત્ત થયેલ ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ; સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)નો 'નિવૃત્ત શુભેચ્છા સમારોહ' તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૨૧ રવિવારના રોજ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, એસ.એલ.યુ. કૉલેજ કૅમ્પસ, અમદાવાદમાં યોજવામાં આવ્યો. સમારોહના આયોજનમાં રાવલ પરિવારના સદસ્યો તેમજ ડૉ. શૈલજા ધ્રુવે સક્રિય ભૂમિકા ભજવી.

રાવલ પરિવાર દ્વારા આયોજિત આ શુભેચ્છા સમારોહમાં વિવિધ ક્ષેત્રનાં તજ્જ્ઞો, હોદ્દેદારો, તદ્ઉપરાંત કુટુંબીજનો, સ્નેહીજનો તેમજ શુભેચ્છકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.

- સમારોહના સંયોજક ડૉ. શૈલજા ધ્રુવે મંચસ્થજનો તેમજ આમંત્રિતોને આવકારી, સૌના સ્નેહભાવ પ્રત્યે સાનંદ આભાર વ્યક્ત કર્યો
- સમારોહના પ્રારંભમાં ડૉ. ચંદ્રિકા રાવલના વ્યક્તિત્વને નિખારતી PPT (સર્જકઃ ચિ. દિપમ રાવલ) પ્રસારિત કરવામાં આવી ત્યારબાદ મંચસ્થજનોની ઉપસ્થિતિમાં રાવલ પરિવાર દ્વારા તૈયાર કરેલ "Haapy Retiring of 2nd Inning'ની frameનો ઉઘાડ ડૉ. ચંદ્રિકા રાવલ દ્વારા કરાવવામાં આવ્યો.

  મંચસ્થજનો, અગ્રણી હોદ્દેદારો તેમજ સમારોહના સૌથી વયસ્ક રાવલ પરિવારના માતુશ્રી 'સવિતાબા' સહિત સૌનો ટૂંક પરિચય આપી, અભિવાદન કરવામાં આવ્યું.
- આ પ્રસંગે ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી) અને ડૉ. શૈલજા ધ્રુવ (ઍસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ; ઈન્ચાર્જ પ્રિન્સિપાલ - એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલજ ફોર વિમેન, અમદાવાદ) દ્વારા સંપાદિત 'સમાજસ્નેહ' પુસ્તકનું (પ્રકાશનઃ પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ) વિમોચન ડૉ. વિદ્યુત જોષીના હસ્તે કરાયું.
- ૩૭ વર્ષની સુદીર્ઘ યશસ્વી શૈક્ષણિક સફર કરી, નિવૃત્તિ જીવનનો શુભારંભ કરનાર ડૉ. ચંદ્રિકા રાવલને અનેકવિધ સદસ્યોએ શાબ્દિક/પુષ્પગુચ્છ/ શૉલ/સન્માનપત્ર/ગિફ્ટ/શુભેચ્છા સંદેશના માધ્યમથી યથાયોગ્ય શુભેચ્છાઓ પાઠવી.

— ડૉ. હેમીક્ષા રાવે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, "સરળ, સહજ, બિનસંઘર્ષવાદી વ્યક્તિત્વ ધરાવનાર બહેન ચંદ્રિકાની યશસ્વી કારકિર્દીની હું સાક્ષી છું. સામજજીવનમાં વ્યક્તિઓના દરજ્જા-ભૂમિકાને સન્માનિતતા સાથે પોતાના કાર્યભારની જવાબદારી નિભાવવાની આવડતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે બહેન ચંદ્રિકા." વધુમાં તેમણે જણાવ્યું કે, "નિવૃત્તિ જીવનમાં તે પ્રવૃત્તિશીલ રહેશે જ એની મને ખાતરી છે, સાથે હરવા-ફરવાની શોખીન છે તો હવે જે કોઈ દેશ બાકી હોય તેની સફર કરી, ભરપૂર આનંદ મેળવે એવી પણ અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવું છું."

— ડૉ. રાજસી કલાર્ક શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, "શિક્ષણ સહ વહીવટી કૌશલ્ય ધરાવનાર ચંદ્રિકાબહેનની વહીવટી કુનેહનો લાભ મારી તેમજ સમાજવિદ્યા ભવનની વિભાગીય પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં ખૂબ મળ્યો. ગંભીર મુદ્દાઓને સૌપ્રથમ હાસ્યની રેલીમાં મૂકી, તંગદિલીયુક્ત કાર્યોને હળવાશયુક્ત વાતાવરણમાં તબદિલ કરવાની આગવી શૈલી ધરાવતાં ચંદ્રિકાબહેનની નિવૃત્તિની સમાજવિદ્યાભવનની પ્રવૃત્તિઓમાં ચોક્કસ જ ખોટ સાલશે ! વધુમાં તેમણે જણાવ્યું કે, "મને એ બાબતનો આનંદ એ પણ છે

* ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, એસ.એલ.યુ. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ.

કે - વિદ્યાર્થીઓ, સમાજવિદ્યાભવન, સમાજશાસ્ત્ર વિભાગ, GUTA અને આજના રાવલ પરિવાર દ્વારા આયોજિત-પાંચેય નિવૃત્તિ સમારોહમાં ઉપસ્થિત રહેવાથી મેં ચંદ્રિકાબહેનના વ્યક્તિત્વને વિવિધ દૃષ્ટિકોણથી અભિવ્યક્ત થતાં જોયાં, સાંભળ્યાં અને માણ્યાં. ચંદ્રિકાબહેનને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.''

— ડૉ. વિદ્યુત જોષીએ શુભેચ્છાની શરૂઆતમાં 'સમાજ સ્નેહ' પુસ્તક-પ્રકાશનને બિરદાવતાં જણાવ્યું કે, ''નિવૃત્તિના તબક્કે પણ વિદ્યાર્થી - હિતાર્થી અને વિષય-વિકાસલક્ષી વિચારબીજથી પુસ્તકનું સંપાદન અને પ્રકાશન કરવું એ શિક્ષણસંશોધન ક્ષેત્રને ગતિશીલ બનાવવામાં યોગદાનરૂપ જ ગણી શકાય. બન્ને બહેનો - ચંદ્રિકા અને શૈલજા-ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું, આ પુસ્તકનું વિમોચન કર્યાનો મને આનંદ છે.''

તેમણે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ૩૭ વર્ષની સુદીર્ઘ યશસ્વી શૈક્ષણિક સફર એમ ને એમ સફળ થતી નથી. અનેક ઉતાર-ચઢાવ, પડકારોનો સામનો કરવો જ પડતો હોય છે. બહેન ચંદ્રિકાના આ નિવૃત્તિ સમારોહમાં જુદાં જુદાં ક્ષેત્રોની વ્યક્તિઓ અત્રે ઉપસ્થિત છે, એ સૌની ઉપસ્થિતિને ચંદ્રિકાએ જે એમના પ્રત્યે સ્નેહભાવ રાખ્યો હશે એના જ પ્રતિબિંબ રૂપે હું જોઉં છું. વળી, સંજોગોવશાત્ જેઓ ઉપસ્થિત રહી શકયા નથી તેમણે શુભેચ્છા-સંદેશ દ્વારા પોતાનો સ્નેહભાવ વ્યક્ત કર્યો એ મારા દૃષ્ટિબિંદુની પૂર્તિ કરે છે એમ કહી શકાય. બહેન ચંદ્રિકાની સુદીર્ઘ યશસ્વી શૈક્ષણિક સફર બરાબર જ કે સરળ રીતે જ થઈ હશે એમ ન કહી શકાય. તેના કાર્યકાળમાં તેણે બાંધછોડ, મોટું મન રાખ્યું જ હશે. હું એના વ્યક્તિત્વને 'કૃષ્ણ' અને 'નીલકંઠ' સાથે સરખાવી શકું છું. જેમ કૃષ્ણએ પ્રેમ, દોસ્તી, કુનેહ, સમજાવટ, મુત્સદ્દીપણું રાખીને પરિસ્થિતિને સંભાળી તેમજ 'નીલંકઠ'એ ઝેરને સમતા સાથે ગળી લીધું ને કલ્યાણકારી અભિગમ કેળવ્યો. એ જ રીતે બહેન ચંદ્રિકાએ કૌટુંબિક શૈક્ષણિક, વ્યવસાયિક, વહીવટી, સામાજિક વગેરે ક્ષેત્રે ફરજો/જવાબદારી નિભાવતી વખતે આ બન્નેના—કૃષ્ણ, નીલકંઠ-અભિગમોને આત્મસાત કર્યા જ હશે, ત્યારે જ તો આજે આટલી બહોળી સંખ્યા નજરે પડે છે. નિવૃત્તિમાં પ્રવૃત્તિઓ માટે મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.''

— શ્રી સોમાભાઈ પટેલે (નિયામકશ્રી—ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ''ચંદ્રિકાબહેનને યશસ્વી શૈક્ષણિક સફરનાં ખૂબ ખૂબ અભિનંદન. વર્ષોથી ગુજરાત સ્ત્રી કેળવણી મંડળમાં ઉત્સાહભેર માનદ્ સેવાઓ આપે છે. તેમની વહીવટી કુનેહનો લાભ મળતો રહે છે. બહેનની નિવૃત્તિની પ્રવૃત્તિમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ વધુ ઊંચાં સોપાનો સર કરશે એવી મને શ્રદ્ધા છે. નિવૃત્તિમય જીવન નિરામય બની રહે એવી અમારા ટ્રસ્ટી મંડળ વતીથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.''

— ડૉ. સિરાલી મહેતા (પૂર્વ આચાર્ય-એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. ઍન્ડ પી. કાઠોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન)એ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ''તમામ વયની વ્યક્તિઓ સાથે ઓતપ્રોત થઈને કામ કરી શકાય તેનું સીધું ઉદાહરણ એટલે ડૉ. ચંદ્રિકાબહેન. ત્રણ દાયકાથી પણ વધુ વર્ષોથી શિક્ષણ, શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ કે વહીવટી બાબતોમાં જેમની સાથે મારે નિર્ભીક, નિખાલસ રીતે ચર્ચા-વિચારણા કરવાનું બને તો તેનું કેન્દ્રબિંદુ એટલે ડૉ. ચંદ્રિકાબહેન. તેમનાં આયોજન, અમલીકરણ, બજેટિંગ વગેરે સંસ્થાકીય વડાઓ, અધ્યાપકો, કર્મચારીઓ, વિદ્યાર્થિનીઓ બધા જ સ્તરની વ્યક્તિઓનો લક્ષ્યમાં રાખીને થાય એટલે કાર્યક્રમની સફળતા માટે કોઈ સંદેહ હોય જ નહીં. સફળ જ હોય. સમવયસ્ક હોવાને લીધે તેમની સાથે સખ્યભાવે વૈચારિક આદાન-પ્રદાન કરવાનું પણ ગમે. નિવૃત્તિમય જીવન પ્રવૃત્તિમય બની રહે એવી શુભેચ્છાઓ My Best Wishes to You Chandrikaben."

— ડૉ. સંગીતા પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી)એ શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, ''ચંદ્રિકાબહેનના જ્ઞાનનો લાભ મને

વિદ્યાર્થી તરીકે અને સહકર્મી તરીકે મળ્યો છે તેનો મને આનંદ છે. અનેક વિદ્યાર્થીઓનાં તેઓ પથદર્શક રહ્યા છે. અમારા સમાજશાસ્ત્ર વિભાગને તેમના બહોળા અનુભવનો લાભ મળ્યો છે, મળતો રહેશે તેવી પણ મને શ્રદ્ધા છે. કારણ કે નિવૃત્તિના બે દિવસ પહેલાં જ તેમણે આગામી ત્રણ મહિનામાં વિભાગીય કામગીરીનું આયોજન કરી આપીને પોતાની કૃતજ્ઞતાનો પરિચય કરાવેલો. અમારા સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા યોજિત નિવૃત્તિના અભિવાદન કાર્યક્રમમાં તેમના 'સાદું જીવન ઉચ્ચ વિચારો'ની પ્રતિબદ્ધતા નિહાળેલી. સાથે તેમના આચાર-વિચારની પ્રતિબદ્ધતા પણ યાદ રહેશે. સમાજશાસ્ત્રવિભાગ વતી પુનઃચંદ્રિકામેડમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.''

— ડૉ. જયેશ બારોટે (પ્રિન્સિપાલ - શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા, જિ. મહેસાણા) એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વતીથી 'સન્માનપત્ર' પઠન કરી, ચંદ્રિકાબહેનનાં કાર્યોને બિરદાવ્યાં. સન્માનપત્ર તથા સ્મૃતિભેટ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી.

— ડૉ. ઈલા મૅકવાન (અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ)એ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ''ચંદ્રિકાબહેન એટલે મારાં Friend, Philosopher and Guide. મારા માટે તો એક એવું પણ વ્યક્તિત્વ કે જેના માટે મારે ઘડિયાળના કાંટા જોવા ન પડે ! બીજી રીતે કહું તો, પારિવારિક, શૈક્ષણિક, વહીવટી ક્ષેત્રે આનંદ કે વિષાદયુક્ત પરિસ્થિતિમાં દિલ ખોલીને વાત કરવા માટેની વિશ્વાસપાત્ર વ્યક્તિ એટલે ડૉ. ચંદ્રિકાબહેન. સુદીર્ઘ સફરને યશસ્વી રીતે પૂર્ણ કરવી એ નાનીસૂની બાબત ન ગણાય. ચંદ્રિકાબહેન વયમર્યાદાથી નિવૃત્ત ગણાય એ સ્વાભાવિક છે પણ એ પ્રવૃત્તિશીલ રહેશે એ બાબત પણ નિર્વિવાદિત. એમનું પ્રવૃત્તિમય જીવન સમાજશાસ્ત્રના વિકાસમાં પણ વધુ યોગદાનરૂપ નીવડે એ જ શ્રદ્ધા સહ અંતઃકરણની શુભેચ્છાઓ.''

— ડૉ. ભાવના દૂબે (ઍસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ - શ્રીમતી મણિબેન એમ.પી. શાહ વિમેન કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, માટુંગા, મુંબઈ)એ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, 'ચંદ્રિકાબહેન મારાં Ph.D નાં માર્ગદર્શક તો ખરા જ સાથે ખૂબ પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવનાર. અલબત્ત, કામગીરીમાં મહેનતને મહત્ત્વ પણ એટલું જ આપે. આજે રાવલ પરિવાર ઉપસ્થિત છે, તેમને જોઈને મારાં Ph.D.ની ડિગ્રી તો મળી, સાથે પ્રેમાળ પરિવારજનો પણ મળ્યાં. ચંદ્રિકામૅડમને મારાં પ્રણામ સાથે નિવૃત્તિજીવનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.''

વિશેષમાં ડૉ. ભાવના દૂબેએ પોતાના Ph.Dના માર્ગદર્શક ડૉ. ચંદ્રિકાબહેન રાવલ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા કાયમી સ્મૃતિભેટ રૂપે વ્યક્તિગત રૂપે એસ.એલ.યુ. કૉલેજના નેજા હેઠળ બે પારિતોષિક : (૧) સમાજશાસ્ત્ર વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને ડૉ. ભાવના પ્રેમચંદ દૂબે તરફથી 'ડૉ. ચંદ્રિકા રાવલ' પારિતોષિક (૨) સમગ્ર આર્ટ્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને ડૉ. ભાવના પ્રેમચંદ દૂબે તરફથી 'ડૉ. ચંદ્રિકા રાવલ પારિતોષિક' જાહેર કર્યાં.

— ડૉ. રશ્મિતા રાવલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ; (ઇન્ચાર્જ પ્રિન્સિપાલ - શ્રીમતી રમીલાબેન બચુભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ, સાણંદ, જિ. અમદાવાદ)એ Ph.D વિદ્યાર્થીઓના પ્રતિનિધિ રૂપે શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, ''ડૉ. ચંદ્રિકાબહેને અમારા અભ્યાસમાં સક્રિય રૂપે માર્ગદર્શકરૂપ ભૂમિકા ભજવી પણ સાથે માનવીય અભિગમનો પોતાના આચાર-વિચાર દ્વારા પ્રેરણાસ્રોત પૂરો પાડ્યો. Ph.D અભ્યાસમાં પૂર્વતૈયારી ખાસ કરીને તેના માટેના ભરવાનાં પત્રકો, સંદર્ભ સાહિત્ય, માહિતી એકત્રીકરણનાં સાધનો વગેરે; ક્ષેત્રકાર્ય દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો, ક્ષેત્રકાર્યની સમયબદ્ધતા, માહિતીનું વર્ગીકરણ - વિશ્લેષણ અને અહેવાલ-લેખન;.Sinopsis Submission; મહાનિબંધ Submission, Viva, Notification તેમજ Degree Certificate સુધીની

તમામ પ્રક્રિયામાં હારોહાર રહી પાયાગતથી શિખર સુધીની ભૂમિકા ભજવી. અમને ખુશી એ બાબતની પણ છે કે, આજે પણ ચંદ્રિકા મૅડમ અમારા સારા-નરસા પ્રસંગોમાં યથાયોગ્ય ભૂમિકા ભજવી, પોતાની શાલીનતાનો અહેસાસ કરાવે છે. અહીં એ બાબત પણ ઉમેરીશ કે માત્ર Ph.D.નાં જ નહીં પણ કોઈ પણ વિષયના વિદ્યાર્થીઓ હોય ક્યારેય પણ તેમણે ભેદભાવ રાખ્યો નથી, શક્ય હોય એટલાં તેમને મદદરૂપ થવાના જ પ્રયત્નો કર્યા છે. અત્રે Ph.D. Scholars તેમજ વિદ્યાર્થીઓ વતી ચંદ્રિકામેડમને નિવૃત્તિજીવન પ્રવૃત્તિમય સાથે નિરામય બની રહે એવી શુભેચ્છાઓ પાઠવું છે.''

— ડૉ. સુનંત રાવલ (ચંદ્રિકાબહેનના ભાઈ; પ્રોફેસર અને અધ્યક્ષ-મેડિસીન વિભાગ, વેટરનરી કોલેજ, આણંદ)એ પારિવારિક પ્રતિનિધિ રૂપે જણાવ્યું કે, ''અમારા કુટુંબના કોઈ પણ પ્રકારના પ્રસંગો હોય બહેન ચંદ્રિકાની ભૂમિકા હંમેશાં અગ્રગણ્ય જ રહી છે. આયોજન અને તેનું સઘન અમલીકરણ સાથે બજેટિંગ તો ખરું જ. આ તમામ પાસા પર તેની સારી એવી પક્કડ. વળી, પરિવારની સંયુક્તતાને જાળવવામાં સેતુરૂપ ભૂમિકા ભજવવામાં અગાઉ કહ્યું તેમ 'કૃષ્ણ' અને 'નીલકંઠ'ના તેના અભિગમોનો અમને સૌને અનુભવ છે. અમે પાંચ ભાઈઓ પણ પરિવારમાં તેણે 'સ્ત્રીત્વ' સાથે જેન્ડર સમાનતાને આચરણમાં મૂકી છે એમ ચોક્કસ કહી શકાય. બહેન ચંદ્રિકા તેના આરોગ્ય અને પાર્થિક પાસા પર ધ્યાન આપે તેવી શુભભાવના સાથે અમારા રાવલ પરિવાર તરફથી તેને IInd Innningની હાર્દિક શુભેચ્છાઓ.''

— ચિ. દિપમ (ચંદ્રિકાબહેનનો ભત્રીજો)એ રાવલ પરિવારની ત્રીજી પેઢીના - ભત્રીજા-ભત્રીજી; ભાણિયા-ભાણી વગેરે સદસ્યોના પ્રતિનિધિ રૂપે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, We love our Chanda foi / Chanda masi. અમને સૌને એમના પ્રત્યે વિશેષ લગાવ. અમારાં બધાં સપના / લક્ષ્યોમાં તેઓ રસ લે અને મદદરૂપ બને. અમારા સૌની Academic mother અને સાથે અમને ભાવતી વાનગીઓ બનાવીને, ખૂબ આનંદ કરાવે. ચંદાફોઈ અને શૈલુફોઈના દેશ-વિદેશના પ્રવાસોનો પરોક્ષ લાભ અમને અમારા અભ્યાસ તેમજ અભ્યાસ સાથેની પ્રવૃત્તિમાં ઘણો મળે. Our best wishes to her."

- ડૉ. ચંદ્રિકા રાવલે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, ''આપ સૌ સુજ્ઞજનોએ અત્રે ઉપસ્થિત રહી મારા પ્રત્યેનો સ્નેહભાવ વ્યક્ત કર્યો તેની મને ઘણી ખુશી છે. મને ખ્યાલ છે આજે રવિવાર છે. ને સાથે દિવાળીના દિવસો પણ નજીક આવી રહ્યા છે ત્યારે સમય ફાળવવો કઠિન બનતો હોય છે.'' તેમણે સામાજિકીકરણની એજન્સીઓને ધ્યાનમાં લઈ પોતાના કૌટુંબિક, શૈક્ષણિક, સામાજિક-સાંસ્કૃતિક, વહીવટી વગેરે તમામ ક્ષેત્રના સદસ્યોની પોતાના વ્યક્તિગત ઘડતરમાં ભૂમિકાનો ઉલ્લેખ કરી, ભાવવંદના અભિવ્યક્ત કરી.
- શ્રી પરમેશ્વરી રાવલ (ચંદ્રિકાબહેનનાં ભાભી)એ પરિવાર વતીથી સમારોહની સફળતામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી બનનાર તમામ વ્યક્તિઓનો આભાર માની, વિક્રમ સંવત ૨૦૭૮ની હાર્દિક શુભેચ્છાઓ સાથે સૌને 'સ્નેહ ભોજન' લઈને જ જવા માટે જણાવ્યું.
- સમારોહમાં ઉપસ્થિત સૌ પરિવારજનો, સ્નેહીજનો અને સંસ્થાઓએ ડૉ. ચંદ્રિકાબહેનને ભાવસભર હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.
- સમારોહમાં ઉપસ્થિત સૌએ સ્નેહ ભોજનનો આનંદથી આસ્વાદ માણ્યો.
- સમગ્ર સમારોહનું સુચારુ સંચાલન ડૉ. શૈલજા ધ્રુવ (ચંદ્રિકાબહેનનાં પરમ મિત્ર)એ કર્યું.

વિશેષ : રાવલ પરિવાર યોજિત ડૉ. ચંદ્રિકા રાવલ) નિવૃત્તિ શુભેચ્છા સમારોહ સ્મૃતિ રૂપે આમંત્રિતોને રાવલ પરિવાર તરફથી આણંદની કૃષિ યુનિવર્સિટીથી આયાત કરેલ ઑર્ગેનિક 'તુલસીનો છોડ' પ્રતિભેટ રૂપે આપવામાં આવ્યો.

યજમાન અને ઉપસ્થિત સુજ્ઞજનોના પારસ્પરિક સ્નેહભાવથી સમગ્ર સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો.

## અભિનંદન

## "પ્રોફેસર, શ્રી વિદ્યુતભાઈ જોષીને લાઈફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ"

ભારત અને ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી ડૉ.પ્રોફેસર, વિદ્યુતભાઈ જોષી(પૂર્વકુલપતિશ્રી,એમ.કે. ભાવનગર યુનિ.)ને સમાજશાસ્ત્ર વિષય અને વ્યવસાયના વિકાસમાં તેમજ વિષયને એપ્લાય કરી સમાજજીવનની ગુણવત્તા વધારવા માટે આપેલા શ્રેષ્ઠ યોગદાન બદલ ઑલ ઇન્ડિયા સોશિયોલૉજિકલ સોસાયટી દ્વારા વર્ષ- ૨૦૨૧ નો લાઈફટાઇમ એચીવમેન્ટ ઍવૉર્ડ આપવામાં આવ્યો છે. જેથી ગુજરાતના વિદ્વાનોનું અને ગુજરાતમાં સમાજશાસ્ત્ર વિષયનું ગૌરવ વધ્યું છે. શ્રી ડૉ.વિદ્યુતભાઈને લાઈફટાઇમ એચિવમેન્ટ ઍવૉર્ડ મેળવવા બદલ સમાજકારણ તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.

પ્રોફેસર વિદ્યુતભાઈ જોશીએ સારી સમાજવ્યવસ્થા લાવવાના ઉદ્દેશથી સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો. તેઓ ગુજરાત યુનિ.માં બી.એ.(૧૯૬૬) અને એમ.એ.(૧૯૬૮) સમાજશાસ્ત્ર વિષયમાં પ્રથમ હતા. અને આ યુનિ.ના (૧૯૬૬-૬૮ સમય દરમિયાન) નૅશનલ સ્કૉલર હતા. શિક્ષણ પૂરું કર્યા પછી તેઓ સુરતમાં દક્ષિણ ગુજરાત યુનિ,ના સમાજશાસ્ત્ર વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. તેઓએ પીએચ.ડી. ડૉ. આઈ. પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ "આદિવાસી શિક્ષણમાં આશ્રમશાળાઓની ભૂમિકા" વિષય પર કર્યું.૧૯૮૦માં તેઓ સુરતના સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીમાં ફેલો તરીકે જોડાયા. તદ્ઉપરાંત તેઓએ પુનર્વસન અને પુનર્વ્યવસ્થાનો અભ્યાસ ક્ર્યો. તદ્ઉપરાંત તેઓએ પહેલાં ટ્રસ્ટી અને પછી 'નર્મદા અભિયાનના 'પ્રમુખ તરીકે વિસ્થાપીતોને સફળ રીતે પુનર્વસવાટ કરાવવામા સક્રિય યોગદાન આપ્યું.

૧૯૮૪માં તેઓ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન,અમદવાદમાં પ્રોફેસર તરીકે જોડાયા. જ્યાં તેઓએ પોઉલો ફ્રેઈરેની લાઇન-પ્રયુક્તિ દ્વારા અસંગઠિત કામદારોને સંગઠિત કરવાની શરૂઆત કરી. જે "ગ્રામીણ શ્રમિક શિબિર" તરીકે પ્રચલિત થઈ. ૧૯૯૫મા તેઓ એમ.કે.ભાવનગર યુનિ.માં કુલપતિ બન્યા. અને ૨૦૦૦માં તેઓ સેન્ટર ફૉર સોશિયલ સ્ટડી, સુરતમાં નિયામક બન્યા. ૨૦૦૪માં અમદાવાદ પાછા આવ્યા ત્યારે પ્રથમ એલ. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીમાં નિયામક બન્યા અને પછી ચીમનભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ એન્ડ રીસર્ચમાં નિયામક બન્યા. ૨૦૧૦માં મહાત્મા ગાંધી સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠમાં એમિરેટસ પ્રોફેસર તરીકે જોડાયા. તેઓ સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિકસ ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદવાદ માં મુલાકાતી પ્રોફેસર પણ હતા તેઓ પોતે સતત કાર્યશીલ રહી શૈક્ષણિક અને વહીવટીક્ષેત્રમાં પ્રદાન કર્યું. તેઓ હાલમાં ગુજરાત વિદ્યાપીઠના ઇન્સ્ટિટ્યૂટ ફૉર ઇક્વિટી ઍન્ડ ડેવલપમેન્ટના માનદ નિયામકશ્રી છે.

પ્રોફેસર વિદ્યુતભાઈ જોષી સર્જનશીલ લેખક છે. તેઓએ ૩૩ પુસ્તકો લખ્યાં છે. જેમાં ૧૩ અંગ્રેજીમાં અને બાકી ગુજરાતી ભાષામાં છે. વિવિધ જર્નલમાં તેઓના ૧૦૦થી વધુ શૈક્ષણિક શોધપત્ર પ્રગટ થયા છે. તેઓ પ્રસિદ્ધ કૉલમ લેખક પણ છે, તેઓએ છેલ્લા ૩૫ વર્ષમાં વિવિધ અગ્રણી અખબારમાં ૨૫૦૦ જેટલી કૉલમ લખી છે. પ્રોફેસર વિદ્યુતભાઈ ILO.UNESCO,WORLD BANKમાં રિસર્ચ કન્સલ્ટન્ટ પણ હતા. તેઓએ શૈક્ષણિક ઉદ્દેશથી ઘણાબધા દેશોનો પ્રવાસ પણ કર્યો છે. તેઓમાં ભાગ્યે જ જોવા મળતી શૈક્ષણિક ઉત્કૃષ્ટતા સાથે વહીવટી કાર્યદક્ષતાનો સંયોગ જોવા મળે છે. સંસ્થા ઊભી કરવામાં અને શૈક્ષણિક સંસ્કૃતિ સ્થાપિત કરવામાં તેમની હકારાત્મકતા અને કાળજીપૂર્વક જતન તેમજ લાગણીશીલ અભિગમ હંમેશાં બધાને મદદરૂપ બન્યો છે. આવા કર્મઠ શ્રી વિદ્યુતભાઈને કોટી કોટી અભિનંદન ....

— સંપાદક : **ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**(ટાઈટલ પેજ - ૪ નું ચાલુ)**

- સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.
- સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે. તેમનાં નિર્ણય બાદ લેખ છપાય છે.
- સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોનનંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
  શ્રી ગૌરાંગભાઈ શાહ મો. 98256 15049
- જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો—સમાચાર—પ્રવૃત્તિ—નોંધ મોકલી દેવા વિનંતી છે.
- સાથે અહીં આપેલ પ્રમાણપત્ર લેખકે અવશ્ય ભરીને મોકલવું.

---

## ગુજરાત સમાજિક સેવા મંડળ

શ્રી હ. કા. આટ્‌ર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

### લેખક દ્વારા પ્રમાણપત્ર

આથી હું/અમે ........................................................ જાહેર કરીએ છીએ કે, પ્રસ્તુત પેપર ............................માં સંબંધિત માહિતી અમારા અભ્યાસ આધારિત છે. જ્યાં પણ ગૌણ માહિતી લીધી છે તેનો સ્રોત દર્શાવ્યો છે. આ લેખ અન્યત્ર પ્રકાશિત કરવામાં આવ્યો નથી. પ્રકાશન માટે નિયમાનુસાર સાહિત્યની ચોરીથી મુક્ત છે. આ અંગેના લખાણોમાં શૈક્ષણિક કે બૌદ્ધિક માહિતીની ચોરી કે ખોટું લખવું એ નૈતિક ગુનો છે. એવું જાહેર કરી આપના નિયમાનુસાર પ્રકાશિત કરવાની સત્તા આપવાની ઘોષણા કરીએ છીએ.

આભાર સહ,

**સહી**

---

**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

## સમાજકારણમાં સંશોધન લેખ લખી મોકલવા માટે અગત્યની સૂચના

**ખાસ નોંધ : લેખ મોકલતા પહેલાં સમાજકારણના આજીવન સભ્ય બનવું જરૂરી છે.**

**પેપરનું માળખું જેમાં...**

**પહેલા પાના પર...**

(1) લેખનું શીર્ષક (2) લેખક/લેખકોનાં પુરાં નામ (3) લેખક/લેખકોનો હોદ્દો (4) કૉલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ અને સરનામું (5) ઈમેલ આઈડી (6) મોબાઈલ નંબર (7) સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર

**બીજા પાના પરથી શરૂ કરી...**

(1) લેખનું શીર્ષક (2) લેખકનું નામ (3) (Abstract) સારાંશ (૨૫૦ શબ્દોમાં) જેમાં સંશોધનનો વિષય, હેતુઓ, પ્રશ્નો અભ્યાસ પદ્ધતિ અને મુખ્ય તારણોનો ઉલ્લેખ આવી જવો જોઈએ. (4) (Key-words) ચાવીરૂપ શબ્દો ત્રણથી ચાર (5) પ્રસ્તાવના (6) અભ્યાસ પદ્ધતિ (7) સૈદ્ધાંતિક મુદ્દાઓ - ચર્ચા - વિશ્લેષણ (8) તારણો - નિષ્કર્ષ અને સૂચનો (9) સંદર્ભસૂચિ સાથે લેખ સંપન્ન કરવો.

- આપનો લેખ APA style-6 અથવા 7 મુજબ લખવો જરૂરી છે. આપનાં લેખમાં ૩૦૦૦ શબ્દોથી વધુ શબ્દો હશે તો સ્વીકારવામાં આવશે નહીં.
- વિશેષમાં લેખનમાં ભાષાશુદ્ધિની કાળજી લેખકે લેવી આવશ્યક છે.
- આપનું સંશોધન લેખના ફોન્ટઃ બી-ભારતી ફક્ત ગોપિકા-૨, ફોન્ટ ૧૨ અથવા યુનિકોડ ફોન્ટ, ટાઈમ્સ રોમન-૧૨ મુજબ ટાઈપ કરવું.
- કાગળની નીચે જમણી બાજુએ પાના નંબર લખવા.
- સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(અનુસંધાન ટાઈટલ પેજ-૩ પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**

**વર્ષ : 16, જાન્યુઆરી 2022, અંક : 1**

**ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-380009